gujaratvandan.com



શનાયા કપૂર હવે 'વૃષભ'થી ફિલ્મોમાં એન્ટ્રી કરશે

પેજ 11

રવિવાર, 09 જુલાઈ 2023

નિડર, નિષ્પક્ષ અને વિશ્વસનીય

# ગુજરાત વંદન સાપ્તાહિક

અષાઢ વદ-07, વિક્રમ સંવત 2079 | કિંમત : રૂ. 5 | વાર્ષિક : રૂ. 260 | વર્ષ : 07 | અંક : 09 | RNI No. GUJGUJ/2016/68288 | કુલ પાનાં : 12

**સુવિચાર**
''લખાણ'' ખોટુ હશે તો સુધારી લેવાશે પણ ''લખાણ'' ખોટા હોય એને સુધારી શકાતો નથી...

### વિધાનસભા ચૂંટણીઓ વખતે પણ કાર્યકરોની હત્યા, બોમ્બ ધડાકા, ગોળીબાર અને આગજનીની ઘટનાઓ બની હતી

# બંગાળમાં સ્થાનિક ચૂંટણીઓ લોહીયાળ, 12ના મોત

### સત્તાપક્ષ ટીએમસી, વિપક્ષ ભાજપ, કોંગ્રેસ અને સામ્યવાદીઓના કાર્યકરો ભોગ બન્યા, એક બીજા પર દોષારોપણ

ગુજરાત | વંદન

વિધાનસભા ચૂંટણીઓની જે પશ્ચિમ બંગાળમાં આજે યોજાયેલી 9 હજાર કરતા વધુ ગ્રામ પંચાયતોની 74 હજાર બેઠકો માટેની સ્થાનીક ચૂંટણીઓ લોહીયાળ પુરવાર થઈ છે. મતદાનના શુરૂઆતના કલાકોમાં કેટલા ટકા મતદાનને બદલે કેટલા લોકો માર્યા ગયા તેના આંકડા જાહેર થતા હતા. જેમ કે મતદાનના એક કલાકમાં 5 લોકોના મોત થયા હતા તો ત્રણ કલાકમાં 7 કરતા વધુના મોત નોંધાયા હતા. પંચાયતની ચૂંટણીઓ જાહેર થયા બાદ અત્યાર સુધીમાં 22 હિંસામાં ભોગ બન્યા છે. ભાજપે પંચાયતની ચૂંટણીમાં સત્તાપક્ષ ટીએમસી અને મુખ્યમંત્રી મમતા બેનર્જી સામે હિંસા આચરવાનું, બૂથ કેપચરિંગ, ટીએમસીના કાર્યકરો દ્વારા બોમ્બ ધડાકા, ખંજરબાજી, આગજની અને મારામારીના આક્ષેપો લગાવ્યા હતા. બંગાળમાં એવું પહેલીવાર થયું કે, સ્થાનિક ચૂંટણીઓને પાર પાડવા કેન્દ્રીય સુરક્ષા દળોની ટુકડીઓ તૈનાત કરવી પડી હતી. કેમકે, સ્થાનિક કોર્ટે પર હિંસાની ...અનુસંધાન પાના નં. 06

### CPIMના કાર્યકરોએ રાજ્યપાલને રોક્યા

ઉત્તર 24 પરગણાના બાસુદેબપુરમાં મતદાન મથક પર જતા સમયે, રાજ્યપાલ સીવી આનંદ બોઝને સીપીઆઈએમના કેટલાક ઉમેદવારોએ રોક્યા જેમણે તેમને તેમની સમસ્યા જણાવી હતી.

### કેન્દ્રીય દળોના 65 હજાર જવાનોની તૈનાતી વચ્ચે હિંસા







### કોણ-કોણ હિંસાનો ભોગ બન્યા

પશ્ચિમ બંગાળમાં પંચાયત ચૂંટણી પહેલા અથડામણમાં વધુ 7 રાજકીય કાર્યકરોના મોત થયા છે. કૂચબિહારના તુફાનગંજમાં મોડી રાત્રે ટીએમસી કાર્યકરની હત્યા કરવામાં આવી હતી. ટીએમસીએ ભાજપ પર આરોપ લગાવ્યો છે. આ પછી કૂચ બિહારમાં જ બીજેપી કાર્યકર માધવ વિશ્વાસની પણ ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. તે જ સમયે, મુર્શિદાબાદના બેલડાંગામાં ટીએમસી સમર્થકની હત્યા કરવામાં આવી હતી. બીજી તરફ મુર્શિદાબાદના ખારગ્રામમાં ટીએમસી કાર્યકર સબીરુદ્દીનની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. સબીરુદ્દીન પર કોંગ્રેસ કાર્યકરની હત્યાનો પણ આરોપ છે. ઉત્તર ચોવીસ પરગણામાં એક અપક્ષ ઉમેદવારના સમર્થકની હત્યા કરવામાં આવી હતી.

### બૂથ એજન્ટની હત્યા બાદ રસ્તા પર પ્રદર્શન

ઉત્તર 24 પરગણા જિલ્લાના પીરગાચા ખાતે અપક્ષ ઉમેદવારના બૂથ એજન્ટ અબ્દુલ્લાની હત્યા કરવામાં આવી હતી. ગ્રામજનોએ આરોપીઓની ધરપકડની માંગ સાથે વિરોધ પ્રદર્શન કર્યું અને આરોપ લગાવ્યો કે હત્યા પાછળ ટીએમસી ઉમેદવાર મુન્ના બીબીના પતિનો હાથ છે. પોલીસ કર્મચારીઓ સ્થળ પર હાજર છે.

### TMCનો વળતો આક્ષેપ

પશ્ચિમ બંગાળના મંત્રી શશિ પંજાએ કહ્યું, "પશ્ચિમ બંગાળમાં પંચાયત ચૂંટણીની શરૂઆતની એક રાત પહેલા, આઘાતજનક અને દુઃખદ ઘટનાઓ સામે આવી છે. ભાજપ, સીપીઆઈએમ અને કોંગ્રેસે સાથે મળીને કેન્દ્રીય દળોની માંગ કરી હતી. ક્યાં છે તૈનાત? કેન્દ્રીય દળો કેમ નિષ્ફળ ગયા? નાગરિકોની સુરક્ષા માટે?

## રાહુલ ગાંધી અચાનક ખેતરોમાં પહોંચી ખેડૂત બન્યા, ટ્રેક્ટર હંકારી ખેતી કરી



કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી આજે સવારે દિલ્હીથી શિમલા માટે રવાના થયા હતા. આ દરમ્યાન જ્યારે તેઓ હરિયાણાના સોનીપત પહોંચ્યા તો, ત્યાં અચાનક ખેતરોમાં આવી પહોંચ્યા. રાહુલ ગાંધી મદીનામાં પહેલા ટ્રેક્ટરથી ખેતી કરવા. ત્યાર બાદ તેમણે ખેડૂતો સાથે મળીને ધાનની રોપણી પણ કરી હતી. આ દરમ્યાન ખેડૂતો સાથે તેમણે વાતચીત કરી અને તેમની સમસ્યા જાણવાની કોશિશ કરી હતી. રાહુલ ગાંધી થોડા સમય પહેલા દિલ્હી વિશ્વવિદ્યાલયના હોસ્ટેલ પહોંચ્યા હતા અને ત્યાં દિલ્હીના મુખર્જી નગર વિસ્તારમાં યૂપીએસસીના તૈયારી કરી રહેલા વિદ્યાર્થીઓ સાથે મુલાકાત લીધી હતી.


## ન્યૂઝ બ્રિફ

### ચંદ્રયાન-3 ઉડાનમાં આમજન પણ સાક્ષી બની શકશે: ઈસરોનું આમંત્રણ



ભારતીય અંતરીક્ષ અનુસંધાન સંગઠન (ઈસરો)એ ચંદ્રયાન-3 ની ઉડાનના સાક્ષી બનવા માટે આમજનને પણ આમંત્રીત કર્યા છે જેમાં આમજન રજીસ્ટ્રેશન https//ivg.shar.gov.in/VSCREGISTRATIO પર કરાવી શકે છે. આમજન સતીષ ધવન અંતરીક્ષ કેન્દ્ર શ્રી હરિકોટામાં લોંચ વ્યુ ગેલેરીમાં ચંદ્રયાન-3 ને લોંચ થતુ જોઈ શકશે. અગાઉ ઈસરોનાં પ્રમુખ એસ.સોમનાથે જાહેરાત કરી હતી કે 14 જુલાઈએ બપોરે 2-30 વાગ્યે ચંદ્રયાન-3 લોંચ થશે.જો બધું સમુસુતરૂ પાર પડયુ તો 23 કે 24 ઓગસ્ટ તેનું લેન્ડર ચંદ્રની સપાટી પર ઉતરો. આ ચંદ્રયાન-3 ચંદ્રયાન-2 નો વિસ્તાર છે.ત્યારે અંતિમ ક્ષણોમાં ચંદ્રની સપાટી પર ક્રેશ થઈ ગયુ હતું.

### અનુપમ ખેર ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોરના રોલમાં જોવા મળશે



બોલિવૂડ એક્ટર અનુપમ ખેર આજે કોઈ પરિચય પર નિર્ભર નથી. અભિનેતાએ તેની કારકિર્દીમાં એકથી વધુ હિટ ફિલ્મો આપી છે. ચાહકો હજુ પણ અનુપમ ખેરને સ્ક્રીન પર જોવા માંગે છે. અભિનેતાએ અત્યાર સુધીમાં 500 થી વધુ ફિલ્મો કરી છે અને ફિલ્મોની આ શ્રેણી હજુ પણ ચાલુ છે. હાલમાં જ અનુપમ ખેરે પોતાની નવી ફિલ્મની સત્તાવાર જાહેરાત કરી છે. આ ફિલ્મમાં અભિનેતા નવા પાત્રમાં જોવા મળશે.

### કર્ણાટક વિધાનસભાની સુરક્ષામાં ગંભીર ચૂક, અજાણ્યો વ્યક્તિ અંદર ઘુસ્યો



કર્ણાટક વિધાનસભામાં નવી ચૂંટાયેલી સરકાર તેનું બજેટ રજૂ કરી રહી હતી, આ દરમિયાન એક ઘટનાએ વિધાનસભાની સુરક્ષા વ્યવસ્થા પર સવાલો ઉભા કરી દીધા હતા. મુખ્યમંત્રી સિદ્ધારમૈયા શુક્રવારે વિધાનસભામાં બજેટ રજૂ કરી રહ્યા હતા, તે દરમિયાન એક અજાણ્યો અને અનધિકૃત વ્યક્તિ ધારાસભ્યની સીટ પર બેઠેલો જોવા મળ્યો હતો. તે 15 મિનિટ સુધી ખુરશી પર બેઠો હતો. જોકે બાદમાં તેની ધરપકડ કરવામાં આવી હતી.

### વાંકી નજરે...

સૌજન્યથી...




### દેશભરમાં વરસાદથી હાહાકાર

# આગામી 5 દિવસ ભારે, અનેક રાજ્યોમાં યલો, ઓરેન્જ એલર્ટ

ગુજરાત | વંદન



શના ઘણા ભાગોમાં ભારે વરસાદને કારણે પૂર જેવી સ્થિતિ છે. યુપી, એમપી, ગુજરાત, હરિયાણાના અનેક જિલ્લાઓમાં જનજીવન અસ્તવ્યસ્ત છે. વરસાદને કારણે ક્યાંક રસ્તાઓ પાણીમાં ડૂબી ગયા છે તો ઘણી જગ્યાએ લોકો ઘરોમાં ફસાઈ ગયા છે. હવામાન વિભાગે આગામી ચારથી પાંચ દિવસ ઉત્તર ભારતમાં ભારે વરસાદની આગાહી કરી છે. ઘણા રાજ્યોમાં વરસાદને કારણે યલો અને ઓરેન્જ એલર્ટ જારી કરવામાં આવ્યું છે. આ સાથે લોકોને સાવધાન રહેવાની પણ ચેતવણી આપવામાં આવી છે.

IMD અનુસાર, જમ્મુ, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, પંજાબ, હરિયાણા અને પશ્ચિમ ઉત્તર પ્રદેશમાં 8 થી 9 જુલાઈ સુધી ભારે વરસાદની ચેતવણી છે. આ સિવાય કેરળના કેટલાક જિલ્લાઓમાં યલો એલર્ટ જારી કરવામાં આવ્યું છે. રાજ્યના મલપ્પુરમ, કોઝિકોડ, વાયનાડ, કન્નુર અને કાસરગોડ જિલ્લામાં યલો એલર્ટ જારી કરવામાં આવ્યું છે.

ગુજરાતમાં પણ ભારે વરસાદની સંભાવના છે. અરુણાચલ પ્રદેશ, સિક્કિમ, આસામ, મેઘાલય, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ, ત્રિપુરા, ઉપ-હિમાલયન પશ્ચિમ બંગાળ, ઉત્તરાખંડ, પંજાબ, હરિયાણા, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, કોંકણ અને કેરળમાં વાવાઝોડું, વીજળી અને ભારે વરસાદની સંભાવના છે. મહારાષ્ટ્રમાં પણ આવું જ છે. જેના કારણે હવામાન વિભાગે ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે.

રાષ્ટ્રીય રાજધાનીમાં પણ ભારે વરસાદ પડી રહ્યો છે. વિભાગે દિલ્હી અને આસપાસના વિસ્તારોમાં મોટા ભાગના સ્થળોએ મધ્યમથી ભારે વરસાદ અને 30-50 કિમી/કલાકની ઝડપે પવન ફૂંકાવાની આગાહી કરી છે. દિલ્હીમાં શનિવારે (8 જુલાઈ) મહત્તમ તાપમાન 32 ડિગ્રી સેલ્સિયસ અને લઘુત્તમ તાપમાન 26 ડિગ્રી સેલ્સિયસ રહેવાની ધારણા છે. આ સિવાય કર્ણાટક, બિહાર, ઝારખંડ, છત્તીસગઢ, ઓડિશા અને આંદામાન-નિકોબાર ટાપુઓમાં ભારે વરસાદ અને વાવાઝોડાની ...અનુસંધાન પાના નં. 06

## હરિયાણા: રોડવેઝ બસ અને ક્રુઝરની ટક્કરમાં 8 લોકોના મોત; 9 ઘાયલ



ગુજરાત | વંદન

હરિયાણાના જીંદમાં ઈગારહ ગામ પાસે શનિવારે એક ભયાનક માર્ગ અકસ્માત થયો હતો. જીંદ-ભિવાની રૂટ પર રોડવેઝની બસ અને ક્રુઝર વચ્ચે ટક્કર થઈ હતી. આ અકસ્માતમાં 8 લોકોના મોત થયા હતા. જ્યારે 9 લોકો ઘાયલ થયા છે. બે મૃતદેહોને પોલીસ સ્ટેશને લઈ જવામાં આવ્યા છે.

મળતી માહિતી મુજબ ક્રુઝર ભિવાનીના મુધલથી સવારી ભરીને જીંદ આવી રહ્યું હતું, જ્યારે રોડવેઝની બસ જીંદથી ભિવાની જઈ રહી હતી. આ દરમિયાનમાં બન્નેની વચ્ચે જોરદાર ટક્કર થયુ હતું. જેના કારણે ભારે તંગદિલી માહોલ છવાઈ ગયો. ઘટનાના કારણે ...અનુસંધાન પાના નં. 06

# આજે ભારત વિશ્વની 5મી સૌથી મોટી આર્થિક શક્તિ છે: PM મોદી

■ તેલંગાણાના વારંગલમાં 6,000 કરોડ રૂપિયાના વિવિધ વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન કર્યું

ગુજરાત | વંદન

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે (8 જુલાઈ) તેલંગાણાના વારંગલમાં 6,000 કરોડ રૂપિયાના વિવિધ વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન કર્યું. આ દરમિયાન પીએમ મોદીએ કહ્યું, તેલંગાણાના લોકોની તાકાતથી હંમેશા ભારતની તાકાત વધી છે. આજે જ્યારે ભારત વિશ્વની 5મી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની ગયું છે ત્યારે તેલંગાણાના લોકોની તેમાં મોટી ભૂમિકા છે.

પીએમ મોદીએ કહ્યું, આવી સ્થિતિમાં જ્યારે સમગ્ર વિશ્વ ભારતમાં રોકાણ કરવા આવી રહ્યું છે, ત્યારે તેલંગાણાની સામે તકો છે. તેમણે કહ્યું, આજનો ભારત નવું ભારત છે. ઘણી બધી ઉર્જાથી ભરપૂર. 21મી સદીના આ ત્રીજા દાયકામાં એક સુવર્ણકાળ આપણી સામે આવ્યો છે. આપણે આ તકની દરેક ક્ષણનો ભરપૂર ઉપયોગ કરવાનો છે. ઝડપી વિકાસની સંભાવનામાં દેશનો કોઈ ખૂણો પાછળ ન રહેવો જોઈએ.

### ગડકરીએ પીએમ મોદીના વખાણ કર્યા



આ કાર્યક્રમમાં હાજર રહેલા કેન્દ્રીય રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવે મંત્રી નીતિન ગડકરીએ કહ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં આ 9 વર્ષની ખાસિયત એ છે કે તેમણે ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસને વધુ પ્રાધાન્ય આપ્યું. ગડકરીએ કહ્યું, હું ખૂબ જ ખુશ છું કે તેલંગાણામાં અત્યાર સુધીમાં 1 લાખ 10 હજાર કરોડ રૂપિયાની યોજનાઓમાંથી કેટલીક પૂર્ણ થઈ છે, કેટલીક ચાલુ છે અને કેટલીક શરૂ થઈ છે. મને વિશ્વાસ છે કે 2024ના અંત પહેલા અમે તેલંગાણામાં 2 લાખ કરોડ રૂપિયાનું રોકાણ કરીશું. અમે તેલંગાણાના રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને ઘણી સારી ગુણવત્તા બનાવીશું.

## ટેક્સાસમાં ફાયરિંગ કરી 23 લોકોની હત્યા કરનાર ને 90 વર્ષની સજા

ગુજરાત | વંદન

અમેરિકામાં ફાયરિંગની ઘટનાઓ સતત જોવા મળી રહી છે. લાખો પ્રયાસો બાદ પણ આજ સુધી આવી ઘટનાઓ પર અંકુશ નથી આવ્યો. જો કે સરકાર આવી ઘટનાઓને અંજામ આપનારાઓ સામે કડક કાર્યવાહી કરી રહી છે. તાજેતરનો મામલો ટેક્સાસ સાથે સંબંધિત છે જ્યાં વોલમાર્ટમાં 23 લોકોની હત્યા કરનાર વ્યક્તિને 90 વર્ષની સજા ફટકારવામાં આવી છે.એક રિપોર્ટ પ્રમાણે દોષિત વ્યક્તિએ વર્ષ 2019માં અલ પાસોમાં સામૂહિક ગોળીબારની ઘટનાને અંજામ આપ્યો હતો. ત્યારબાદ તેણે વોલમાર્ટની અંદર અંધાધૂંધ ફાયરિંગ કરીને 23 લોકોને નિશાન બનાવ્યા. દોષિત યુવકની ઓળખ પેટ્રિક ક્રુસિયસ તરીકે થઈ છે જેને આ વર્ષની શરૂઆતમાં દોષિત ઠેરવવામાં આવ્યો હતો. હવે આ વ્યક્તિને 90 વર્ષની સજા ફટકારવામાં આવી છે. જો કે, પેટ્રિકને વધુ સજા તરીકે મૃત્યુદંડનો પણ સામનો કરવો પડી શકે છે.

### ભારતના વિદેશી મુદ્રા ભંડારમાં વધારો

## ફોરેક્સ રિઝર્વ 1.9 બિલિયન ડોલરથી વધીને 595.1 બિલિયન ડોલર થયું

ગુજરાત | વંદન

ભારતના ફોરેક્સ રિઝર્વમાં ફરી એકવાર વધારો જોવા મળ્યો છે. 30 જૂન, 2023 ના રોજ પૂરા થયેલા સપ્તાહમાં, વિદેશી વિનિમય અનામત 1.85 બિલિયન ડોલરથી વધીને 595.05 બિલિયન ડોલર થયું છે, જે અગાઉના સપ્તાહમાં 593.2 બિલિયન ડોલર હતું.

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા અનુસાર, વિદેશી મુદ્રા 595.05 બિલિયન ડોલર પર પહોંચી ગઈ છે, જે ગયા સપ્તાહે 593.2 બિલિયન ડોલર હતી. આરબીઆઈના ડેટા અનુસાર, ફોરેન કરન્સી એસેટ્સમાં 2.53 બિલિયન ડોલરના ઉછાળા સાથે 527.79 બિલિયન ડોલર થઈ ગઈ છે. જોકે, આ સમયગાળા દરમિયાન સોનાના ભંડારમાં ઘટાડો જોવા મળ્યો છે. સોનાનો ભંડાર 472 મિલિયન ડોલરના ઘટાડા સાથે 43.83 બિલિયન ડોલર પર આવી ગયો છે. RBI અનુસાર, IMF પાસેના રિઝર્વમાં 118 મિલિયન ડોલરનો ઘટાડો થયો છે અને તે ઘટીને 5 બિલિયન ડોલર થઈ ગયું છે. ભારતમાં વિદેશી હૂંડિયામણનું અત્યાર સુધીનું સર્વોચ્ચ સ્તર ઑક્ટોબર 2021માં જોવા મળ્યું હતું જ્યારે વિદેશી વિનિમય અનામત 645 બિલિયન ડોલર પર પહોંચી ગયું હતું. પરંતુ ત્યારપછી RBIએ રૂપિયાને ટેકો આપવા માટે ડોલર વેચવા પડ્યા હતા, જેના કારણે વિદેશી મુદ્રા ભંડારમાં ઘટાડો થયો હતો.આમ ભારતના અર્થતંત્રને વેગ મળી રહ્યો છે.

# અમેરિકા યુક્રેનને 100 દેશો દ્વારા પ્રતિબંધિત કલસ્ટર હથિયારો પૂરાં પાડશે

■ રશિયા-યુક્રેન વચ્ચેનું યુદ્ધ ભડકશે!

ગુજરાત | વંદન



રશિયા-યુક્રેન વિવાદ પર અમેરિકાના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકારે જાહેરાત કરી હતી કે યુક્રેનને સૈન્ય સહાય પેકેજના ભાગરૂપે અમેરિકા ક્લસ્ટર હથિયારો મોકલશે. અમે આ સંઘર્ષની સ્થિતિમાં યુક્રેનને લાચાર નહીં છોડીએ. જોકે 100 દેશો દ્વારા ક્લસ્ટર હથિયારો પર પ્રતિબંધ મૂકાયો છે.

બાયડેન સરકાર મહિનાઓથી ચર્ચા કરી રહી છે કે શું યુક્રેનને અમેરિકી સહયોગી સહિત 100 દેશોમાં પ્રતિબંધિત હથિયારો પૂરા પાડવામાં આવે કે નહીં? શુક્રવારે અમેરિકાના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર જેક સુલિવાને કહ્યું કે હું એમ નથી કહી રહ્યો કે આ સરળ છે. આ એક અઘરો નિર્ણય છે. અમે ઘણા પાસાઓ પર ચર્ચા કરી. આ પછી આ વ્યૂહરચના પર આગળ વધ્યાં.

તેમણે કહ્યું કે અમે આ સંઘર્ષમાં યુક્રેનને લાચાર નહીં છોડીએ. રશિયા શરૂઆતથી જ યુક્રેન પર ક્લસ્ટર હથિયારોથી હુમલો કરી રહ્યું છે. યુક્રેન તેના સંરક્ષણ માટે ક્લસ્ટર હથિયારોની વિનંતી કરી રહ્યું છે. અમે યુક્રેનને ઓછી કિંમતે હથિયારો પ્રદાન કરીશું. યુક્રેન તેનો ઉપયોગ દેશ અને તેના નાગરિકોની સુરક્ષા માટે જ કરશે. જો કે, યુક્રેન હાલમાં તેના શસ્ત્રોનો ઉપયોગ એવી રીતે કરી રહ્યું છે કે તેના નાગરિકોને ઓછામાં ઓછું નુકસાન થાય.

CALIFORNIA STATE UNIVERSITY SAN BERNARDINO
AHMEDABAD MANAGEMENT ASSOCIATION ®
ADMISSIONS OPEN
SIX MONTHS POST GRADUATE DIPLOMA IN MANAGEMENT
(A Joint Initiative with California State University)
(Batch : July - December 2023)
1. International Business Management
2. Marketing and Sales Management
3. Advertising & Brand Management
4. Financial Management
5. Human Resource Management
6. Healthcare & Hospital Management
7. Banking*
8. Digital Marketing*
Timing: 7.00 PM to 9.00 PM | Days : Two days in a week
Hybrid Mode: Interactive Sessions from AMA Campus / Live Online
For Regn., contact: Ahmedabad Management Association, ATIRA Campus, Vastrapur, Ahmedabad-380015. (M): 9537407187 • (W): www.amaindia.org
(E): amadiploma@amaindia.org
* Certificate by AMA only.

# પ્રવર્તમાન બાળમૃત્યુ દર ન્યુનતમ કરવા સરકારે તૈયાર કર્યો રોડમેપ: આરોગ્યમંત્રી

ગુજરાત | વંદન

આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલ દ્વારા સમયાંતરે આરોગ્ય વિભાગના અધિકારીઓ સાથે ગાંધીનગર ખાતે આરોગ્યલક્ષી મુદ્દે સમીક્ષા બેઠક યોજવામાં આવે છે.

બેઠકમાં થયેલ ચર્ચા અને અપાયેલ સૂચનાનું ફોલો-અપ આગામી બેઠકમાં કરાય છે. જેના ભાગરૂપે મંત્રીએ સમીક્ષા બેઠક યોજીને વિભાગની કામગીરી , પડતર પ્રશ્નો , ભાવી આયોજન સંદર્ભે સર્વગ્રાહી સમીક્ષા હાથ ધરી હતી.

આ બેઠકમાં રાજ્યની સરકારી અને જી.એમ.ઇ.આર. એસ. મેડિકલ કૉલેજમાં UG,PG,CPSની પ્રવર્તમાન બેઠકોની સમીક્ષા કરીને પ્રોજકશન



અને મેપીંગ તૈયાર કરવામાં આવ્યું હતુ. મંત્રીએ તબીબો માટેની ઈન્સેન્ટીવ પોલીસીની પણ આ બેઠકમાં વિગતવાર સમીક્ષા હાથ ધરી હતી. મંત્રીએ આ બેઠક સંદર્ભે વધુમાં કહ્યું કે, રાજ્યમાં કુપોષણને ડામવા અને તેનું પ્રમાણ ઘટાડવા માટે તાજેતરમાં ચિંતન શિબીરમાં પણ મંથન કરવામાં આવ્યું હતુ. જેનો રોડમેપ રાજ્ય સરકાર દ્વારા તૈયાર કરવામાં આવ્યો છે. રાજ્યમાં પ્રવર્તમાન બાળમૃત્યુ દર ન્યુનતમ કરવા માટે રાજ્યમાં SNCU(special new born care units)ની સંખ્યા વધારીને સારસંભાળને વધું ગુણવત્તાયુક્ત બનાવવાની દિશામાં પણ તૈયારીઓ આરંભી દેવામાં આવી છે. ૧૧ મી જુલાઇ ૨૦૨૩ થી પ્રધાનમંત્રી જન આરોગ્ય- મા યોજના અંતર્ગત અપાતી રૂ. ૫ લાખના વીમા કવચની રકમ રૂ.૧૦ લાખ થવાની છે ત્યારે આ યોજનામાં પ્રવર્તમાન સ્થિતિ, એમ્પેનલ હોસ્પિટલ સંર્ભે પણ વિગતવાર ચર્ચા હાથ ધરાઇ હતી.


રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા સરકારી અને જી.એમ.ઇ.આર. એસ. મેડિકલ કૉલેજને નજીકના સી.એચ.સી. સેન્ટર સાથે જોડીને આરોગ્ય સેવા, સુવિધાઓને સુદ્રઢ બનાવવાનું આયોજન હાથ ધરવામાં આવ્યું હોવાનું મંત્રીએ જણાવ્યું હતુ.

### અમદાવાદ શહેર પોલીસનો નવતર અભિગમ

## બાળકોમાંથી ભય દૂર કરવા ચાઈલ્ડ ફ્રેન્ડલી પોલીસ સ્ટેશન રૂમનું ગૃહમંત્રીએ કર્યું ઉદ્ધાટન

ગુજરાત | વંદન

અમદાવાદ શહેર પોલીસ દ્વારા એક નવતર પ્રયોગ હાથ



ધરવામાં આવ્યો છે. વિપરીત પરિસ્થિતિમાં ફસાયેલાં બાળકોને બચાવી તેમના માટે સાથે સાનુકૂળ માહોલનું સર્જન કરી ફરી સામાન્ય જીવન ગુજારવામાં મદદરૂપ થવા શહેર પોલીસ દ્વારા પાલડી પોલીસ સ્ટેશન ખાતે માં ફાઉન્ડેશનના સહયોગથી એક ચાઈલ્ડ ફ્રેન્ડલી પોલીસ સ્ટેશન રૂમ તૈયાર કરાયો છે. ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવીએ આજે આ ચાઈલ્ડ ફ્રેન્ડલી પોલીસ સ્ટેશન રૂમનું વર્ચ્યુઅલી ઉદ્ધાટન કર્યું હતું. આ પ્રસંગે ચાઈલ્ડ ફ્રેન્ડલી વિષય પર સ્પેશિયલ ટ્રેનિંગ સેશન કાર્યક્રમ પણ યોજાયો હતો. જેમાં ખાસ કરીને બાળકો માટે સુધારાત્મક અને વિકાસશીલ અભિગમ માટેના સાનુકૂળ વાતાવરણનું સર્જન થાય તે માટે તજજ્ઞો દ્વારા માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકારના માર્ગદર્શન હેઠળ અમદાવાદ શહેર પોલીસ દ્વારા પાલડી પોલીસ સ્ટેશનમાં ચાઈલ્ડ ફ્રેન્ડલી રૂમ તૈયાર કરાયો તે બદલ સમગ્ર શહેર પોલીસને અભિનંદન. હર્ષ સંઘવીએ આ તકે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનો પણ વિશેષ આભાર માન્યો હતો. ગુજરાત પોલીસ માનવીય અભિગમ સાથે સારું કામ કરી રહી છે, એવું હર્ષ સંઘવીએ ઉમેર્યું હતું.


આ પ્રસંગે હર્ષ સંઘવીએ ગુજરાત પોલીસની કામગીરી વિશે વાત કરતા કહ્યું હતું કે, રાજ્ય પોલીસ વિભાગ હાલ પાંચ જેટલા વિષય પર ઉત્તમ કામગીરી કરી રહી છે. જેમાં સૌથી પહેલો વિષય ડ્રગ્સ સામેની લડાઈ. આ વિષય પર તેમણે જણાવ્યું કે, ડ્રગ્સનું દૂષણ નાબૂદ કરવા પોલીસ કટિબદ્ધ છે. બીજો વિષય છે મહિલાઓની સુરક્ષા.

## શાહપુર, રતનપુર, લવારપુર સહિતના 4 ગામોનો સમાવેશ થશે ગિફ્ટી સિટીમાં

■ કોઈ ગ્રામજનોનું સ્થળાંતર નહીં, ગામડાઓ વિસ્તૃત ગિફ્ટ સિટીનો ભાગ બનશે

ગુજરાત | વંદન

ગાંધીનગર આગવી ઓળખ સમાન ગિફ્ટી સિટીમાં કારોબાર વધતા ભવિષ્યની જરૂરીયાતો ધ્યાનમાં રાખી આસપાસના ચાર ગામોને ગિફ્ટ સિટીમાં સમાવી લેવાનું એક મહત્વનું નિર્ણય લેવામાં આવ્યો છે. ગિફ્ટ સીટીના વિસ્તરણ માટે 25,000 ની સંયુક્ત અંદાજિત વસ્તી ધરાવતા શાહપુર, રતનપુર, લવારપુર અને પિરોજપુરના ચાર ગામોને વિસ્તરણ માટે પસંદ કરવામાં આવ્યા હતા, કારણ કે તે GIFT સિટીની નજીકમાં છે. "ત્યાં ગ્રામજનોનું કોઈ સ્થળાંતર થશે નહીં અને ગામડાઓ વિસ્તૃત ગિફ્ટ સિટીનો ભાગ હશે.



ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સ ટેક-સિટી, જે ગિફ્ટ સિટી તરીકે પ્રખ્યાત છે, તે ગુજરાતના ગાંધીનગર જિલ્લાના ચાર ગામોને સમાવીને આશરે 2,300 એકરમાં ફેલાયેલું બનશે. 2007 માં તેની વિભાવના પછી ગિફ્ટ સિટીનું આ પ્રથમ મોટું વિસ્તરણ છે, અને પ્રોજેક્ટ વિસ્તાર 1,065 એકરથી લગભગ 3,365 એકર સુધી વિસ્તરશે, જે તેના વર્તમાન કદ કરતાં ત્રણ ગણુ વધુ છે.ગિફ્ટ સિટીના MD અને CEO તપન રેએ જણાવ્યું હતું કે, "વધતી માંગને કારણે વિસ્તરણની જરૂર છે. ગિફ્ટ સિટીમાં લગભગ 50 ટકા વિસ્તાર ફાળવવામાં આવ્યો છે. બીજું, અમે પેરિફેરલ વિસ્તારોમાં આડેધડ વિકાસ નથી ઈચ્છતા કે જ્યાં ઝૂંપડપટ્ટી હોય અને અસમાન વિકાસ થાય. આથી, વિસ્તૃત વિસ્તારને GIFT સિટીની જેમ જ વિકસાવવામાં આવશે."અમદાવાદ સ્થિત શહેરી આયોજક અને આર્કિટેક્ટ, બિમલ પટેલ, જેમની ફર્મ HCP ડિઝાઈન, પ્લાનિંગ અને મેનેજમેન્ટ પ્રાઈવેટ લિમિટેડે દિલ્હીમાં નવા સંસદ ભવનનું ડિઝાઈન અને નિર્માણ કર્યું હતું, તેમને સૂચિત વિસ્તરણ માટે માસ્ટર પ્લાન તૈયાર કરવા માટે પસંદ કરવામાં આવ્યા છે. રેએ કહ્યું, "અમને એવી વ્યક્તિની જરૂર હતી જે માત્ર નગર નિયોજક જ ન હોય, પરંતુ સ્થાનિક કાયદાઓ અને રાજ્યના નિયમોનું પણ જ્ઞાન ધરાવતા હોય." તેમણે જણાવ્યું હતું કે, સૂચિત વિસ્તરણને સમાવવા માટે GIFT સિટીના મૂળ માસ્ટર પ્લાનમાં ફેરફાર કરવામાં આવશે. કંપનીની પસંદગી 'એક્સપ્રેશન ઓફ ઈન્ટરેસ્ટ' દ્વારા કરવામાં આવી હતી.સાબરમતી નદીના કિનારે અમદાવાદ અને ગાંધીનગર વચ્ચે સ્થિત, GIFT સિટીની કલ્પના વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા વૈશ્વિક નાણાકીય કેન્દ્ર અને ભારતના "પ્રથમ ઓપરેશનલ સ્માર્ટ સિટી" તરીકે કરવામાં આવી હતી. ગિફ્ટ સિટી, મલ્ટી-સર્વિસ સ્પેશિયલ ઈકોનોમિક ઝોન (SEZ), દેશનું પ્રથમ ઈન્ટરનેશનલ ફાઈનાન્સિયલ સર્વિસ સેન્ટર (IFSC) ધરાવે છે, જે કોર્પોરેટ્સને વૈશ્વિક નાણાકીય બજારોમાં સરળ ઍક્સેસ પ્રદાન કરે છે અને આંતરરાષ્ટ્રીય નાણાકીય સેવાઓની જરૂરિયાતો પૂરી કરે છે. તેની પાસે ડોમેસ્ટિક ટેરિફ એરિયા (ડીટીએ) પણ છે, જે દેશની અંદરના સેઝની બહારના વિસ્તારોનો ઉલ્લેખ કરે છે.

## ગુજરાતમાં ખરીફ વાવેતર 34 ટકા વધ્યું

■ જૂનમાં જ સમયસર વાવણીલાયક વરસાદ થઈ જતા ખેડૂતોને રાહત

ગુજરાત | વંદન

ગુજરાતમાં ચોમાસાના સત્તાવાર આગમન સાથે જ સાર્વત્રિક વરસાદ થતા રાજ્યના ખેડૂતો ખુશ-ખુશાલ થયા છે. કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલે જણાવ્યું હતુ કે, કચ્છ અને સૌરાષ્ટ્ર સહિત ગુજરાતભરમાં ગત અઠવાડિયા દરમિયાન વાવણી લાયક વરસાદ થતા ખેડૂતોએ ખરીફ પાકોનું પુષ્કળ પ્રમાણમાં વાવેતર શરુ કરી દીધું છે.રાજ્યમાં વરસાદનું સમયસર આગમન થતા આ વર્ષે વાવેતર વિસ્તારમાં વધારો થશે તેમજ સારા વરસાદના પરિણામે ખેડૂતોને પણ સારી ઉપજ મળશે. કૃષિ મંત્રીએ ચાલુ વર્ષે 3 જુલાઈ સુધીમાં રાજ્યમાં થયેલા વાવેતરની વિગતો આપતા જણાવ્યું હતુ કે,

રાજ્યમાં સાર્વત્રિક વરસાદ થતા ખરીફ પાકના વાવેતરમાં ગત વર્ષની સરખામણીએ આ વર્ષે આશરે 10 લાખ હેક્ટરનો વધારો થયો છે. રાજ્યમાં અત્યારસુધીમાં કુલ 40.46 લાખ હેક્ટર જમીનમાં ખરીફ પાકોનું વાવેતર થયું છે. ગત વર્ષે આ સમયગાળા દરમિયાન રાજ્યમાં કુલ 30.20 લાખ હેક્ટરમાં વાવેતર થયું હતું. છેલ્લા 3 વર્ષની સરેરાશ કાઢતા સામાન્ય રીતે રાજ્યમાં કુલ 85.97 લાખ હેક્ટર વાવેતર વિસ્તારની સામે ચાલુ વર્ષે અત્યારસુધીમાં 47.07 ટકા જેટલા વિસ્તારમાં વાવેતર થઇ ગયું છે. તેમણે વધુમાં ઉમેર્યું હતુ કે, કપાસના ઉત્પાદનમાં ગુજરાત દેશમાં અગ્રેસર છે, અને દર વર્ષે ખરીફ ઋતુ દરમિયાન રાજ્યમાં કપાસનું સૌથી વધારે વાવેતર થાય છે.

આ વર્ષે પણ રાજ્યમાં અત્યારસુધીમાં સૌથી વધુ કુલ 20.25 લાખ હેક્ટરમાં કપાસનું વાવેતર કરવામાં આવ્યું છે. ગત વર્ષે આ સમયગાળા દરમિયાન કપાસનું 15.26 લાખ હેક્ટરમાં વાવેતર કરવામાં આવ્યું હતું. જેની સામે આ વર્ષે કપાસના વાવેતરમાં આશરે 5 લાખ હેક્ટર જેટલો વધારો થયો છે.કપાસ બાદ રાજ્યમાં સૌથી વધુ તેલીબીયા પાકનું વાવેતર કરવામાં આવ્યું છે.

### હોસ્પિટલોમાં કેવા કેવા ગોરખધંધા થાય છે તેનો એક કિસ્સો

## નાણા પડાવવા મૃત બાળકીની સારવાર કરવામાં આવી...!

■ મેડીસ્ટાર હોસ્પિટલમાં ચાલતું લોલમલોલ સરકારે પકડી પાડ્યું

ગુજરાત | વંદન

કોરોનાકાળ વખતે અનેક હોસ્પિટલોની સામે ગેરરીતિઓની ફરિયાદો થઈ હતી. ગબ્બર ઈઝ બેક નામની એક ફિલ્મમાં એવું દર્શાવવામાં આવ્યું છે એક મૃત વ્યક્તિની સારવાર કરવામાં આવી રહી છે અને ત્યાર બાદ પેશન્ટ બચ્ચું શક્યું નથી એક કહીને પૈસા પડાવવાનું કારસો કઢાય છે એવું જ કઈ સાબરકાંઠાના હિમ્મતનગર ખાતેની મેડીસ્ટાર નામની હોસ્પિટલમાં કારસો રચવામાં આવ્યો અને 12 વર્ષની મૃત બાળકીની સારવારના નામે પૈસા પડાવવામાં આવ્યા હતા. અલબત્ત આ પૈસા સરકારની યોજનામાંથી વસુલ કરવાના હતા. સત્તાવાળાઓની એક સરપ્રાઈઝ વિઝીટમાં મેડીસ્ટારનું કૌભાંડ બહાર આવ્યું. સરપ્રાઈઝ વિઝીટન થઈ હોય તો આવું લોલમલોલ ચાલ્યું હોત.

હોસ્પિટલમાં વિશ્વાસને ડગમગાવે એવા આ ચોંકાવનારા




કિસ્સાની વિગત એવી છે કે, હિંમતનગરના સહકારી જીન વિસ્તારમાં મેડીસ્ટાર હોસ્પિટલ આવેલી છે. ગત 9 મે, 2023ના રોજ નેશનલ હેલ્થ મિશનના ડાયરેક્ટર રેમ્યા મોહને સ્ટેટ એન્ટી ફ્રોડ યુનિટ અને OICLના પ્રતિનિધીઓ સાથે આ હોસ્પિટલનું સરપ્રાઈઝ ચેકિંગ હાથ ધર્યુ હતુ. આ ચેકિંગ દરમ્યાન હોસ્પિટલનો ભાંડો ફૂટ્યો હતો અને હોસ્પિટલની ગંભીર ક્ષતિ સામે આવી છે. જ્યારે IAS રેમ્યા મોહન અને ટીમ દ્વારા હોસ્પિટલની મુલાકાત લેવામાં આવી ત્યારે દર્દીઓની તપાસ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન મેડીસ્ટાર હોસ્પિટલમાં અનેક ગેરરીતિઓ સામે આવી હતી. જે મુજબ PMJAY યોજનામાં ક્લેમ, એન્હાસમેન્ટ ખોટી રીતે લેવુ, દાખલ બાળકોને એન્હાસમેન્ટની સારવાર ન આપવી, વાઈટલ ચાર્ટ ન ભરવા, પીડીયાટ્રીશન હજાર ન હોવા સહિતની અનેક ગેરરીતિ સામે આવી હતી.

### મેડીસ્ટાર હોસ્પિટલ સામે કડક કાર્યવાહી કરાશે: સરકાર

આ અંગે રાજ્ય સરકારના પ્રવક્તા અને આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું કે, આવી ઘટના સામે આવતા જ રાજ્ય સરકારે આ હોસ્પિટલને સસ્પેન્ડ કરી દીધી છે. આ ઘટના પર સરકાર દ્વારા કડક હાથે કાર્યવાહી કરવામાં આવી રહી છે. જો કે હોસ્પિટલ હજી પણ આરોપોનો ઈન્કાર કરી રહી છે. સરકાર દ્વારા એવી પણ વિચારણા ચાલી રહી છે કે, મેડીસ્ટારની જેમ તમામ ખાનગી હોસ્પિટલોમાં ઓચિંતી તપાસ કરવામાં આવશે.

## મધ્ય પ્રદેશની મહિલાઓની જેમ ગુજરાતની મહિલાને પણ દર મહિને રૂા.1,000 આપવામાં આવે: રેશ્મા પટેલ

ગુજરાત | વંદન

આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ મહિલા અધ્યક્ષ રેશ્માબેન પટેલે એક મહત્વપૂર્ણ બાબત પર મીડિયાને જણાવતા કહ્યું કે, ગુજરાત અને મધ્યપ્રદેશ બંને રાજ્યોમાં ભાજપની સરકાર છે અને મધ્યપ્રદેશમાં ભાજપ સરકાર મહિલાઓને 1,000 આપી રહી છે, તો ગુજરાતની મહિલાઓને 1000 રૂપિયા કેમ નથી આપવામાં આવતા? ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ને પૂછવા માંગીએ છીએ કે ગુજરાતની મહિલાઓ સાથે આ અન્યાય કેમ થઈ રહ્યો છે? મહિલાઓની સન્માનની વાત આવે છે, મહિલાઓના ઉદ્ધારની વાત



આવે છે, ત્યારે ભાજપના રાજમાં મહિલાની વાત ફક્ત પ્રચાર સુધી જ સીમિત થઈ જાય છે. ભાજપ બેટી બચાવો બેટી પઢાઓની વાતો કરે છે, પરંતુ કેગનો રિપોર્ટ કહી રહ્યો છે કે આજે પણ ભૃણ હત્યા અટકી નથી. આ રિપોર્ટ ભાજપ સરકારનું નિષ્ફળતાનો સૌથી મોટું સર્ટિફિકેટ છે. આજે ફરી વખત આપણે જોયું કે એક રાજ્યમાં મહિલાઓ માટે અલગ વલણ અપનાવવામાં આવે છે અને બીજા રાજ્યમાં મહિલાઓ માટે અલગ વલણ અપનાવવામાં આવે છે. ચૂંટણી સમયે જ્યારે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલજીએ ગુજરાતની મહિલાઓને રૂા.1,000 આપવાની વાત કરી હતી ત્યારે ભાજપના નેતાઓએ તે રૂા.1,000 ની સન્માન રાશિને રેવડી રેવડી કહીને ગુજરાતની બહેનોના હકનું અપમાન કર્યું હતું. અત્યારે અમે મુખ્યમંત્રીને પત્ર દ્વારા માગણી કરી રહ્યા છીએ કે ગુજરાતની મહિલાઓને પણ દર મહિને રૂા.1,000 આપવામાં આવે. આવનારા સમયમાં આવેદનપત્ર આપવામાં આવશે. તેમ છતાં જો ગુજરાતની મહિલાઓને ન્યાય ન મળ્યો અને રૂા.1,000 ની સહાય આપવામાં ન આવે તો આમ આદમી પાર્ટી ગાંધીજી માર્ગે રસ્તા પર ઉતરશે વધુ આક્રમકતા સાથે પોતાની વાત રજૂ કરીશું. અમે કોઈ ભીખ નથી માંગી રહ્યા, આ મહિલાઓનો હક છે.



Sakar-9, 821,Lobby-1, Ashram Rd, beside Old Reserve Bank of India, Ahmedabad, Gujarat 380009

## 'ગુજરાતીઓ સેનામાં જોડાતા નથી' તેવું મેણુ ભાંગશે

■ મહેસાણા નજીક 75 કરોડના ખર્ચે 11 એકર જમીનમાં સૈનિક સ્કૂલ આકાર પામશે

ગુજરાત | વંદન

દેશની આંતરિક અને બાહ્ય સુરક્ષા માટેની સેનામાં ગુજરાતીઓની સંખ્યા ખુબ જ ઓછી છે એક સમયે એવી માંગણી થઈ હતી કે શિખ રેજિમેન્ટ, ગોરખા રેજિમેન્ટની જેમ ગુજરાત રેજિમેન્ટ બનાવવું જોઈએ પરંતુ એકંદરે જોઈએ તો ભારતીય સેનામાં ગુજરાતીઓની સંખ્યા ખુબજ ઓછી છે અને ગુજરાતમાં પણ આદિવાસી જિલ્લાઓમાંથી યુવાનો સેનામાં જવાની પસંદ કરે છે. અલબત્ત આ સ્થિતિને સુધારવા હવે સહકારી ધોરણે નવી સૈનિક સ્કૂલ આકાર લેશે. પરિણામે આ



સ્કૂલમાંથી તૈયાર થનાર ઉમેદવાર ભવિષ્યમાં ભારતીય સેનામાં રેંક ઓફિસર બની શકશે.

અમદાવાદ - મહેસાણા હાઈવે ઉપર આવેલા બોરિયાવી ગામમાં સહકારી સંસ્થા દ્વારા સંચાલિત ભારતની પહેલી સૈનિક સ્કૂલનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહની વર્ચ્યુઅલ હાજરીમાં ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મોતીભાઈ ચૌધરી સાગર સૈનિક સ્કૂલનું ખાતમુહૂર્ત કર્યું હતું. મહેસાણા જિલ્લાના બોરિયાવી ગામમાં બનનારી સૈનિક સ્કૂલનું સંચાલન દૂધ સાગર ડેરીની એજન્સી દૂધ સાગર રીસર્ચ એન્ડ ડેવલોપમેન્ટ એસોસીએશન દ્વારા કરવામાં આવશે. આમ આ સ્કૂલ સહકારી સંસ્થા દ્વારા સંચાલિત દેશની પહેલી સૈનિક સ્કૂલ બનશે. મોતીભાઈ ચૌધરી સાગર સૈનિક સ્કૂલ મહેસાણાથી 11 કી.મી દૂર બોરીયાવી ગામે 75 કરોડના ખર્ચે અને 11 એકર જમીનમાં નિર્માણ કાર્ય કરવામાં આવશે. કોઈ સહકારી સંસ્થા દ્વારા સંચાલિત સૈનિક સ્કૂલ સમગ્ર ભારતમાં પ્રથમ સ્કૂલ હશે. દૂધ સાગર ડેરીની એજન્સી દૂધ સાગર રીસર્ચ એન્ડ ડેવલોપમેન્ટ એસોસીએસન (DURDA) દ્વારા આ સૈનિક સ્કૂલનું સંચાલન કરવામાં આવશે. રક્ષા મંત્રાલય દ્વારા તા. 2 ઓગસ્ટ, 2022નાં રોજ સૈનિક સ્કૂલ માટે મંજૂરી આપવામાં આવી હતી.

આ સાગર સૈનિક સ્કૂલમાં વર્ષ 2022-23 એકેડેમિક વર્ષમાં ધોરણ-6માં 46 છોકરા અને 4 છોકરી એમ કુલ 50 વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવ્યો હતો. જ્યારે વર્ષ 2023-24 નાં એકેડેમિક વર્ષમાં સીટની સંખ્યા વધારીને 80 કરવામાં આવી છે. જેમાં 10 ટકા છોકરીઓ માટે આરક્ષિત કરાઈ છે.

### થોડી ઈધર કી / થોડી ઉધર કી

## ખાલિસ્તાની નામનો દૈત્ય ફરી સળવળ્યો...હળવાશથી લેવાશે તો કુછ ભી કર શકતે હૈ..!?




ભારતના ટુકડા કરીને અલગ ખાલિસ્તાન નામનો દેશ બનાવવા વર્ષોથી મથી રહેલાં શીખ ખાલિસ્તાનીઓએ પંજાબમાં સત્તા પરિવર્તન બાદ ફરી માથું ઉંચક્યુ અને જે છમકલા કર્યા તેમાં અમૃપાલસિંહ જે ઝડપથી ઉભરી આવ્યો એ જ ઝડપથી જેલમાં પહોંચી ગયો....! વિદેશની ધરતી પર ખાલિસ્તાનની માંગણીને લઈને ભારતની વિરૂધ્ધ સતત આંદોલન અને કાવતરાં કરનારા મોટા ગજાના નેતાઓ પૈકી એક પછી એક 3 ખાલિસ્તાનીઓ હણાઇ જતાં સોપો પડ્યો....પણ વળી પાછું કળ વળતાં ભારતીય દુતાવાસમાં આગ લગાવી, રેલી યોજી અને હવે નવું સુત્ર આપ્યું-કીલ ઈન્ડ્યા...! ભારતના રાજદ્વારીઓના ફોટા સાથે પોસ્ટરો જાહેર કરીને તેમને ઉડાવી દેવાનું ખુલ્લેઆમ પડકાર ફેંકાયો છે- કિલ ધેમ...તેમને હણી નાંખો...

વિદેશમાં રહેતા ખાલિસ્તીનીઓ ભારત આવતા નથી પણ ત્યાંથી બેઠા બેઠા ભારતમાં ઉશ્કેરણી કરે છે. સંબંધિત સત્તાવાળાઓએ તેને હળવાથી લેશે તો જેમ ઈન્દિરા ગાંધીની હત્યા બાદ વિદેશની ધરતી પરથી ઉડેલા અશોકા નામના એર ઈન્ડિયાના એક વિમાનને બોંબ મૂકીને આકાશમાં ફૂંકી મારવામાં આવ્યું તેવી કોઇ ઘટના બની શકે....ખાસ કરીને જ્યાં ખાલિસ્તાનીઓનું વર્ચસ્વ છે એ શહેર એ દેશમાંથી ભારત આવાતા-જતાં વિમાનની સાથે આવુ કાંઇ શકે અથવા ભારતમાં પણ કોઇ અટકચાળો થઇ શકે.

ચેતતો દેશ સદા સુખી....ખાલિસ્તીનાઓથી સાવધ...નકસલવાદની જેમ ખાલિસ્તાનને પોષવામાં આવશે તો....હરિઓમ....?!

## 10મીથી છવાશે- ચંદ્રયાન...ચંદ્રયાન... ચંદ્રયાન...મૈં તો ચલા...વિક્રમ કો મિલને...

બે-ત્રણ વર્ષ પહેલાં ભારતે ચંદ્રાયાન-2 મોકલ્યું ત્યારે ચંદ્રની ધરતી



પર રોવરને ઉતારી તેમાંથી વિક્રમ નામની પૈડાવાળી ગાડીને બહાર લાવવાનું મિશન સફળ થયું નહોતુ. પણ ભારતના અંતરીક્ષવિજ્ઞાનીઓએ હાર ન માની અને હવે ચંદ્રયાન-3 તૈયાર છે વિક્રમને મળવા....કેમ કે આ મિશનમાં પણ ચંદ્રની સપાટી પર સોફ્ટ લેન્ડીંગ કરાવાશે...

ઈસરોના વિજ્ઞાનીઓનો જુસ્સો અદભૂત છે. તેઓ કહે છે આ વખતે ગઇ વખત જેવી ભૂલ નહીં થાય...અમે ગયા મિશનમાંથી શિખ્યા છીએ અને હવે કોઇ ગરબડ નહીં થાય...14 જુલાઇના રોજ બપોરે ચંદ્રયાન રોકેટ ઝુઉઉઉઉઉઉઉઉઉઉ..મ...કરીને ઉડશે અને જ્યારે ઓગસ્ટમાં ચંદ્રની નજીક પહોંચે ત્યારે દેશવાસીઓ તે સમગ્ર ઘટના લાઇવ નિહાળી શકશે..

આ વખતે ઈસરોના માથે તાજ મૂકાય એવુ થવાનું મનાય છે. અમેરિકા-રશિયા અને ચીન સહિત અંતરિક્ષમાં રમતા દેશોની સંસ્થાઓ ચંદ્રયાન-3 પર નજર રાખશે...અને સફળ થતાં ભારત વિશ્વનો ચોથો એવો દેશ બનશે કે જેમણે આવી અનેરી સિધ્ધિઓ મેળવી છે.... અત્યારથી ઈસરોને અભિનંદન....! અને હાં મુખ્ય વાત તો રહી ગઇ..10 જુલાઇથી ટીવી મિડિયામાં એક જ મુદ્દો છવાશે-ચંદ્રયાન... ચંદ્રયાન....યે દેખો ભારત કા ચંદ્રયાન અબ ચાંદ કે કરીબ પહોંચને વાલા હી હૈ...હમ ઉસ પર નજર બનાયે રખે હૈ...! સારૂ છે કે કોઇ ટીવી મિડિયાએ એવી જિદ ના પકડી કે હમે ભી યાન મેં બિઠા દિજિયે ના.. હમ ભી ચાંદ સે કરેંગે રિપોર્ટીંગ..!!

## મરાઠાભૂમિમાં ઠાકરેને બાદ કરતાં ભાજપને શિંદેના નામે કેટલી બેઠકો મળે...?!

અમે હતા તો ખરી...એમને (એનસીપીને) લાવવાની ક્યાં જરૂર



હતી...હવે એમને પણ ખાતાઓ આપવા પડશે અને એ અમારામાંથી ભાગ પડાવશે....પછી અમારૂ શું વર્ચસ્વ રહ્યું....જેમની સામે છાતી ઠોકીને બળવો કર્યો એ ઉદ્ધવ ઠાકરેની સામે અમે કઇ રીતે ઉભા રહીશું...

આવી કોઇ લાગણી સીએમ એકનાથ શિંદેના ટેકેદારોમાં આકાર લઇ રહી છે અને શિંદેના બદલે તેમના એક ધારાસભ્યે બળાપો કાઢ્યો- એનસીપીને લાવવાની શું જરૂર હતી...હવે અમારૂ શું...? રાજકારણનો નવો નિશાળિયો પણ કહી શકે કે શિંદેના નામે ભાજપને મહારાષ્ટ્રમાં કેટલી બેઠકો મળશે તે કહેવાની ક્યાં જરૂર છે....?!

બોડી લેંગ્વેજ એવી છે કે જાણે કોઇનાથી દબાયેલા છે...ચહેરો માસુમ...ચિંતાતુર...કેટલા દિવસ સીએમની ગાદી પર બેસવાનું મળશે....એવા વમળો અને વલણોની વચ્ચે શિંદે માતોશ્રી તરફ જતાં નજરે પડે તો કહેવાય નહીં...કેમ કે જેમને કોઇ ના જીતે શકે એ અ-જીત પવાર આવી પુગ્યા છે...સીએમ બનવા એટલે શિંદે તો ગિયો...?!

## ઓગસ્ટમાં પીએમના હસ્તે ગુજરાતના સેમીકન્ડકટર પ્લાન્ટનું ભૂમિપૂજન

■ જમીન કંપનીને સુપ્રત કરાઈ: ટુંક સમયમાં જ પ્લાન્ટ માટેની તૈયારીઓ

ગુજરાત | વંદન

દેશના સર્વપ્રથમ સેમીકન્ડકટર ચીપ પ્લાનનું ખાતમુહુર્ત આગામી 40થી45 દિવસમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે યોજવાની તૈયારી છે. કેન્દ્રીય સંદેશાવ્યવહાર અને આઈટી મંત્રી અશ્વિની વૈષ્ણવે આ અંગે જણાવ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અમેરિકી યાત્રા સમયે વૈશ્વીક કંપની માઈક્રોન સાથે કરવામાં આવેલા કરાર મુજબ અમેરિકી કંપની 82.5 કરોડ ડોલરના રોકાણ સાથે આ પ્રોજેક્ટમાં ભાગીદાર બની છે.

આ ઉપરાંત સેમીકન્ડકટર ટુલ બનાવનાર કંપની એપ્લાઈડ એન્જીનીયરીંગ સેન્ટરનો શિલાન્યાસ પણ બેંગ્લોરમાં કરવામાં આવશે અને દેશની 310 કોલેજમાં સેમીકન્ડકટરને એક અભ્યાસક્રમ તરીકે સામેલ કરાયો છે જેના કારણે ભારત સેમીકન્ડકટર હબ બનશે તે નિશ્ચીત છે. સરકારે સેમીકન્ડકટરમાં પાંચ ડીવાઈઝ કંપનીઓને બીગફાર્મીંગ ચીપ બનાવવા મંજુરી આપી છે અને આગામી બે વર્ષમાં ભારતમાં તૈયાર થયેલ પ્રથમ સેમીકન્ડકટર રીલીઝ થઈ જશે.

### છોટાઉદેપુર જિલ્લાના બોડેલી તાલુકાના ખેડુતોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે...

# ટામેટાં બાદ હવે કેળાના ભાવ આસમાને, 20 કિલોના 400 રૂપિયા, છતાંય ખેડૂતોને નુકસાન

## રાજ્યમાં કેળાના ભાવ ખૂબ મોટા પાયે વધ્યા છે છતા ખેડૂતોને તો નુકશાન થઈ રહ્યું છે

ગુજરાત | વંદન

છોટાઉદેપુર જિલ્લાના બોડેલી તાલુકામાં બાગાયતી પાકમાં કેળાંનુ વાવેતર મોટા પ્રમાણમાં કરવામાં આવે છે ત્યારે બોડેલીના ચલામલી વિસ્તારમાં હાલમાં કેળાના ભાવમાં ઉછાળો આવતાં ભાવ આસમાને પહોંચ્યો પણ કેળામાં નુકશાન હોવાથી ખેડૂત દુ:ખી છે. રાજ્યમાં કેળાના ભાવ ખૂબ મોટા પાયે ભાવ વધ્યા છે પરંતુ ખેડૂતોને તો નુકશાન થઈ રહ્યું છે. 20 કિલો કેળાના ભાવ રૂ.400 વધારે થઈ ગયા છે. પરંતુ ખેડૂતો માટે આફત યથાવત છે. બીપોરજોય વવાઝોડાના કારણે થયેલા નુકશાનને પહોંચી વળવા માટે કોઈ ઉપાય ન હોઈ હવે ખેડૂતો સર્વે કરીને વળતર મળે તેવી માંગ કરી રહ્યા છે.

છોટાઉદેપુર જિલ્લાના બોડેલી તાલુકાના ખેડુતોને ભારે મુશકેલીનો સામનો કરવો પડી રહ્યો છે. વાત જાણે એમ છે કે, ખેડૂતો માટે રોકડિયા પાક તરીકે કેળની ખેતી માટે આગવી ઓળખ ધરાવતા છોટાઉદેપુર જિલ્લાના બોડેલી તાલુકાના અનેક વિસ્તારના કેળાંની માંગ ઉત્તર ભારતના જુદા જુદા રાજ્યમાં સપ્લાય થાય છે. હાલમાં કેળાના ભાવમાં ઉછાળો આવ્યો છ. જોકે ખેડૂતો ગેલમાં આવે તે પહેલાં તેઓને દુ:ખ સહન કરવું પડ્યું છે.



### કેળાંના ભાવ તો વધ્યા પણ...

નોંધનીય છે કે, કેળાના ભાવ રૂ.230 થી વધીને રૂ.425 થતાં ખેડૂતોને સારા ભાવની આશા જાગી હતી, પરંતુ ખેતીમાં થયેલા નુકશાનના કારણે ખેડૂતો ખર્ચ પણ સરભર કરી શકે તેમ નથી. બોડેલી તાલુકામાં કેળાંની ખેતી વિપુલ પ્રમાણમાં થાય છે, આ વિસ્તારના કેળાં બજારમાં સારી શાખ બન્યા છે. ગતૃ વર્ષે શ્રાવણની શરૂઆત પહેલાં કેળાના ભાવ રૂ.450 સુધી પહોંચ્યા હતા. તાજેતરમાં જિલ્લામાં ચોથી જુનના રોજ વાવાઝોડા સાથે વરસેલા કમોસમી વરસાદથી બાગાયત પાક પકવતા ખેડૂતોને ખૂબ મોટા પાયે નુકસાની વેઠવાનો વારો આવ્યો હતો. જેમાં ઉભા તૈયાર થયેલા મહામુલા કેળના પાક સામે પ્રચંડ પવન સાથે ફુંકાયે લા વાવાઝોડાથી જમીનદોસ્ત થતા ખેડૂતો પરેશાન છે. કમોસમી વરસાદને કારણે અસરગ્રસ્ત ખેડૂતોને માટે સરકાર દ્વારા કોઈ રાહત પેકેજ આ વિસ્તાર માટે થયું નથી.


### સરકાર સહાય કરે તેવી માંગ

આ તરફ પંથકમાં વાવાઝોડા બાદ કેળાંના પાકને મોટું નુકશાન પહોંચ્યું છે. જોકે સરકાર દ્વારા કોઈ સહાય જાહેર ના થતાં ખેડુત આલમમાં રોષની લાગણી ફેલાઈ છે. કેળાના બજાર ભાવ વધવા ઘટવા પાછળ કુદરતી અને કૃત્રિમ અનેક પરિબળો કારણભૂત છે. મોંઘાભાવના ટીસ્યુના રોપા, ખાતર સહિત અન્ય મજુરી ખર્ચો મોંઘા થતાં ખેડૂતોને આર્થિક નુક્સાન સહન કરવાનો વારો આવ્યો છે.



## સદી પુરાણો એલિસબ્રિજ આજે પણ અડીખમ....

અમદાવાદ શહેરમાં અંગ્રેજોન શાસનકાળ દરમ્યાન સાબરમતી નદી પર લોખંડનું એક પુલ બનાવાયું હતું જેને તળપદી ભાષામાં લક્કીઓ પુલ સંબોધવામાં આવતું હતું 100 વરસ કરતા વધુ સમય થયો છતા હજું પણ એલિસબ્રિજ અડીખમ છે. કેમકે આ પુલ બનાવવામાં હાટકેશ્વરપુલની જેમ કોઈ ગોબાચારી થઈ નહોતી. આજના બનેલા પુલોમાં તિરાડો પડી રહી છે.... પુલના રસ્તા બેસી રહ્યા છે અને આ તમામ બાબતો એ બાબતની ચાડી ખાય છે કે, જેમ એલિસબ્રિજનું નિર્માણ થયું તેમ નવા પુલો મજબુત અને અડીખમ કેમ નથી બની શકતા...? તસ્વીરમાં દેખાય છે તેમ જી -20-યુ-20ની બેઠકના પગલે એલિસબ્રિજને રોશનીથી ઝગમતો કરવામાં આવ્યો છે.



### બાળ મૃત્યુદરને ડામવા માટે ભગીરથ પ્રયાસ

# ગુજરાત સરકાર બાળ મૃત્યુદરને ઘટાડવા 90 ચાઈલ્ડ કેર યુનિટ ખોલશે

ગુજરાત | વંદન

ગુજરાતમાં માત્ર 91 દિવસમાં 156 માતા અને 2447 નવજાત શીશુંના મોત થયા છે. આવા સંજોગોમાં જન્મ થયા પછી બાળકની સારવાર સારી થઇ શકે તેટલા માટે આરોગ્ય વિભાગે રાજયમાં 90 જેટલા ચાઈલ્ડ કેર (SNCU-special new born care units)ની સંખ્યા વધારવાનું નક્કી કર્યુ છે તેમ આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલની અધ્યક્ષતામાં આરોગ્ય લક્ષી સેવાનું 2027 સુધીના પ્રોજેકશનની મળેલી બેઠકમાંથી બહાર આવ્યું હતું.

ગાંધીનગર ખાતે મળેલી બેઠકમાં તબીબો માટેની ઈન્સેન્ટીવ પોલીસીની પણ વિગતવાર સમીક્ષા હાથ ધરી હતી. રાજયમાં કૂપોષણને ડામવા માટે ચિંતન શિબિરમાં પણ રોડ મેપ તૈયાર કરવામાં આવ્યો હતો. આ સંદર્ભે ચર્ચા પછી છેવટે એવું નક્કી થયું હતું કે, જન્મ થયા પછી બાળકોને તાત્કાલિક સારવાર મળે તેટલા માટે સ્પેશ્ય ન્યૂ બોર્ન કેર યુનિટ્સની સંખ્યા વધારવી જોઈએ. આથી ગુજરાતમાં 90 જેટલા નવા સ્પેશ્યલ ન્યૂ બોર્ન કેર સેન્ટર ઉભા કરવાનું નક્કી કરાયું છે. આ બેઠકમાં ગુજરાતમાં તા. 11મી જુલાઇ-2023થી પ્રધાન મંત્રી જન આરોગ્ય અને મા-યોજના હેઠળ અપાતી રૂ. 5 લાખનું વિમા કવચ વધારીને રૂ. 10 લાખ કરવામાં આવનાર છે.

### G20 રાષ્ટ્ર સમૂહના મેયરઓ તેમજ પ્રતિનિધિશ્રીઓ દ્વારા ગાંધીજીની પ્રતિમાને પુષ્પાંજલિ અપાઇ

# U20 મેયરલ સમિટમાં પધારેલા દેશ-વિદેશના ડેલિગેટ્સે ગાંધી આશ્રમની મુલાકાત લીધી

ગુજરાત | વંદન

ભારતના પ્રથમ 'વર્લ્ડ હેરિટેજ સિટી' એવા અમદાવાદના આંગણે G20 અંતર્ગત યોજાવા જઈ રહેલી બે દિવસીય U20 મેયરલ સમિટના પ્રથમ દિવસે દેશ-વિદેશથી પધારેલા ડેલિગેટ્સે અમદાવાદમાં આવેલા વિશ્વ પ્રસિદ્ધ ઐતિહાસિક ગાંધી આશ્રમ મુલાકાત લીધી હતી.

ગાંધી આશ્રમની મુલાકાત દરમિયાન અમદાવાદના મેયર કિરીટભાઈ પરમાર, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર એમ. થેન્નારસન, ગાંધી આશ્રમના ટ્રસ્ટી કાર્તિકેય સારાભાઈ અને ડાયરેક્ટર અતુલભાઈ પંડ્યા તેમજ શાળાની બાળાઓ દ્વારા સુતરની



આંટી પહેરાવીને G20 અને U20 સમિટ અંતર્ગત અમદાવાદ પધારેલા વિવિધ રાષ્ટ્રના મેયરશ્રીઓ તથા પ્રતિનિધિઓનું ઉષ્માસભર સ્વાગત કરવામાં આવ્યું હતું.

G20 રાષ્ટ્ર સમૂહના મેયરઓ તેમજ પ્રતિનિધિશ્રીઓ દ્વારા ગાંધીજીની પ્રતિમાને પુષ્પાંજલિ આપવામાં આવી હતી. હૃદયકુંજના વિવિધ ખંડોની મુલાકાત લઈને પ્રતિનિધિઓએ ચરખા પર કાંતણ પણ કર્યું હતું.

# જાહેરમાં કચરો ફેંકનાર સાવધાન, કોર્પોરેશને યુવક પાસે વસુલ્યો દંડ

ગુજરાત | વંદન

નિકોલમાં મનમોહન ચાર રસ્તાથી પર એક એક્ટિવાચાલક રસ્તા પર કચરો ફેંકીને ભાગતો હતો દરમિયાન મ્યુનિ.કર્મીએ તેને પકડી રૂ. 200નો વહીવટી ચાર્જ વસૂલ્યો હતો.ઘરનો કચરો સોસાયટીમાં આવતી ડોર ટુ ડોર કચરો કલેકશન કરતી ગાડીમાં નાખવાને બદલે તેણે જાહેર રસ્તા પર ફેંકવાનો પ્રયત્ન કર્યો હતો. આવા લોકો દ્વારા કચરો જાહેરમાં ફેંકવામાં આવવાની ઘટના બનતાં મ્યુનિ. દ્વારા પગલાં લેવામાં આવી રહ્યા છે. પૂર્વઝોન સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ દ્વારા વિસ્તારમાં 17 જેટલા એકમોને નોટિસ આપી 22,400નો દંડ વસૂલ્યો છે.

# નારોલ પોલીસે બાતમીના આધારે બાઈક ચોરને દબોચ્યો

ગુજરાત | વંદન

શહેરના ન્યૂ મણિનગર ચાર રાસ્તા પાસેથી ચોરીના બાઈક સાથે એક યુવકની નારોલ પોલીસે ધરપકડ કરી છે. હાલ તો પોલીસે ચોરીનું બાઈક કબજે કરીને આરોપી વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આ અંગે પ્રાપ્ત વિગતો મુજબ નારોલ પોલીસ સ્ટેશનના પોલીસ કર્મીઓ મળેલી સંયુક્ત બાતમીના આધારે રામોલ ન્યૂ મણિનગર ચાર રાસ્તે પાસે પેટ્રોલિંગ કરી રહ્યા હતા તે દરમિયાન ઈર્શાદ ઉર્ફ મુન્ના ઈકબાલભાઈ કુરેશી (24) (રહેવાસી 24, 26 બાગે કૌશલ આકુતી નારોલ વટવા) બાઈક પર ત્યાંથી પસાર થયો હતો. નારોલ પોલીસે તેને રોકીને તેની પુછપરછ કરી. જેમા જાણવા મળ્યુ તેની પાસે



જે બાઈક છે તે ચોરીની છે.

પ્રાથમિક પૂછપરછમાં આરોપી 2 જુલાઈ 2023ના રોજ નારોલ બાગે કૌશલ સોસાયટી આશીયાના પાર્ક ખાતેથી આ ટીવીએસ અપાચે બાઈકની ચોરી કરી હતી. પોતાની પાસે બાઈક ના હોવાથી આરોપીએ મોજશોખ માટે ચોરી કરી હોવાની કબૂલાત કરી છે. હાલ તો પોલીસે ચોરીની બાઈક કબજે કરીને આરોપી વિરુદ્ધ CrpCની કલમ 41 (1)(D) હેઠળ ગુનો નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# ગાંધીનગરમાં મચ્છરજન્ય રોગચાળો અટકાવવા 2.27 લાખ એકમોમાં સર્ચ કરાયું

ગુજરાત | વંદન

ચોમાસાની ઋતુ દરમ્યાન મચ્છરજન્ય રોગચાળો વકરતો હોય છે ત્યારે ગાંધીનગર કોર્પોરેશન વિસ્તારમાં છેલ્લા એક મહિના દરમ્યાન ઘર-શોપીંગ કોમ્પલેક્સ,બાંધકામ સાઈટ સહિત ૨.૨૭ લાખ એકમોમાં તપાસ કરીને ૪.૮૫ લાખ પાણીના પાત્રો ચકાશવામાં આવ્યા હતા જે પૈકી ૮,૨૨૪માં મચ્છરોના બ્રીડીંગ મળ્યા હતા. તો ૧૩૨૫ જેટલા ઘરોમાં ફોગીંગની કામગીરી પણ કરવામાં આવી હતી.

ચોમાસાની ઋતુમાં ઠેકઠેકાણે વરસાદી પાણી ભરાવાની સાથે ધાબા, અગાસી, ફુલ છોડના કુંડા, પક્ષીકુંજમા તેમજ અન્ય પાત્રોમાં પાણી ભરાવાને કારણે તે મચ્છરોનું ઉત્પત્તી સ્થાન થઈ જાય છે અને ત્યાં આસપાસના વિસ્તારમાં મચ્છરજન્ય રોગચાળો જોવા મળે છે. વરસાદી આ ચોખ્ખા પાણીમાં ડેન્ગ્યુના મચ્છરો પણ ઉત્પન્ન થતા હોવાથી ડેન્ગ્યુનો રોગચાળો પણ ફાટી નિકળે છે



આ સ્થિતિમાં ગાંધીનગર કોર્પોરેશન દ્વારા જુન મહિનાને મેલેરિયા માસ તરીકે ઉજવીને હાઉસ ટુ હાઉસ સર્વેલન્સની કામગીરી કરવાની સાથે પ્રચાર પ્રસાર પણ કરવામાં આવ્યો હતો. જેમાં દસ મેડિકલ ઓફિસર, ૫૧ મલ્ટીપર્પસ હેલ્થ વર્કર, ૫૧ ફીમેલ હેલ્થ વર્કર,૧૫૮ આશા બહેનો તેમજ ૨૦ જેટલી વેક્ટર કંટ્રોલ ટીમો દ્વારા સઘન સર્વેલન્સ કામગીરી હાથ ધરવામાં આવી હતી અને ઘરોમાં મચ્છર ઉત્પત્તી કરતા શંકાસ્પદ સ્થાનોની પણ તપાસ કરવામાં આવી હતી.

એક માસ દરમ્યાન ૨.૨૭ લાખ એકમોમાં તપાસ કરવામાં આવી હતી જેમાં ઘર, શોપીંગ સેન્ટરો, બાંધકામ સાઈટ સહિત કુલ ૪.૮૬ લાખ પાત્રોની ચકાશણી કરવામાં આવી હતી. જેમાં ૮,૨૨૪ પાત્રોમાં મચ્છરોના બ્રિડીંગ મળી આવ્યા હતા જેનો દવા છંટકાવ કરીને નાશ કરવામાં આવ્યો હતો. જયારે ૧૩૨૫ ઘરોમાં મચ્છરોનું પ્રમાણ વધુ મળી આવતા ત્યાં ફોગીંગ પણ કરવામાં આવ્યું હતું.

# આરોગ્ય સાથે ચેડા કરતી એમ્પેનલ હોસ્પિટલોની ગેરરીતી ચલાવાશે નહિ

## PMJAY-મા યોજના અંતર્ગત ગેરરીતિ સામે આવી

ગુજરાત | વંદન

આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલની અધ્યક્ષતામાં આજે ગાંધીનગર ખાતે PMJAY-મા યોજનાની ગવર્નિંગ બોડીની બેઠક યોજાઇ હતી. આ બેઠકમાં યોજના સંલગ્ન વિવિધ એજન્ડા સંદર્ભે વિગતવાર ચર્ચા અને સમીક્ષા હાથ ધરવામાં આવી હતી.

યોજના અંતર્ગત રાજ્યમાં થતી પ્રવર્તમાન કામગીરી, એમ્પેનલ હોસ્પિટલની સ્થિતી, ભાવી આયોજન સંદર્ભે આ બેઠકમાં ચર્ચા થઇ હતી. PMJAY-મા યોજના અંતર્ગત રાજ્યની એમ્પેનલ હોસ્પિટલમાં ગેરરીતીના કિસ્સા ધ્યાને આવતા સત્વરે કડકમાં કડક કાર્યવાહી હાથ ધરવા મંત્રી ઋષિકેશ પટેલે આરોગ્ય વિભાગના અધિકારીઓને સૂચના આપી હતી.

રાજ્યના કોઈપણ નાગરિકના સ્વાસ્થ્ય સાથે ચેડા કરતા લોકો અને હોસ્પિટલની ગેરરીતીને કોઈપણ ભોગે ચલાવી લેવામાં આવશે નહીં તેમ પણ મંત્રીઋષિકેશ પટેલે કહ્યું હતુ. PMJAY-મા યોજના અંતર્ગત થતાં દાવાઓનુ ફિલ્ડ ઈન્વેસ્ટિગેશન અને વેરીફિકેશન માટેની સિસ્ટમ વધુ સ્ટ્રોંગ બનાવવામાં આવશે. જેના સંદર્ભમાં વિસ્તૃત ચર્ચા કરાઇ હતી.

11 મી જુલાઈથી PMJAY-મા યોજના અંતર્ગત 5 લાખના વીમા કવચની રકમ 10 લાખ થઈ રહી છે. તે સંદર્ભે પણ વિગતવાર સમીક્ષા કરવામાં આવી હતી.

### અમદાવાદથી જોધપુર પહોંચાડશે 6 કલાકમાં, મહેસાણા પણ ઊભી રહેશે

# ગુજરાતને વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા બીજી વંદે ભારત ટ્રેનની ભેટ મળી

ગુજરાત | વંદન

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતાના હોમ સ્ટેટ ગુજરાતને વધુ એક વંદે ભારત ટ્રેનની ભેટ આપી છે. બીજી વંદે ભારત ટ્રેન અમદાવાદ(સાબરમતી)થી જોધપુર વચ્ચે શરૂ થઈ છે. અંદાજે 6 કલાકમાં આ ટ્રેન પ્રવાસીઓને તેમના ગંતવ્ય સ્થાન પર પહોંચાડશે.

અમદાવાદ-જોધપુર વંદેભારત ટ્રેન 7 જુલાઈથી શરુ થઈ ગઈ છે. વડાપ્રધાન મોદીએ વર્ચ્યુઅલી તેનું લોકાર્પણ કર્યું હતું. આ અગાઉ વડાપ્રધાન દ્વારા અમદાવાદથી મુંબઈ વચ્ચે ગુજરાતની પહેલી સેમી હાઈસ્પીડ ટ્રેન વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનની ભેટ આપવામાં આવી હતી અને હવે ગુજરાતને બીજી ટ્રેન મળી છે.

આ ટ્રેન સાબરમતીથી જોધપુર વચ્ચે પાંચ સ્ટેશનો પર ઉભી રહેશે. જેમાં મહેસાણા, પાલનપુર, આબુ રોડ, ફાલના, પાલી સ્ટેશને ટ્રેન ઉભી રહેશે. આ ટ્રેન સવારે 6.00 વાગ્યે જોધપુરથી ઉપડશે અને બપોરે 12:05 વાગ્યે સાબરમતી પહોંચશે. જ્યારે સાબરમતીથી સાંજે 4:45 વાગ્યે ઉપડશે 10:45




વાગ્યે જોધપુર પહોંચશે. આ ટ્રેન સપ્તાહમાં 6 દિવસ સોમવારથી શનિવાર સુધી દોડશે. જ્યારે રવિવારે ટ્રેનનું મેઈન્ટેનન્સ કરવામાં આવશે.સાબરમતીથી જોધપુર વચ્ચેનું 446 કિલોમીટરનું અંતર કાપવામાં મેલ એક્સપ્રેસ ટ્રેનોને લગભગ 8 કલાક લાગે છે જ્યારે આ વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન 6 કલાકમાં પહોંચાડશે. આ ટ્રેનના સફળ સંચાલન માટે અમદાવાદથી જોધપુર જતી 7 ટ્રેનોના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે. વંદે ભારતને લીધે જે ટ્રેનોના સમયમાં ફેરફાર થવાનો છે તે 5થી 15 મિનિટ સુધીનો છે. બિકાનેર-દાદર એક્સપ્રેસના સમય પત્રકમાં 15 મિનિટનો ફેરફાર છે.

## તસ્વીર સમાચાર


(તસ્વીરો-મૌર્ય ભાગ્યવાન)



**અતિથિ દેવો ભવ:** U-20 પ્રેસિડેન્સી હેઠળ અમદાવાદમાં શહેરી વિકાસ અંગે ચિંતન મંથન કરવા U-20 પરિષદ યોજાઈ છે. 20 દેશોના ભાગ લેવા આવેલા પ્રતિનિધિઓએ હેરિટેઝ વોકમાં ભાગ લીધો ત્યારની એક સમૂહ તસ્વીર.



**ખુદાબક્ષ મુસાફરો:** વરસાદી મોસમમાં કપીરાજો એટલે કે વાંદરાઓ પણ શહેરની તરક આવ્યા અને ખાનગી ટ્રાવેલ્સની છત પર બેસીને જાણે કે ચાલકને કહી રહ્યાં હોય- ચલો ફરવા જઈએ, આપણે ક્યાં ભાડુ આપવાનું છે...!



**હેરિટેજ....હેરિટેજ:** ઐતિહાસિક અમદાવાદ શહેરમાં ધરોહર સમાન સ્થળોમાં સરખેજ રોજાના સમાવેશ થાય છે. તેની નજીક તળાવમાં ચોમાસાની શરૂઆતમાં નવા નીર આવતા રોજાની રોનક કંઈક અનેરી બની છે.



**ગામડું નહિ શહેરમા પતરાવાળી સ્કૂલ:** અમદાવાદ જેવા મોટા શહેરના મણિનગર વિસ્તારમાં આજે પણ ગ્રામીણ ક્ષેત્રની કોઈ શાળાની જેમ પતરાવાળા શેડ બનાવીને તેની નીચે બાળકોને ભણાવવામાં આવી રહ્યાં છે. આ એક નરી વાસ્તવિકતા છે.

### ગાંધીનગરની ફૂડ ફ્લાઈંગ સ્ક્વોડ તથા નડિયાદ ફૂડ ટીમ દ્વારા કાર્યવાહી

# 4.17 લાખની કિંમતનો 2,349 કિલો ભેળસેળયુક્ત મરચાનો પાવડર જપ્ત કરાયો, વેપારી સામે કાર્યવાહી

ગુજરાત | વંદન

રાજ્યના નાગરિકોને શુદ્ધ ખાદ્ય ચીજવસ્તુઓ મળી રહે તે માટે ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા રાજ્યભરમાં બાતમીને આધારે શંકાસ્પદ સ્થળોએ દરોડા પાડવામાં આવી રહ્યા છે. ત્યારે ગાંધીનગરની ફૂડ ફ્લાઈંગ સ્ક્વોડ તથા નડિયાદ ફૂડ ટીમે સંયુક્ત રીતે ખેડા જિલ્લાના પીપલજ ખાતે આવેલા એક ગોડાઉનમાં દરોડો પાડી મરચાં પાવડરનો શંકાસ્પદ જથ્થો પકડી પાડ્યો છે.

દરોડો પાડીને આ ટીમોએ સ્થળ પર જ ટેસ્ટીંગ કીટથી ચકાસણી કરતા મરચામાં કલરનું ભેળસેળ હોવાનું બહાર આવ્યુ છે. ફૂડ ટીમે રૂ. 4.17 લાખની કિંમતનો 2,349 કિલો મરચુ પાવડરનો જથ્થો જપ્ત કરી કડક કાર્યવાહી હાથ ધરી છે. ઉપરાંત



મરચુ પાઉડરના ત્રણ અલગ અલગ પેકેટમાંથી નમૂનાઓ લઈ પૃથ્થકરણ માટે લેબોરેટરીમાં મોકલી આપવામાં આવ્યા હોવાનું જાણવા મળી રહ્યું છે.

રાજ્યના નાગરિકોને ખાદ્ય ચીજવસ્તુઓ શુદ્ધ અને ગુણવત્તાયુક્ત મળી રહે તે માટે રાજ્ય સરકાર કટીબદ્ધ છે. રાજ્યભરમાં ખાદ્યચીજોમાં ભેળસેળ કરતાં તત્વો સામે કડક કાયદાકીય કાર્યવાહી કરવામાં આવી રહી છે. ખોરાક અને ઔષધ નિયમન તંત્રના કમિશનર ડો. એચ. જી. કોશિયાએ જણાવ્યું છે કે, તાજેતરમાં ગાંધીનગરની ફૂડ ફ્લાઈંગ સ્ક્વોડ તથા નડિયાદની સ્થાનિક ફૂડ ટીમ દ્વારા સંયુક્ત રીતે ખેડા જિલ્લાના નડિયાદ તાલુકા ખાતે આવેલા પીપલજ સ્થિત એક ગોડાઉનમાં દરોડો પાડી મરચાં પાવડરનો શંકાસ્પદ જથ્થો પકડી પાડવામાં આવ્યો છે. શાંતિલાલ બંસીલાલ સમદાનીના આ ગોડાઉન ગાયત્રી ઓઈલ મિલ કમ્પાઉન્ડ ખાતેથી પ્રાથમિક તપાસમાં સ્થળ ઉપર શંકાસ્પદ મરચાં પાવડરનુ ઉત્પાદન થતુ જોવા મળી આવ્યુ હતુ. ડૉ. કોશિયાએ વિસ્તૃત માહિતી આપતા જણાવ્યું છે કે, આ વેપારી મે. મહેશ મસાલા ગૃહ ઉદ્યોગ નામે નડિયાદનાં ડભાણ ખાતે FSSAI લાઈસન્સથી મસાલાનો વેપાર કરતા હોવાનું ધ્યાને આવ્યુ છે. આ વેપારી ખાનગી અનઅધિકૃત ગોડાઉન ભાડે રાખીને મરચામાં કલરની ભેળસેળ કરતા હોવાની તંત્રને મળેલી માહિતીને આધારે દરોડો પાડવામાં આવ્યો હતો. તંત્ર દ્વારા સ્થળ ઉપર મેજિક બોક્ષ (ટેસ્ટીંગ કીટ)થી સ્થળ ચકાસણી કરતા મરચામાં કલરનું ભેળસેળ હોવાનું બહાર આવ્યુ હતું.

સંપાદકીય
સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

સાપ્તાહિક ગુજરાત વંદન **સંપાદકીય....**

# શિવમામા, બુંદ સે જો ગઇ વો હોજ સે નહીં આતી...ભલે પિડિતના પગ પખાળ્યા..પણ અંતરાત્મા માફ કરશે..?

દુનિયામાં માનવી દ્વારા જો ગંદામાં ગંદુ કામ કે વિકૃતિ હોય તો તે છે કે કોઇ માનવી પર પેશાબ કરવો. અન્ય ઘણાં ગંદા કૃત્યો છે પણ સત્તાના જોરે કોઇ ગરીબ લાચાર માનવીની લાચારીનો ગેરલાભ લઇને મને રોકનાર કોણ...મને ટોકનાર કોણ...હું કોણ...હું સત્તાની નજીક..મારૂ કોઇ શું બગાડી લેવાના હતા...એવા તોર-અભિમાનમાં અને લટકામાં દારૂના નશામાં અને મોઢામાં સિગારેટ પીતા પીતા એક આદિવાસી વ્યક્તિના માથે અને મોઢા પર પેશાબ કરવાની ઘટનાને વખોડવા માટે કેટલા શબ્દો જોઇએ..? સંવેદનશીલ માનવી હોય તો રડી પડે..અને એ દ્રશ્યો જોઇને ઘણાં સત્તાધીશોને વખોડીને રહ્યા પણ હશે કે સાવ આવુ....આવા હીનકક્ષાનું અપકૃત્ય...?

મધ્યપ્રદેશમાં ટૂંક સમયમાં વિધાનસભાની ચૂંટણીઓ યોજાવાની છે. ગઇ ખતે તો મુખ્યમંત્રી શિવરાજની સરકાર હારી ગઇ હતી અને કઇ રીતે શિવરાજ ફરી સીએમ બન્યા તે કહેવાની જરૂર નથી એટલે અમાનવીય અપકૃત્યની તસ્વીરો અને વિડિયો વાઇરલ થતાં બીજીવાર સીએમ બનવા થનગની રહેલાં મામા શિવરાજસિંહ ચૌહાણના પગ નીચેથી ધરતી સરકી ગઇ હશે અને તેથી આવુ અપકૃત્ય કરનાર અમારી પાર્ટીનો નથી એવો ખુલાસો કરીને પ્રવેશ શુકલા નામના કાર્યકરની નેશનલ સિક્યુરીટી એક્ટ-એનએસએ-હેઠળ ધરપકડ કરી અને તાબડતોડ તેના ઘર પર બુલડોઝર પણ ચલાવી નાંખ્યું...

આટલુ ઓછુ હોય તેમ મધ્યપ્રદેશ અને દેશના આદિવાસીઓ સહિત સમસ્ત માનવજાતની સામે માથુ ઉઠાવીને ચાલી શકાય નહીં એવી એક હરકતથી એવી હલચલ મચી કે કોઇએ કરેલા પાપનું પ્રાયશ્ચિત કરવા સીએમ શિવમામાએ જેમના માથા ઉપર અને મોઢા ઉપર પ્રવેશ શુકલા નામના કોઇ દારૂડિયાએ પેશાબ કરીને આખી દુનિયામાં મધ્યપ્રદેશ ભારતને બદનામ કરી નાંખવાની કૂચેષ્ટા અને હિણ





હરકત જેમની સાથે કરી તે દેશવત રાવત નામના આદિવાસીને વહવટીતંત્રએ નવડાવી-ધોવડાવી ચોખ્ખા કરીને સારા કપડાં પહેરાવીને શિવમામાની સામે લાવ્યા અને શિવમામાએ એમને પ્રેમથી ખુરશીમાં બેસાડ્યા..આરતી ઉતારી અને પગે લાગુ મારા બાપ..માફ કરજે એમ મનમાં રટણ કરતાં કરતાં પગ પખાળ્યા....!

આઝાદ ભારતના અત્યાર સુધીના ઈતિહાસમાં 21મી સદીમાં બનેલી આ ઘટનાને રાજકીય રીતે ન જોતાં મનોવિજ્ઞાન અને માનવીય દ્રિષ્ટિકેણથી જોઇએ તો તેના મૂળિયા પેલા પ્રવેશ શુકલા નામના માથાના ફરેલા યુવાનના મગજમાં પ્રવેશેલા રહેલી સત્તાની નજીકનો નશો અને તેમાં વળી શરાબનો નશો છે. કોઇ જનપ્રતિનિધિઓની સાથે આવા કેટલા હશે કે જે ધારાસભ્ય કે સાંસદ કે મંત્રીની નજીક રહેતા હશે અને આવા કેટલા કાળા કારનામાઓ કરતા હશે...?

ભલ થજો એમનું કે જેમણે પ્રવેશ શુકલાના કારનામાનો વિડિયો ઉતાર્યો અને વાઇરલ થયો. સમગ્ર ઘટનાની ભયાનકતા એ છે કે પ્રવેશને કોઇનો કોઇ ડર નથી. સામેવાળી વ્યક્તિ જાણે પોતાની ગુલામ હોય એમ તેની સાથે ધારે તે કરી રહ્યું છે.... આવા કેટલા દેશવતો રાવતો સાથે આવુ થતું હશે...ભોગ બનનાર આદીવાસી સમુદાયનો હોવાથી આરોપી સામે એસટી-એસસી એટ્રોસીટી કાયદા લાગુ પડે પણ શિવમામાની સરકારે એનએસએનો કાયદો લગાડીને એવો પ્રયાસ કર્યો કે અમે પ્રવેશના કાળા કારનામાને હળવાશથી લઇ રહ્યા નથી પણ અમારે મન એ અધમમાં અધમ ગુનો છે તેથી તેની સામે તો એનએસએ જ લાગૂ પડે....!

માન. શિવરાજસિંહ ચૌહાણે બુંદ સે જો ગઇ...હોજ સે નહીં આતી ...એ કહેવત છતાં ભોગ બનનારના પગ ધોઇને આદિવાસી સમુદાયનો રોષ દૂર કરવાનો વ્યગ્ર અને ઉચાટ મને પ્રયાસ કર્યો કેમ કે ગઇ વખતે તેઓ ભાજપને જીતાડી શક્યા નહોતા અને આ વખતે ફરીથી ભાજપની તરફેણમાં વાતાવરણ બની રહ્યું હતું તેવા સમયે આ અઘટિત ઘટના શિવમામાને રાજકીય રીતે મુશ્કેલીમાં મૂકી શકે.

---

### ઠાકરે જુથ ક્યા આધારે સીના ઠોક કે.. કહી રહી છે કે સીએમ તરીકે શિંદેના દિવસો પૂરા થઇ ગયા...?!

# મહારાષ્ટ્રમાં 15મી ઓગસ્ટે ઝંડો કોણ ફરકાવશે-શિંદે કે પવાર..?!

## સુપ્રિમના પાંચ જજોના ચુકાદાનો અમલ થાય તો શિંદે સહિત 16 બળવાખોર ધારાસભ્યો ઘરભેળા..?!

સાપ્તાહિક ગુજરાત વંદન

મહારાષ્ટ્રમાં ઠાકરે શિવસેનાના સાંસદ અને પ્રવકતા સંજય રાઉતે દાવો કર્યો છે કે એકનાથ શિંદેને મુખ્યમંત્રી પદ પરથી હટાવવામાં આવશે. "મહારાષ્ટ્રમાં આ પરંપરા ક્યારેય નહોતી. આજે હું કેમેરાની સામે કહી રહ્યો છું. મહારાષ્ટ્રના મુખ્યમંત્રી બદલાઈ રહ્યા છે.... મહારાષ્ટ્રને નવા મુખ્યમંત્રી મળશે.... એકનાથ શિંદે દૂર કરવામાં આવશે.... ગેરલાયક ઠેરવવાના કિસ્સામાં, એકનાથ શિંદે સહિત 16 ધારાસભ્યોને ગેરલાયક ઠેરવવામાં આવશે.... આથી અજિત પવારને તેમની સાથે ઉતાવળમાં લેવામાં આવ્યા છે. અજિત પવારની.આ વખતે ભાજપ સાથેની ડીલ મુખ્યમંત્રીપદ માટે છે. હાલના મુખ્યમંત્રી ઘરે જશે. 16 ધારાસભ્યોને ગેરલાયક ઠેરવવામાં આવશે. સુપ્રીમ કોર્ટના નિર્ણયનો વાક્ય વાંચીએ તો સુપ્રીમ કોર્ટે એવી વ્યવસ્થા કરી છે કે અન્ય રાજ્યોમાં આવું ન થઈ શકે. જ્યારે સુપ્રીમ કોર્ટે ચુકાદો વાંચવાનું શરૂ કર્યું, ત્યારે તેણે પ્રથમ વખત કહ્યું કે 'વ્હીપ' તરીકે ભરત ગોગાવલેની નિમણૂક અયોગ્ય અને ગેરકાયદેસર હતી.

કારણ આપતાં ન્યાયાધીશે કહ્યું કે 'વ્હીપ' નિયુક્ત કરવાનો અધિકાર માત્ર પક્ષના વડાને જ છે. તેથી તે સમયે શિંદે જૂથ એક જૂથ હતું અને ફાંટા જૂથને સાંભળવું એ પ્રમુખની ભૂલ હતી. એ ભૂલને કારણે જ ભરત ગોગાવલે વ્હીપ બન્યો છે. તેથી ભરત ગોગાવલે શિવસેનાના વ્હીપ ન બની શકે. આનો અર્થ એ થયો કે સુપ્રીમ કોર્ટે સુનીલ પ્રભુને વ્હીપ તરીકે મંજૂરી આપી. રાજકીય પક્ષના મંતવ્યો ગમે તે હોય, પક્ષના પ્રતિનિધિ ધારાસભ્યોને જાણ કરે છે.

સુપ્રિમ કોર્ટે આવા રાજકીય કિસ્સામાં અગાઉ તેમની સમક્ષ આવોલા



રાજીનામું આપી દીધું હતું. સંવેદનશીલ મહારાષ્ટ્રમાં રાજકીય સંસ્કૃતિ સચવાઈ હતી. પરંતુ, આ ચુકાદામાં તમામ ભૂલો સ્પષ્ટપણે બહાર લાવ્યા પછી પણ, સુપ્રીમ કોર્ટે શબ્દો ચોર્યા વગર સ્પષ્ટપણે વિવિધ ભાષાઓમાં ચેતવણી આપી છે કે આ સરકાર ગેરબંધારણીય અને ગેરકાયદેસર છે...! . આ ચેતવણીઓને ધ્યાનમાં રાખીને, આ

એટલે સુપ્રીમ કોર્ટ સ્પષ્ટપણે કહે છે કે રાષ્ટ્રપતિએ આ અંગે નિર્ણય લેવો જોઈએ એટલે કે માન. સર્વોચ્ચ અદાલત એ 'એપીલેટ' છે (ટ્રિબ્યુનલ વગેરેના ચુકાદાઓને પડકારો સાંભળવા માટેની ટ્રિબ્યુનલ). તેથી રાષ્ટ્રપતિએ ટ્રિબ્યુનલ તરીકે આપેલા નિર્ણયમાં જો કંઈ ખોટું હશે તો સુપ્રીમ કોર્ટમાં ફરીથી નિર્ણય પર વિચાર કરવામાં આવશે.

તમામની કોર્ટ સમક્ષ ચર્ચા થઈ છે. અને તે પાંચેય અરજીઓનો સંયુક્ત નિર્ણય આ 141 પાનામાં છે. આ જ પેજ પર સુપ્રીમ કોર્ટે એ પણ સ્પષ્ટ કર્યું છે કે અમે આ ચુકાદામાં જે કહ્યું છે તેની બહાર કોઈ નિર્ણય લઈ શકાય નહીં.

એટલે કે તેમણે 90 દિવસની અંદર આ નિર્ણય લેવો પડશે. આનો સ્પષ્ટ અર્થ છે કે ઠાકરે જુથના વ્હીપ સુનીલ પ્રભુનો પક્ષનો આદેશ અંતિમ હશે અને પક્ષના નેતા તરીકે એકનાથ શિંદેની નિમણુંક અને સરકાર ગેરબંધારણીય, ગેરકાયદેસર છે. અને તેના ધારે મહારાષ્ટ્રમાં હવે એ બાબતે ચર્ચાઓ શરૂ થઇ છે કે સુપ્રિમ કોર્ટના ચુકાદાનું અમલ થાય છે કે પછી જેમ કેજરીવાલને સત્તા આપતા ચુકાદાને ઉલટાવવા વટહુકમ બહાર પાડવામાં આવ્યો તેમ એવુ કોઇ પગલુ લેવાશે..?

રાજ્યપાલના મામલામાં સુપ્રીમ કોર્ટે કડક વલણ અપનાવ્યું હતું અને સવાલ ઉઠાવ્યો હતો કે રાજ્યપાલ કયા









અમલ 10 ઓગસ્ટ સુધીમાં કરવાનો રહેશે.

રાઉતના આ દાવાના પગલે 11 મે, 2023ના રોજ, સુપ્રીમ કોર્ટે આપેલો ચુકાદો સૌ વાંચવા લાગ્યા છે. કેમ કે એ વખતે આ બાબત જાહેર થઇ નહોતી પણ હવે સૌ કોઇ ચુકાદાનો અભ્યાસ કરવા લાગ્યા છે....ચુકાદાની મુખ્ય મુખ્ય જોગવાઇઓ પર એક નજર...

સર્વોચ્ચ અદાલતે આપેલો ચુકાદો બંધારણના નિષ્ણાતોના મતે, દેશની લોકશાહીને બચાવવાનો રહ્યો છે. કોઇ એક રાજકીય પક્ષ દ્વારા બાજા પક્ષના ધારાસભ્યોને તોડીને સરકાર બનાવવાના નવા પ્રકરણના સંદર્ભમાં આવુ કહ્યું છે.ઘણા લોકો આ વિશે અલગ અલગ મંતવ્યો ધરાવે છે. સુપ્રીમ કોર્ટ કહ્યું હતું કે બધું જ ગેરબંધારણીય હોય ત્યારે સરકાર બંધારણીય કેવી રીતે હોઈ શકે? સરકારને બરખાસ્ત કરવી જોઈએ.....!.

141 પાનાના ચુકાદામાં દરેક કેસોમાં જે તે સમયે અપાયેલા ચુકાદાઓ અને મહારાષ્ટ્રમાં તત્કાલિન રાજ્યપાલ ભગતસિંહ કોશિયારી દ્વારા ઠાકરે વિરુધ્ધ લેવાયેલા તમામ પગલાઓની આકરામાં આકરી ટીકા કરીને તેમને દૂર કરવાની સલાહ આપી હતી.

કોર્ટે વિશદ છણાવટ સાથે કહ્યું હતું કે, વિધાનસભાના અધ્યક્ષે એકનાથ શિંદેની નિમણૂક કોઈપણ પરીક્ષણ કર્યા વિના, પક્ષના અધિકારોને ધ્યાનમાં લીધા વિના કરી છે. વાસ્તવમાં, એકનાથ શિંદે માટે આ સજા પછી નૈતિકતાના બળ પર મુખ્યમંત્રી તરીકે રહેવું ખોટું હતું.

મહારાષ્ટ્રના ઈતિહાસમાં જ્યારે પણ હાઈકોર્ટે હસ્તક્ષેપ કર્યો; મોટા મુખ્ય પ્રધાનોએ પણ સમયાંતરે રાજીનામું આપવું પડ્યું હતું. અબ્દુલ રહેમાન અંતુલે, શિવાજીરાવ પાટીલ નિલંગેકર, મનોહર જોશીએ રાજીનામું આપ્યું. વિલાસરાવ દેશમુખ અને ગૃહમંત્રી આરઆર પાટીલે પણ ટીકાના કારણે સરકારે ખરેખર રાજીનામું આપવું જોઈએ. જ્યારે ભરત ગોગાવલેની વ્હીપ તરીકેની સમગ્ર નિમણુંક જ ખોટી છે, ત્યારે તેમણે જે આદેશ આપ્યો છે તે અર્થહીન છે.

આ પરિણામના અંતે છ તારણો આપવામાં આવ્યા છે. તેના બીજા નિષ્કર્ષમાં, સુપ્રીમ કોર્ટ પક્ષપલટાના પ્રશ્ન પર ગેરલાયક ઠેરવવાના નિર્ણયમાં પ્રવેશી શકે નહીં, પરંતુ વિધાનસભાના અધ્યક્ષે કહ્યું છે કે ચુકાદો વાજબી સમયગાળામાં આપવામાં આવે. હવે ચર્ચા ચાલી રહી છે કે 'વાજબી સમયગાળો'નો અર્થ શું?

તો 'કેશમ મેઘચંદ્ર સિંહ વિ. મણિપુર વિધાનસભાના અધ્યક્ષ અને અન્યોના ચુકાદામાં. રોહિન્ટન નરીમન, જસ્ટિસ અનિરુદ્ધ બોઝ અને ન્યા. વી. રામસુબ્રમણ્યમે કહ્યું છે કે રાષ્ટ્રપતિ ટ્રિબ્યુનલ તરીકે કામ કરે છે. અને ટ્રિબ્યુનલ પાસે અમુક કાનૂની સત્તાઓ પણ છે.

કોઈપણ ગેરલાયકાતની અરજીનો નિર્ણય લેવામાં રાષ્ટ્રપતિ મહત્તમ 90 દિવસનો સમય લેશે. જો દસમી અનુસૂચિ અને બંધારણનું સન્માન કરવું હોય તો રાષ્ટ્રપતિએ ક્ષતિ કરનારાઓ સામે ખૂબ કડક વલણ અપનાવવું જોઈએ.

વાજબી સમયગાળાનું વિશ્લેષણ કરતી વખતે, સુપ્રીમ કોર્ટે 'કેશમ મેઘચંદ્ર સિંહ વિ. મણિપુર વિધાનસભાના અધ્યક્ષ અને અન્યના કિસ્સામાં, અરજદાર સિંહને ત્રણ મહિનાનો ગ્રેસ પીરિયડ આપ્યા વિના ચાર અઠવાડિયામાં પોતાનો નિર્ણય લેવાનો સ્પષ્ટ આદેશ આપવામાં આવ્યો હતો. એટલે કે, સુપ્રીમ કોર્ટે 'વાજબી સમયગાળો' સ્પષ્ટપણે વ્યાખ્યાયિત કર્યો છે અને તેને રેખાંકિત કર્યું છેઃ ગેરલાયકાતના કોઈપણ નિર્ણય પર 90 દિવસની અંદર કાર્ય કરવું ફરજિયાત છે. મહારાષ્ટ્રની જે પાંચેય અરજીઓ વિશે વાત કરવામાં આવી રહી છે તે

કાયદાની અંદર રહીને કામ કરી શકે છે. રાજ્યપાલ પણ કાયદાથી બંધાયેલા છે, રાજ્યપાલનું કામ નથી કે તે રાજ્યની રાજકીય વ્યવસ્થાને અવગણીને ભંગ કરે. દેવેન્દ્ર ફડણવીસ અને સાત અપક્ષ ધારાસભ્યોએ રાજ્યપાલને લખેલા તેમના પત્રમાં અવિશ્વાસ પ્રસ્તાવની માગણી કરી હતી.

વાસ્તવમાં આ પત્ર મંજૂર ન હોવો જોઈએ. કારણ કે એવું કોઈ કારણ નજરમાં નહોતું. તેથી જ રાજ્યપાલે પોતાના અધિકારમાં રાજ્યપાલ તરીકે લીધેલો નિર્ણય કાયદા વિરુદ્ધ હતો. તે સમયે રાજ્યપાલ માટે એકનાથ શિંદેના જૂથ દ્વારા રજૂ કરાયેલા પત્રવ્યવહારને પુરાવા તરીકે લેવાનું ખોટું હતું કે 'ઉદ્ધવ ઠાકરેએ તેમની બહુમતી કોઈપણ રીતે ગુમાવી દીધી છે'.

સમગ્ર મામલામાં રાજ્યપાલની ભૂમિકા ખૂબ જ ખોટી અને રાજકીય હતી. તેને મળેલા તમામ અધિકારોનો

(અનુસંધાન પેજ નં.6પર)

---

**ધર્મ**

# કામિકા એકાદશીનું વ્રત એટલે તો સઘળી કામનાઓને પૂર્ણ કરનારું વ્રત



અષાઢ વદ અગિયારસની તિથિએ કામિકા એકાદશી તરીકે ઓળખાય છે. આ વર્ષે આ એકાદશી તારીખ 13 જુલાઈ, 2023, ગુરૂવારના રોજ છે. શાસ્ત્રોમાં જણાવ્યાનુસાર આ એકાદશીએ તુલસીપત્ર તેમજ તેની માંજરથી વિષ્ણુ પૂજનનો મહિમા છે. માન્યતા અનુસાર જે વ્યક્તિ આ દિવસે વ્રત કરીને જાગરણ કરે છે તેને ક્યારેય યમનો ભય રહેતો નથી, અને તે વ્યક્તિ ક્યારેય દુર્ગતિને પણ પામતો નથી.

આ એકાદશીએ તુલસીપત્ર તેમજ તેની માંજરથી વિષ્ણુ પૂજનનો મહિમા છે. માન્યતા અનુસાર જે વ્યક્તિ આ દિવસે વ્રત કરીને જાગરણ કરે છે તેને ક્યારેય યમનો ભય રહેતો નથી અને તે વ્યક્તિ ક્યારેય દુર્ગતિને પણ પામતો નથી. આસ્થા સાથે એકાદશીના વ્રત કરવાથી વ્યક્તિના જીવનના સઘળા સંતાપ હરાઈ જાય છે. એટલું જ નહીં, શ્રીહરિ વિષ્ણુ વ્રતથી પ્રસન્ન થઈ ભક્તની સઘળી કામનાઓની પણ પૂર્તિ કરી દે છે. ત્યારે કામિકા એકાદશીનું પણ અદકેરું જ મહત્વ છે.

આ દિવસે કેટલાંક વિશેષ ઉપાયો અજમાવીને શ્રીહરિની વિશેષ કૃપાને પણ પ્રાપ્ત કરી શકાય છે. આ એવાં ઉપાય છે કે જેના દ્વારા વ્યક્તિનો ભાગ્યોદય થાય છે અને તેની સઘળી ઈચ્છાઓની પણ પૂર્તિ થાય છે. એકાદશી પર ભગવાન વિષ્ણુની પીળા ફૂલથી પૂજા જરૂર કરવી જોઈએ. ભગવાન વિષ્ણુને પીળો રંગ અને પીળા પુષ્પ પસંદ છે. તેનાથી પ્રસન્ન થઈ શ્રીહરિ મનોકામનાપૂર્તિના આશિષ પ્રદાન કરે છે. એકાદશી પર પીળા રંગના ફળ, વસ્ત્ર તેમજ અનાજ ભગવાન વિષ્ણુને અર્પિત કર્યા પછી આ બધી વસ્તુઓ કોઈ જરૂરીયાતમંદને દાનમાં આપવું જોઈએ. કામિકા એકાદશીએ ભગવાન વિષ્ણુને ખીરમાં તુલસીના પાન નાંખી ભોગ લગાવો. તેનાથી ઘરમાં શાંતિ અકબંધ રહેશે. એકાદશી પર પીપળના ઝાડને જળ ચઢાવો. પીપળામાં ભગવાન વિષ્ણુનો વાસ મનાય છે. કહે છે કે અગિયારસના રોજ પીપળાને પાણી અર્પણ કરવાથી વ્યક્તિને દેવામાંથી મુક્તિ મળે છે. જો શક્ય હોય તો અગિયારસે સૌભાગ્યવતી સ્ત્રીઓને ઘરે બોલાવીને ફળાહાર કરાવો અને સાથે જ તેને સૌભાગ્ય શણગાર સંબંધી સામગ્રી ભેટમાં આપો. તેનાથી ઘરની સ્ત્રીનું સૌભાગ્ય અખંડ રહેશે અને ઘરમાં ખુશીઓ અકબંધ રહેશે. એકાદશીની સાંજે તુલસીની સામે ગાયનાં ઘીનો દીપક પ્રગટાવો અને "ૐ વાસુદેવાય નમઃ ।" મંત્ર બોલતા તુલસીની 11 પરિક્રમા કરવાથીથી ઘરમાં સુખ-શાંતિ બની રહેશે અને ક્યારેય સંકટ નહીં આવે.

---

**પુસ્તક પરિચય**



▪ રિપલકુમાર પરીખ

# વિચાર દ્રવ્યની મધુર લહરીઓ

સાપ્તાહિક ગુજરાત વંદન

**'જીવન એક કળા છે. તે શીખવા કોઇ પાઠશાળા નથી. તે શીખવા દૃષ્ટિ હોવી જરૂરી છે.'**

**- નિરંજના જોશી.**

જીવન જીવવાની કળાની કોઈ પાઠશાળા તો નથી પરંતુ આપણી જીવન પ્રત્યેની દૃષ્ટિ, આપણાં સારાં-માઠાં અનુભવોનું ભાથું જ આપણને જીવન જીવવાની કળા શીખવી જાય છે. અનુભવો તો આપણને ઘણાં થાય છે પરંતુ તે અનુભવો પ્રત્યે આપણી વિશાળ દૃષ્ટિ જ જીવનને હકારાત્મક અભિગમથી ભરી દે છે. સૃષ્ટિનાં કણકણમાં જે ભંડાર ભર્યો છે તે જો આપણે જાણી લઈએ તો જીવન ધન્ય થઈ જાય. આવું કણકણને જાણવાનો અને માણવાનો અવસર પુરું પાડતું એક મનનીય અને તાત્વિક વિચારધારા ધરાવતું પુસ્તક એટલે 'છીપ મોતી શંખ.'

વિદુષી ડૉ. નિરંજનાબહેન જોષીનાં મનોમંથનની નિપજ રૂપે તેમની હૃદયસ્પર્શી કલમથી અવતરેલુ સંવેદનશીલ પુસ્તક એટલે 'છીપ મોતી શંખ.' પંચમહાભૂતથી બનેલું આપણું શરીર જેમાં પૃથ્વી, જલ, તેજ, વાયુ અને ગગન તત્વો સામેલ છે. તે પંચમહાભૂતથી પુસ્તકની આત્મીય શરુઆત પુસ્તકને નવી ઉંચાઈ બક્ષે છે. ઉપરાંત પુસ્તકમાં આપણી જિંદગીમાં પળેપળે ઉપયોગી એવાં વિવિધ તત્વો અને સજીવસૃષ્ટિને પણ લેખિકાએ પોતાનાં અભ્યાસપૂર્ણ નિબંધોથી સુંદર રીતે સમજાવ્યાં છે. અહીં કોયલનો ટહુકો છે, ઘુઘવતો સમુદ્ર છે, પર્ણલીલા છે ઉપરાંત મનુષ્ય જીવનમાં સામેલ આહાર, ક્ષુધા, પ્રેમ, નિવૃત્તિ, જીવનકલા, શાંતિ એમ જીવનમાં સામેલ દરેક વસ્તુ અને સંવેદનાને લેખિકાએ પોતાનાં ટૂંકા પણ અભ્યાસપૂર્ણ નિબંધોથી સુંદર રીતે સમજાવીને પ્રસ્તુત કર્યા છે.


પદ્મશ્રી ડૉ. પ્રવીણ દરજી આ પુસ્તકને વિચાર દ્રવ્યની મધુર લહરીઓ સાથે સરખામણી કરતાં લખે છે,'નિરંજનાબહેને અહીં પૃથ્વી, પાણી, તેજ, વાયુ, આકાશ જેવા પંચમહાભૂતો વિશે, તો કોયલ, સમુદ્ર, પર્ણલીલા, વૃક્ષાદિ સજીવસૃષ્ટિ વિશે, સાથે આહાર, સંતાન, ક્ષુધા, પ્રેમ, નિવૃત્તિ, જીવનકલા, શાંતિ જેવા મનનરૂપે અવતરેલા નિબંધોનો આ સંચય તૈયાર કર્યો છે. તેમની આ રચનાઓ શુષ્ક લેખો નથી. તો છેક જ લલિતનિબંધો પણ નથી. અહીં તેમની સંવેદના છે, એને પુષ્ટ કરતો સંસ્કૃત, અંગ્રેજી, ગુજરાતી સાહિત્યનો અભ્યાસ છે. આ લેખોને વિચારદ્રવ્યની મધુર લહરીઓ રૂપે જોવાનું વધુ પસંદ કરું છું. તેમની ભાષા શિષ્ટ રહીને થોડામાં ઘણું કહી શકે છે. આ મિતાક્ષરી સૃષ્ટિ એમ એમની સંવેદન, નિરીક્ષણ, પરીક્ષણની લીલાસૃષ્ટિ બની રહી છે.'

જ્યાં હૃદયસ્થ સાહિત્યકાર સ્વ. ધીરુબહેન પટેલ આ નિબંધસંગ્રહને દરેક વાચકને આનંદદાયક પ્રવૃત્તિ પૂરું પાડતું હોય તેવું જણાવે છે તો 'લેખિની' સંસ્થાનાં પ્રમુખ ડૉ. પ્રીતિ જરીવાલા આ લલિતનિબંધ સંગ્રહને ચેતો વિસ્તાર કરે એવા વિચારપ્રધાન અને ચિંતનાત્મક જણાવે છે.

લેખિકા ડૉ. નિરંજનાબહેન જોશી આ નિબંધસંગ્રહ માટે પોતાનાં મનોભાવોને વર્ણવતાં લખે છે, 'જીવન સાગરતટ પરની રેતી સમાન છે. તેના પર અનુભવોનાં પદચિન્હો વિચારો રૂપે મોજાંની જેમ આવનજાવન કર્યા કરે છે. કાલાન્તરે રેતી પર બચે છે મનોમંથન : છીપ મોતી શંખ... આ મનોમંથન આઠ દાયકા પછી નિબંધનું રૂપ ધારણ કરે છે. વિદ્યાવ્યાસંગી હોવાને કારણે અધ્યયન અને અધ્યાપન કાર્ય બાદ લગભગ ચાર દાયકા સુધી સમાજની વિવિધ વય, સ્તરની મહિલાઓ સમક્ષ આત્મજાગૃતિ અને ભાવવૃદ્ધિના આશયથી વક્તવ્ય રૂપે અક્ષર આરાધના કરી હતી. પરિણામે મનોમંથનનો મહાવરો થઈ ગયો. ત્યારબાદ સંસ્કૃત ભાષામાં કાવ્યશાસ્ત્રના તજજ્ઞો મમ્મટ અને આનંદવર્ધનના સાહિત્યમાં ચિત્ર કાવ્ય વિષે વાંચ્યું. મનમાં વિચારવમળ જાગ્યા. ગદ્યમાં દસેક ચિત્રચિંતન વિડીયોરૂપે તૈયાર થયા. આ શબ્દાન્કિત લેખો સંચિત વૈભવ સમાન પડ્યા હતા. તે લેખો ડૉ. કવિત પંડ્યાની ચકોર નજરમાં વસી ગયા. પ્રેરણાબહેન લીમડીને જાણ થઈ. તે બંનેના પ્રેમાગ્રહ અને સાતત્યપૂર્ણ પ્રોત્સાહનની નીપજ છે આ 'છીપ મોતી શંખ.'

આ નિબંધસંગ્રહનો એક નિબંધ 'શું ઈશ્વર છે?' નો એક અદ્ભુત અંશ માણીએ.

'તને જ્ઞાનેન્દ્રિય, કર્મેન્દ્રિય જેવા અણમોલ ઉપહાર તેં ન




માગ્યા હોવા છતાં તને આપીને પૃથ્વી પર મોકલ્યો ત્યારે જગ આખાએ તને હસીને વધાવ્યો. ચાલણગાડીની મદદથી ચાલતો હતો, કેટલી વાર પડ્યો છતાં ફરી ઊભો થઈ તને આંગળી પકડી ચલાવ્યો, કાલુંઘેલું બોલનારને સ્નેહથી સીંચનાર માતાને તારી બોલી સમજવા જેટલી બુદ્ધિ કોણે આપી? ત્યારે કયા શહેરમાં, કયા ઘરમાં, કયા માબાપને ત્યાં જન્મ લેવો તેમાં તારો મતાધિકાર હતો? તારી manufacturing date અને તારી expiry date ની તને જાણ છે? તો તું કયા અધિકારથી પૂછે છે કે, "ઈશ્વર છે?"

---

**રસદર્શન**

# વરસાદ માનવીમાં લાગણીઓ જોઇ કે માપી શકાય નહીં, તે તો અનુભવી શકાય

સાપ્તાહિક ગુજરાત વંદન

**ઝાપટું વરસાદનું ઝીલી શકો ને આંકડા આપી શકો એ શક્ય, પણ,**
**મન વરસતું હોય ત્યાં ભીનાશના જથ્થા વિશે,**
**પૂછો તો શું પૂછી શકો ?**
**- સંજુ વાળા**

વેધશાળામાં વરસાદ મપાય અને તે અંગેની આગાહીઓ પણ થાય , પેપરમાં આવે ક્યાં કેટલો વરસાદ પડ્યો, પરંતુ આ જ વરસાદ માનવીમાં અનેક પ્રકારની લાગણીઓ જગાડે છે. તે ન તો જોઈ શકાય છે ન તો માપી શકાય છે તે માત્ર અનુભવી શકાય છે.


વરસાદને પ્રેમ કરતા પ્રત્યેક માનવી માટે, માત્ર ફૂટપાથ પર વરસાદના ટીપાંને ડાન્સ કરતા, પાંદડા પરથી પાણીનાં ટીપાં પડતાં અને છત પરથી પડતાં નેવાં જોવાં એ સ્વાનંદનો અનુભવ છે.

કેટલાક તેમની સર્જનાત્મકતા માટે વરસાદને શ્રેય આપે છે, જ્યારે કેટલાક ફક્ત તેમની બારીમાંથી વરસાદને જુએ છે, સૌને પોતપોતાનો વરસાદ હોય છે, પરંતું વરસાદ અને માનવ વર્તનનો સંબંધ છે તે સાબિત કરવા માટે લાગણીનાં પુરાવા છે.

વરસાદથી લયબદ્ધ ભીંજાયેલી પ્રકૃતિ અને લયબદ્ધ ભીંજાયેલા મન એકમેક સાથે અનેક રીતે સામ્ય ધરાવે છે, વરસાદ સાથે માનવીઓનો આ પ્રેમસંબંધ ઘણા યુગોનો છે અને તે આપણી સંસ્કૃતિ અને પૌરાણિક કથાઓનો અભિન્ન ભાગ છે ,

શેરનું હાર્દ આ શબ્દો ઉપર છે "Pluviophile"..

વરસાદ ઉપર જે વ્યક્તિને અનહદ પ્રેમ હોય તેના માટે આ શબ્દ છે પરંતુ તેની સાથે વરસાદથી જેને વિવહળતાની સંવેદના વધે અથવા મેઘદૂતના યક્ષની



જેમ વરસાદમાં જેને વિરહની કઠણાઈ અનુભવી હોય તેની સંવેદનાની વાત કવિએ આબાદ ઝીલી છે.

મોસમની પ્રત્યક્ષતા અને વાતાવરણનું વ્હાલ આ બંને એકમેકના પુરક થઈ જ્યારે મનમાં ઉભરે ત્યારે મનની ભીનાશ બહાર આવ્યા વગર, પ્રગટ્યા વગર રહેતી નથી..

બહાર જે વાતાવરણ છે એ જ વાતાવરણ મનમાં ઘેરાય છે.. મનમાં આ જ ગોરમ્ભો મનમાં જ અનરાધાર, તનમાં જ ભીનાશ અને એક એવી અવસ્થા કે જેને શબ્દો દ્વારા આ રીતે પણ વ્યક્ત થાય છે

**નભ ઘેરાયું ભીતરનું, ઘનઘોર ઘટાની પ્હેલાં,**
**અંતરભીનાં સ્પંદન જડશે..વરસાદી માહોલે.**
**વ્હાલ નીતરતાં ગાલ ઉપરથી પાણી કેવું ટપકે,**
**દેહે ઠંડક, હૈયું સળગે.. વરસાદી માહોલે.**
**- હરીશ શાહ**

Printed, Published and Owned by Editor - NIKUNJ SUDHIRKUMAR PATEL Printed at Bhaskar Printing Press, Survey No.148-P, Near Naagdevta Temple, Changodar-Bavla HighWay, Ta.Sanand, Dist. Ahmedabad, Gujarat and published from 301, Kalptaru Complex, Opp. Premchand Nagar, Jodhpur Satyagrah Chhavni Road, Ahmedabad – 380 015 Tel. 079-48987111. Co-Editor PRAVIN GHAMANDE Responsible for Selection of news under PRB Act'.

# દહેગામ જીઆઈડીસીમાં ટેન્કરમાંથી કેમિકલ કાઢી પાણી ભરી દેવાનું મસમોટું રેકેટ ઝડપાયું

## સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમને મળી હતી બાતમી, વિજીલન્સની ટીમે 43 લાખના મુદ્દામાલ સાથે ત્રણ ને ઝડપી પાડ્યા

ગુજરાત | વંદન

દહેગામ જીઆઈડીસીમાં દહેજથી લાવવામાં આવતાં ટેન્કરમાંથી ફેનોલ નામનું કેમિકલ કાઢી લઈ અંદર પાણી ભરી દેવાના રેકેટનો સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમે પર્દાફાશ કરી 42 લાખ 88 હજારના મુદ્દામાલ સાથે ત્રણ ઈસમોને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમને બાતમી મળી હતી કે, દહેગામ જીઆઈડીસીમાં પ્લોટ નં. 705, વિશ્વકર્મા ઈન્ડસ્ટ્રીઝનાં ઓથાર હેઠળ ટેન્કરમાંથી ફેનોલ નામનું કેમિકલ કાઢી લઈ અંદર પાણી ભરી દેવાનું મોટું રેકેટ ચાલી રહ્યું છે. જેનાં પગલે એસએમસીની ટીમે બાતમી વાળી જગ્યાએ ત્રાટકીને ટેન્કરના ડ્રાઈવર યુનુસભાઈ હબીબભાઈ મીર (રહે. હિમતપુરા, ભચાવ જિ.કચ્છ ભુજ), લાલાભાઈ દાજીભાઈ ખાટ (રહે.પ્લોટ નં.705, વિશ્વકર્મા ઈન્ડસ્ટ્રીઝ) તેમજ મુખ્ય સૂત્રધાર શૈલેષભાઈ વિરમભાઈ પટેલને (રહે.126 પ્રણામી બંગલોઝ, તન્મય ભાજીપાવ પાસે, વસ્ત્રાલ અમદાવાદ, મૂળ પાટણ) ઝડપી લીધા હતા.

ઉક્ત ઈસમો દહેજથી કેમિકલ ભરી લાવીને હિંમતનગર લઈ જતા હતા. જ્યાં રસ્તામાં દહેગામ જીઆઈડીસીમાં ઉક્ત ઈન્ડસ્ટ્રીમાં ટેન્કર લાવી દેતા હતા. બાદમાં ટેન્કરમાંથી ફેનોલ નામનું કેમિકલ કાઢી લઈ અંદર પાણી ભરી દેતા હતા. જેનાં પગલે એસએમસી ટીમે 27 લાખ 62 હજાર 248 ની કિંમતનું 30 હજાર 533 કિ.ગ્રા ફેનોલ કેમિકલ, 15 લાખનું ટેન્કર, 10 હજાર 500 ના ત્રણ મોબાઈલ, ત્રણ હજાર રોકડા તેમજ બેરલ સહિત 42 હજાર 88 હજાર 948 નો મુદ્દામાલ જપ્ત કરી લીધો હતો. જ્યારે આ રેકેટમાં સી.એમ. પટેલ કોસ્મિક કેમિકલ રખિયાલ આમદાવાદનું પણ નામ ખુલતા તેને વોન્ટેડ જાહેર કરાયો છે. આ અંગે દહેગામ પોલીસ મથકમાં ગુનો નોંધવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.



## છત્રી ના ખોલ ઉડ જાયેગી....



ચોમાસાની ઋતુ શરૂ થતા જ સીઝનલધંધાની જેમ હવે છત્રીઓની માંગ થઈ રહી છે. વરસાદી પાણીથી બચવા વિવિધ ઉપાયો પૈકી એક છત્રી છે. એક સમયે કાળા રંગની મોટી છતરીનું ચલણ હતું હવે રંગ બે રંગી અને ફોલ્ડર-વાળી શકાય એવી છતરીઓ બજારમાં ઉપલબ્ધ છે. શહેરમાં છત્રીઓ બનાવનાર એકમોમાં કારીગરો છત્રીઓ બનાવતા નજરે પડે છે. છત્રીને લઈને એક ફિલ્મી ગીતમાં...એમ પણ કહેવાયું છે કે 'છત્રીના ખોલ ઉડ જાયેગી....' આ ઉપરાંત જો છત્રીની જ વાત ચાલી રહી છે તો નરગીસ અને રાજકપુરની ફિલ્મ શ્રી 420ના એક ગીત-'પ્યાર હુઆ ઈકરાર હુવા....'માં બન્ને કલાકારો છત્રીની નીચે ઉભા છે. આ ફોટો એક આઈકોનિક ફોટો બની ગયો છે.

તસ્વીર : મૌર્ય ભાગ્યવાન

# સાપ્તાહિક રાશિફળ

પંડિત અજય શર્મા

**મેષ** (અ.લ.ઈ)
આત્મનિરીક્ષણ તમને તમારા ઘણા જટિલ કાર્યોને ગોઠવવાની તક મળશે. જો મેન્ટેનન્સમાં ફેરફારને લગતી કોઈ યોજના છે, તો તેને ગંભીરતાથી જુઓ. મિત્રો સાથે મુલાકાત પણ થશે. વસ્તુઓને વર્તમાન પર વર્ચસ્વ ન થવા દો. અહંકારને કારણે ભાઈઓ સાથે કેટલીક દલીલો થઈ શકે છે.

**વૃષભ** (બ.વ.ઉ)
કોઈ ખાસ કામ માટે કરેલા પ્રયત્નોનું આજે પરિણામ મળશે. ઉધાર કે ફસાયેલા પૈસા પણ મળી શકે છે. યુવાનોને વ્યાવસાયિક અભ્યાસમાં યોગ્ય સફળતા મળશે. જો કોઈ યોજના બનાવવામાં આવી રહી છે, તો આજે તેનો અમલ થઈ શકે છે. વધારે તણાવ લેવો અને દોડવું સ્વાસ્થ્ય માટે સારું નથી.

**મિથુન** (ક.છ.ઘ)
તમારા અંગત જીવન સાથે સંબંધિત નિર્ણય લેવા માટે અનુકૂળ સમય છે. તમારી નિપુણતા અને ક્ષમતા લોકોની સામે આવશે. લાભદાયક સમય સર્જાયો છે. બાળકોની કોઈપણ સિદ્ધિ પર તમે ગર્વ અનુભવશો. કોઈની મદદ કરવાનું વચન આપતી વખતે તમારી ક્ષમતાનું ધ્યાન રાખો.

**કર્ક** (ડ.હ)
સક્રિય અને સકારાત્મક રહેવાથી અને આયોજિત દિનચર્યા રાખીને આયોજન કરી શકશે. સામાજિક અથવા રાજકીય પ્રવૃત્તિઓમાં મોટા ભાગનો સમય પસાર થશે. તેમજ મહત્વપૂર્ણ લોકો સાથે ફાયદાકારક સંપર્કો બનશે આવકના કોઈ અટકેલા સ્ત્રોત પણ શરૂ થઈ શકે છે.

**સિંહ** (મ.ટ)
તમારા સંપર્કો વધારવા પર ભાર મૂકવો જોઈએ, જૂની સમસ્યાનો ઉકેલ મળશે અને તમને ઘણી રાહત અને રાહત મળશે. વિદ્યાર્થીઓએ તેમની કોઈપણ સિદ્ધિઓને પણ યાદ રાખવી જોઈએ. તમારી કોઈપણ જીદના કારણે માતૃપક્ષ સાથેના સંબંધોમાં ખટાશ આવી શકે છે.

**કન્યા** (પ.ઠ.ણ)
આવનાર સપ્તાહ આનંદ અને ઉત્સાહથી ભરેલો રહેશે. પરિવારના સભ્યો સાથે કોઈ ખાસ મુદ્દાને લઈને સકારાત્મક વાતચીત પણ થશે. તમારી લાયકાત અને સમાજ અને સંબંધીઓમાં ક્ષમતાની પ્રશંસા થશે. યુવાનો ઘરના વડીલોની સૂચના સલાહને અનુસરો. બનેલું કામ બગડી શકે છે.

**તુલા** (ર.ત)
અટકેલા અંગત કાર્યોને ઉકેલવા માટે અનુકૂળ સમય છે. જો તમે જોખમ લેવા તૈયાર છો, તો તમને ફાયદો થશે. વ્યવસ્થિત રહેવા માટે માનસિક રીતે તમારી જાતને મજબૂત કરો અને તણાવમુક્ત રહો. કોઈપણ નાણાકીય પગલું ભરતા પહેલા તેનાથી સંબંધિત માહિતી મેળવવાની ખાતરી કરો.

**વૃશ્ચિક** (ન.ય)
કોઈ વરિષ્ઠ અને અનુભવી વ્યક્તિની સલાહને અનુસરો. મિત્રો અથવા સ્વજનો સાથે ગેટ-ટુગેધરનો કાર્યક્રમ પણ બનાવી શકાય. સાસરી પક્ષ સાથે કોઈપણ ચાલુ વિવાદનો પણ ઉકેલ આવશે. તમારી વાણી અને ગુસ્સા પર સંયમ રાખવાથી તમે ઘણી મુશ્કેલીઓથી બચી શકશો.

**ધન** (ભ.ધ.ફ)
આવનાર સપ્તાહ થોડી મુશ્કેલીઓ આવશે પરંતુ તમે યોજનાબદ્ધ રીતે પરિસ્થિતિને સંભાળશો. તમારા કોઈપણ વિશેષ કાર્યને પૂર્ણ કરવા માટે મિત્રોનો સહકાર તમને ચોક્કસ સફળતા અપાવશે. સામાજિક પ્રવૃત્તિઓમાં તમારું યોગદાન ઓળખાણ બનાવશે.

**મકર** (ખ.જ)
કોઈ એવી યોજના બની શકે છે, જેમાં તમને તમારી યોગ્યતા મળશે. અને તમને તમારી ક્ષમતા વ્યક્ત કરવાનો મોકો પણ મળશે. નાણાકીય યોજના ફળદાયી બનવાથી મન પ્રસન્ન રહેશે. વાહન અથવા કોઈ કિંમતી વસ્તુની ખરીદીની યોજના હોય તો આજે નિર્ણય લેવો યોગ્ય રહેશે.

**કુંભ** (ગ.સ.શ.ષ)
તમારા બધા વિચારો સમયસર કામ બનતા જોવા મળશે. બાળકોની શિક્ષણ સંબંધિત કેટલીક લાભકારી યોજનાઓ ફળદાયી રહેશે. ઈચ્છિત પરિણામો હાંસલ કરવા માટે યુવાનોને વધુ મહેનતની જરૂર છે. વિદેશ જવાનો પ્રયાસ કરતા લોકોને કેટલીક સમસ્યાઓનો સામનો કરવો પડે છે.

**મીન** (દ.ચ.ઝ)
આગામી અઠવાડિયું વડીલો અને વરિષ્ઠ વ્યક્તિઓ અનુભવોને આત્મસાત કરવાથી તમને નવી દિશા મળશે. વિદ્યાર્થીઓને તેમના અભ્યાસમા ચાલી રહેલી સમસ્યાનો ઉકેલ મળશે. કોઈ નિર્ણય લેવામાં ઉતાવળ ન કરવી. જોકે મુશ્કેલીઓ હોવા છતાં તમારું કાર્ય પૂર્ણ થશે. બહારના વ્યક્તિ તમારા ઘરની શાંતિ ડહોળી શકે છે. કેટલાક બિનજરૂરી ખર્ચને કારણે ચિંતા રહેશે.

### ચાલુ વર્ષે સોનિયાબેન ગોકાણી બન્યા હતા પ્રથમ ચીફ જસ્ટિસ

# સુનીતા અગ્રવાલ ગુજરાત હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ બનનાર બીજા મહિલા જસ્ટિસ

ગુજરાત | વંદન

ગુજરાત હાઈકોર્ટને વધુ એક મહિલા ચીફ જસ્ટિસ મળ્યા છે. આ વખતે સુનીતા અગ્રવાલની ગુજરાત હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ પદે નિમણુંક કરવામાં આવી છે. ચાલુ વર્ષે જજ સોનિયાબેન ગોકાણી બાદ સુનીતા અગ્રવાલ ગુજરાત હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ બનનાર બીજા મહિલા જસ્ટિસ છે. તો હાલના ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટીસ આશિષ દેસાઈની કેરળ હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશના પદે માટે ભલામણ કરાઈ છે. નોંધનીય છે કે, સુપ્રીમ



કોર્ટના કોલેજિયમ દ્વારા ગુજરાત સહિત જે સાત રાજ્યોની હાઈકોર્ટ માટે નવા ન્યાયાધીશોની ભલમણ કરાઈ છે, તેમાં 57 વર્ષીય જજ સુનીતા અગ્રવાલ એક માત્ર મહિલા જસ્ટિસ છે.

ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટિસ પદે સુનીતા અગ્રવાલની નિમણુંક કરાઈ છે. તેમનો જન્મ 30 એપ્રિલ 1966ના રોજ થયો હતો. તેમણે વર્ષ 1989માં અવધ યુનિવર્સિટીમાંથી કાયદામાં સ્નાતકની ડિગ્રી મેળવી હતી. ત્યારબાદ વર્ષ 1990માં તેઓ ઉત્તર પ્રદેશની બાર કાઉન્સિલના સભ્ય બન્યા. તેમને 21 નવેમ્બર 2011ના રોજ અલાહાબાદ હાઈકોર્ટના એડિશનલ ન્યાયાધીશ તરીકે નિમણૂક કરાયા અને 6 ઓગસ્ટ, 2013 ના રોજ કાયમી ન્યાયાધીશ તરીકે શપથ લીધા હતા.

# કોંગ્રેસ રાજ્યસભાની ચૂંટણીમાં ઉમેદવાર ઉભા નહીં રાખે

ગુજરાત | વંદન

ગુજરાત કોંગ્રેસ રાજ્યસભાની ચૂંટણીમાં ઉમેદવાર નહીં ઉભા રાખે. ગુજરાત વિધાનસભામાં કોંગ્રેસનું સંખ્યાબળ પૂરતું ન હોવાથી આ નિર્ણય લેવાયો છે. રાજ્યસભાની 3 બેઠક પર 24 જુલાઈએ ચૂંટણી યોજાશે. જેને પગલે ભાજપ એક્શનમાં જોવા મળી રહી છે અને ગમે તે ક્ષણે ત્રણ બેઠકો પર નામો જાહેર થઈ શકે છે.

વર્તમાન 11 બેઠકો પૈકી 8 બેઠકો ભાજપ પાસે છે. તેમજ સૌરાષ્ટ્ર અને ઉતરગુજરાતમાં નેતાને ભાજપે રાજ્યસભામાં મોકલ્યા છે અને હવે દક્ષિણ ગુજરાત અને મધ્યગુજરાતને તક મળે તેવી પ્રબળ શકયતાઓ પણ વર્તાઈ રહી છે. ભાજપ પાસેની 8 બેઠકોમાંથી 3 સાંસદ સૌરાષ્ટ્ર અને 3 સાંસદ ઉત્તર ગુજરાતના છે જ્યારે એક સાંસદ અમદાવાદ અને એક અન્ય રાજ્યના છે. ત્રણ બેઠકો પર હાલ એક વિદેશમંત્રી એસ જયશકર ટર્મ પૂર્ણ થઈ રહી છે અને એસ.જયશંકરને રિપીટ કરે તેબી પ્રબળ શકયતાઓ પણ છે. અન્ય બે બેઠકોમાં જુગલજી ઠાકોર અને દિનેશ અનાવડીયાના સ્થાને અન્ય નામોની શક્યતાઓ પણ છે. નોંધનીય છે કે, રાજ્યસભાની 10 બેઠકો માટે 24 જુલાઈએ ચૂંટણી યોજાશે. જેમાં પશ્ચિમ બંગાળની 6, ગુજરાતની 3 અને ગોવાની 1 બેઠકનો સમાવેશ થાય છે.

### કચેરીના મોટા ભાગના કર્મચારીઓ રજા પર ઉતરી ગયા

# 'હર ઘર નલ' યોજનામાં ભ્રષ્ટાચારની તપાસમાં સહયોગ ન કરતા 7 કર્મચારીઓ ફરજ મોકૂફ

ગુજરાત | વંદન

દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ડ્રિમ પ્રોજેક્ટ 'હર ઘર નલ' યોજનાનું બાળ મરણ કરનાર અધિકારી અને કર્મચારીઓ વિરુદ્ધ થઈ કડક કાર્યવાહી કરવામાં આવી છે. વિજિલન્સ તપાસમાં સહકાર ન આપતા યુનિટ મેનેજર અને કર્મચારીઓ વિરુદ્ધ કડક કાર્યવાહી કરતા મહીસાગર જિલ્લા વાસમોના યુનિટ મેનેજર સહિત અન્ય 7 જેટલા કર્મચારીઓને વડી કચેરી દ્વારા ફરજ મોકૂફીના આદેશ કરવામાં આવતા સમગ્ર જિલ્લામાં ખળભળાટ મચી ગયો છે.

જિલ્લા જળ અને સ્વચ્છતા એકમ , મહિસાગર ખાતે 'નલ સે જલ'ની કામગીરી દરમ્યાન ગેરરીતિ અંગેની ફરિયાદોના સંદર્ભમાં ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ હસ્તકની વિજિલન્સ ટીમ દ્વારા સ્થળ તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમ્યાન ટીમના સભ્યોને જરૂરી દસ્તાવેજો પુરા પાડવામાં આવતા નથી અને પુરતી માહિતી આપવામાં આવતી નથી . આમ કરીને જિલ્લા જળ અને સ્વચ્છતા એકમ , મહિસાગર ખાતે કર્મચારીઓ દ્વારા તપાસમાં વિક્ષેપ કરવામાં આવી રહ્યો છે. ઉપરાંત મહિસાગરની કચેરીના મોટા ભાગના કર્મચારીઓ રજા પર ઉતરી ગયા છે . જેના કારણે સ્થળ તપાસ કરવા આવેલ અધિકારીઓ તપાસની કામગીરી કરી શકતા નથી.

અત્યાર સુધી થયેલી તપાસના આધારે મળેલા રિપોર્ટ મુજબ રેકર્ડ કરેલ માપની સામે અમુક ગામોમાં ઓછા માપની પાઈપો સ્થળ ઉપર મળી છે. અમુક કિસ્સામાં જે કંપનીની પાઈપ દર્શાવેલ છે તે સિવાયની કંપનીની પાઈપો સ્થળ ઉપર મળી છે. આમ, સ્થળ તપાસમાં પ્રાથમિક દ્રષ્ટિએ ગંભીર અનિયમિતતા જણાઈ, તેમજ સ્થળ તપાસમાં અસહકાર અને રુ

**ફરજ મોકૂફ કરાયેલા અધિકારી અને કર્મચારીઓની યાદીઃ**

એ.જી રાજપરા યુનિટ મેનેજર
મૌલેશ હિંગુ
દશરથ પરમાર
ભાવિક પ્રજાપતિ
કર્મવીરસિંહ સિસોદિયા
અલ્પેશ પરમાર
સુરપાલસિંહ બારૈયા

# અમદાવાદના બાપુનગરમાં સરાજાહેર પથ્થરમારો

ગુજરાત | વંદન

શહેરના બાપુનગરમાં રહેતા રાજેન્દ્રકુમાર કુંભારે પોપટ ભાઈ અને તેના બે દીકરાઓ સામે નોંધાવેલી ફરિયાદ મુજબ તેઓએ ઘરની પાસે આવેલી ખુલ્લી જગ્યાએ શાકભાજીની લારી મૂકવાની ના પાડી હતી. જેને પગલે રાજેન્દ્રભાઈને પોપટભાઈ અને તેના બે દીકરાઓ આવી ઝઘડો કરી ગાળો બોલી માર મારી, પથ્થરો મારતાં રાજેન્દ્ર ભાઈ, તેમની પત્ની અને બહેનને ઈજા પહોંચી હતી.

# ગુજરાતીઓને ઠગ કહેનાર તેજસ્વી યાદવ વિરુદ્ધ વધુ બે સાક્ષીઓની જુબાની

ગુજરાત | વંદન

ગુજરાતીઓને ઠગ કહેવાના બિહારના ઉપ-મુખ્યમંત્રી તેજસ્વી યાદવના નિવેદન મામલે અમદાવાદ મેટ્રો કોર્ટમાં આજે વધુ સુનાવણી હાથ ધરાઈ હતી. આ મામલે આજે વધુ બે સાક્ષીનાં નિવેદન લેવાયાં છે. આમ, આ કેસમાં અત્યારસુધીમાં કુલ 15 સાક્ષી તપાસ્યા છે.અરજદારના એડવોકેટ પ્રફુલ પટેલે જણાવ્યું કે આ કેસમાં મેટ્રો કોર્ટે 21 જુલાઈના રોજ વધુ સુનાવણી નક્કી કરી છે, જેમાં વધુ એક સાક્ષીનું નિવેદન લેવાશે. બાદ કોર્ટ સમક્ષ નિયમ 204ની પ્રોસેસ અંતર્ગત તેજસ્વી યાદવને સમન્સ મોકલવા માગ કરાશે.

# નીતિન પટેલ રાજસ્થાનના સહ પ્રભારી બન્યા

### » ગુજરાત ભાજપના બે નેતાઓને ચૂંટણીની જવાબદારી સોંપાઈ

ગુજરાત | વંદન

દેશમાં આગામી સમયમાં લોકસભાની ચૂંટણી યોજાવા જઈ રહી છે. ત્યારે તે પહેલાં ચાર રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે. આ માટે ભાજપે પુરજોશમાં તૈયારીઓ શરૂ કરી દીધી છે. મધ્યપ્રદેશ, રાજસ્થાન, છત્તીસગઢ અને તેલંગાણામાં વિધાનસભાની ચૂંટણી પહેલાં ભાજપે ચૂંટણી પ્રભારીની જાહેરાત કરી છે. જેમાં ગુજરાતના પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલને રાજસ્થાનના સહ પ્રભારી



બનાવવામાં આવ્યાં છે. તે ઉપરાંત કેન્દ્રીય આરોગ્ય મંત્રી મનસુખ માંડવિયાને છત્તીસગઢના સહ પ્રભારીનો હવાલો અપાયો છે. આમ ગુજરાતના બે ભાજપના આગેવાનોને બે રાજ્યોમાં મહત્વની જવાબદારી સોંપવામાં આવી છે.

ભાજપે આગામી વિધાનસભા ચૂંટણી અને વર્ષ 2024માં યોજાનારી લોકસભા ચૂંટણીને ધ્યાને રાખી પાર્ટી સંગઠનના સ્તરે ફેરફાર શરૂ કરી દીધા છે. ચાલુ વર્ષના અંત ભાગમાં કેટલાંક રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી અને 2024માં લોકસભાની ચૂંટણી પહેલા ભાજપે ચાર રાજ્યોમાં નવા પ્રદેશ પ્રમુખની નિયુક્તિ કરી છે. જી કિશન રેડ્ડી, સુનીલ જાખડ અને બાબુલાલ મરાંડીને અનુક્રમે તેલંગાણા, પંજાબ અને ઝારખંડમાં ભાજપની કમાન સોંપવામાં આવી છે. આ ઉપરાંત પૂર્વ કેન્દ્રીય પ્રધાન ડી પુરંદેશ્વરીને આંધ્રપ્રદેશ ભાજપના અધ્યક્ષ બનાવાયા છે. ભાજપના સંગઠનમાં આ ફેરફારને પગલે મોદી કેબિનેટમાં ફેરબદલને અટકળોને પણ વેગ મળ્યો છે, કારણ કે જી કિશન રેડ્ડી હાલમાં કેન્દ્રીય પ્રધાન છે. સંગઠનમાં ફેરબદલની સાથે સાથે કેબિનેટમાં ફેરફારની ચર્ચાઓ પણ જોરશોરથી ચાલી રહી છે. ભાજપ જી. કિશન રેડ્ડી કે જેઓ અત્યાર સુધી પર્યટન મંત્રી હતા તેમને તેલંગાણાના પ્રદેશ પ્રમુખની જવાબદારી સોંપવામાં આવી છે હવે તેની જગ્યાએ ચોક્કસપણે કોઈ અન્ય નેતા કેન્દ્રીય મંત્રી તરીકે આવશે. આ સિવાય કેટલાક વધુ નેતાઓને મંત્રી બનાવવામાં આવી શકે છે, જ્યારે કેટલાક મંત્રીઓ સંગઠનમાં પરત આવી શકે છે.

## શબ્દોની સંતાકૂકડી 69 — સાપ્તાહિક ગુજરાત વંદન

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 1 | ■ | 2 | | 3 | ■ | 4 |
| 5 | | | ■ | 6 | 7 | |
| | ■ | 8 | 9 | ■ | 10 | |
| 11 | 12 | ■ | 13 | | ■ | |
| ■ | 14 | 15 | | ■ | 16 | ■ |
| 17 | | | ■ | 18 | | |
| ■ | 19 | | | ■ | | ■ |

**ઊભી ચાવી**

(1) લાકડા કાપવાનું સાધન [4]
(2) ઉચ્ચ કોટિનું, સારું, શ્રેષ્ઠ [3]
(3) કિલ્લો, દુર્ગ [2]
(4) આક્રંદ, રોકકળ, કલ્પાંત [4]
(7) અહીં આગ શબ્દ ઊંધો થયો છે [2]
(9) મીઠું, લૂણ [3]
(12) લડાઈ માટેનો પડકાર, આહ્વાન [4]
(15) બાગ, બગીચો, ઉદ્યાન [3]
(16) આરંભ, શરૂઆત [3]

**આડી ચાવી**

(2) ઉમળકો, ઉત્સાહ, હોંશ [3]
(5) દયા, મહેર, મહેરબાની, કૃપા [3]
(6) પુંજ, ખડકલો, નાનો ઢગ [3]
(8) સખાવત, બક્ષિસ [2]
(10) મોટીબેન [2]
(11) શરીર પરના કાળા ડાઘ [2]
(13) ચિત્ત, હૃદય, હૈયું [2]
(14) અંગનો મચકોડ, લચકાતી ચાલ [3]
(17) ઉતારો, પડાવ [3]
(18) ભોંયરાનો રસ્તો, જમીનમાં પહાડ ખોદી કરવામાં આવેલો માર્ગ [3]
(19) ક્રિકેટમાં ઘાયલ બેટ્સમેનને બદલે રન લેવામાટે દોડનાર [3]

**શબ્દોની સંતાકૂકડી-69 નો ઉકેલ આવતા અંકે**

**શબ્દોની સંતાકૂકડી-68નો ઉકેલ**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 1 સ | ર | 2 ઘ | 3 સ | ■ | 4 વે | 5 દ |
| ગ | ■ | 6 ર | ક | 7 મ | ■ | મ |
| 8 ડ | 9 ગ | ■ | 10 ટ | ગ | 11 ર | ■ |
| ■ | 12 ગ | 13 ર | મ | ■ | 14 ખે | 15 ડે |
| 16 પ | ડા | વ | ■ | 17 લ | ગા | વ |
| 18 ત | ટ | ■ | 19 વાં | ■ | ળ | ■ |
| ન | ■ | 20 ચી | ક | ણું | ■ | 21 પા |

## સાપ્તાહિક ગુજરાત વંદન — સુડોકુ કોયડો નં. 71

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 9 | 1 | 2 | | | 8 | 3 | |
| | | | | | 6 | | | |
| | 2 | | | | 9 | | 4 | 7 |
| | 5 | | | | 3 | | 8 | |
| 6 | | | 4 | 1 | | | | |
| 1 | | | 8 | | | | 9 | 5 |
| | 6 | | 9 | | | | 2 | |
| | | 2 | 3 | | | | | 4 |
| 8 | 3 | | | 4 | | 1 | 6 | |

ખાનાઓમાં એકથી નવના આંક એ રીતે ગોઠવાયેલા છે કે ઊભી, આડી રોમાં એક આંક એક જ વાર આવે. તે જ રીતે દરેક કોર્નરમાં નવના ચોકઠામાં પણ એકથી નવના આંક એક એકવાર જ આવવા જોઈએ. નમૂના માટે કેટલાક આંક મૂકાયા છે. ખાલી ખાનાં હવે તમે તર્ક લગાડીને ભરી કાઢો.

**સુડોકુ-71નો ઉકેલ**


| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 5 | 9 | 1 | 2 | 7 | 4 | 8 | 3 | 6 |
| 4 | 7 | 8 | 5 | 3 | 6 | 9 | 1 | 2 |
| 3 | 2 | 6 | 1 | 8 | 9 | 5 | 4 | 7 |
| 2 | 5 | 7 | 6 | 9 | 3 | 4 | 8 | 1 |
| 6 | 8 | 9 | 4 | 1 | 5 | 2 | 7 | 3 |
| 1 | 4 | 3 | 8 | 2 | 7 | 6 | 9 | 5 |
| 7 | 6 | 4 | 9 | 5 | 1 | 3 | 2 | 8 |
| 9 | 1 | 2 | 3 | 6 | 8 | 7 | 5 | 4 |
| 8 | 3 | 5 | 7 | 4 | 2 | 1 | 6 | 9 |

# સૌરાષ્ટ્ર, ઉત્તર અને દક્ષિણ ગુજરાત

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

## પાવાગઢ મંદિરની જેમ નવ નિર્માણ પામશે બહુચરાજી માતાનું મંદિર

### 70 કરોડના ખર્ચે બંસી પહાડપુર પથ્થરમાંથી નિર્માણ કરાશે



ગુજરાત | વંદન

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા શ્રદ્ધાળુઓની લાગણી ધ્યાને રાખીને બહુચર માતાજીના ભવ્ય નિર્માણ માટે મંજૂરી આપવામાં આવી છે. રાજ્યના ધર્મપ્રેમી ભક્તોને દર્શન માટેની સગવડો ધ્યાને લઈ સોમનાથ, દ્વારકા, પાવાગઢના મંદિરના વિકાસની જેમ જ બહુચરાજી મંદિરનું નિર્માણ કરાશે.

પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે રાજ્ય સરકારના પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા માઈભક્તોની આસ્થાને ધ્યાને રાખીને બંસીપહાડપુર પથ્થરમાંથી આ મંદિરનું નિર્માણ કરવામાં આવશે.

મંદિરના હયાત જમીનના ડેટાની માહિતી મેળવવા તથા ડિઝાઈન તૈયાર કરાવવા માટે કન્સલ્ટન્ટ દ્વારા જરૂરી જમીનની વજન સહન કરવાની ક્ષમતા(SBC) અંગેના ટેસ્ટીંગ રીપોર્ટના આધારે પાયામાંથી શિખર સુધી 86'1 ફૂટની ઊંચાઈ રાખવાનો નિર્ણય લેવાયો છે. મંદિર પરિસરના સર્વગ્રાહી વિકાસની કામગીરી હાથ ધરવા માટે રાજ્ય સરકાર દ્વારા 70 કરોડથી વધુનો ખર્ચ કરવાનું આયોજન છે.

## સાંઘી સિમેન્ટ સાથે 10 કરોડની ચીટીંગ

ગુજરાત | વંદન

બે વર્ષ કચ્છ સ્થિત સાંઘીપુરમ્ ખાતે સાંઘી સિમેન્ટ કંપની સાથે 10 કરોડની છેતરપિંડીનો કિસ્સો બહાર આવ્યો છે. અને કોર્ટમાં કેસ દાખલ કરાવાયા બાદ કોર્ટના હુકમથી ચાર વિરુદ્ધ ઠગાઈની ફોજદારી ફરિયાદ નોંધાવાઈ છે. ગત તા. 27/8/21થી 6/11/21 વચ્ચે બનેલા આ બનાવ અંગે સાઘી ઈન્ડ. લિ.ના ઓથોરાઈઝડ પ્રતિનિધિએ નલિયા કોર્ટમાં આરોપીઓ વીસા મિનમેટલ લિ. (કોલકાતા), આશિષ અગરવાલ વીસા મિનમેટલ લિ. (કોલકાતા), અરુણ ચેટરજી વીસા મિનમેટલ લિ. (કોલકાતા) અને મુંબઈના જીઓ કેમ હાઉસના મનોજ ઠાકર વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. આ બનાવની વિગત મુજબ સાંઘી કંપની સાથે થયેલા કરાર મુજબ વીસા મિનમેટલ લિ.ને કોલસાનો ઓર્ડર આપ્યો હતો. જેમાં આશિષ અગરવાલ સાંઘી સાથે સંપર્કમાં હતા અને આરોપી અરુણ ચેટરજીએ કરારમાં સહી કરી હતી. આ કોલસામાંથી 95 ટકા કોલસો ચોક્કસ કદનો હોવો જરૂરી હતો. 0.50 મિ.મી. સાઇઝ જેવા ઉલ્લેખ સાથેના સ્પષ્ટીકરણો કરાયા હતા.

### કસ્ટડીમાં આરોપીને માર મારવાનો મામલો પહોંચ્યો હાઈકોર્ટ

## રાજકોટમાં માર મારવાના કેસમાં પાંચ પોલીસકર્મીઓ સામે 'કન્ટેમ્પ્ટ ઓફ કોર્ટ'



ગુજરાત | વંદન

ગુજરાત હાઈકોર્ટે બુધવારે 2016માં રાજકોટમાં કસ્ટડીમાં એક આરોપીને માર મારવા અને તેને જાહેરમાં સરઘસ કાઢવા બદલ પાંચ પોલીસકર્મીઓ સામે કોર્ટના તિરસ્કારના આરોપો ઘડ્યા છે. જ્યારે પોલીસે એવી દલીલ કરવાનો પ્રયાસ કર્યો હતો કે શખસ સામે અનેક આરોપો છે. ત્યારે હાઈકોર્ટે કહ્યું, તે આતંકવાદી હોય તો પણ શું તે એ તમને કાયદા વિરુદ્ધ કાર્ય કરવાની સત્તા આપે છે? આ તબક્કે પોલીસની બિનશરતી માફી ન સ્વીકારતા, બેન્ચે ડી કે બાસુ અને અર્નેશ કુમારના ચુકાદાઓમાં સુપ્રીમ કોર્ટ દ્વારા નિર્ધારિત કાયદાનું ઉલ્લંઘન કરીને કોર્ટની અવમાનના કરવાનો આરોપ મૂક્યો હતો.

આ તબક્કે પોલીસકર્મીઓની બિનશરતી માફી ન સ્વીકારતા, ન્યાયમૂર્તિ એએસએસ ઉપહિયા અને ન્યાયમૂર્તિ એમઆર મેંગડેની ખંડપીઠે બીટી ગોહિલ, એમજે ધાંધલ, વીએસ લાંબા, જયભા પરમાર અને પ્રદ્યુમનસિંહ ઝાલા પર નિર્ધારિત કાયદાનું ઉલ્લંઘન કરીને કોર્ટનો તિરસ્કાર કરવાનો આરોપ મૂક્યો હતો. ડી કે બાસુ અને અર્નેશ કુમારના ચુકાદાઓમાં સુપ્રીમ કોર્ટે કસ્ટડીમાં આરોપીઓ સાથે કેવી રીતે વર્તવું તે અંગે પોલીસ માટે માર્ગદર્શિકા પ્રદાન કરી છે.

ડિવિઝન બેન્ચે 21 જૂન, 2016ના રોજ પ્રદ્યુમ્નનગર પોલીસ સ્ટેશનની અંદર આરોપી અજય કુંભારવાડિયાને પહેલા ક્રૂરતાપૂર્વક માર મારવા બદલ પોલીસ પર આરોપ મૂક્યો હતો. ધાંડાલે કથિત રીતે કુંભારવાડિયાને દારૂ પીવા માટે દબાણ કર્યું અને પછી તેની વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ એફઆઈઆર નોંધી. ત્યારબાદ પોલીસ તેને જાહેરમાં બહાર લઈ ગઈ અને લાકડીઓ વડે માર માર્યો જ્યારે બે પોલીસોએ તેને પકડી રાખ્યો હતો.

પોલીસે કથિત રીતે તેને 24 કલાક સુધી કસ્ટડીમાં રાખ્યો હતો. કુંભારવાડિયાના વકીલ આઈ એચ સૈયદે દલીલ કરી હતી કે કોર્ટે આરોપો ઘડતા પહેલા પોલીસ દ્વારા કરવામાં આવેલી માફી પર વિચાર કરવો જોઈએ નહીં.

બેન્ચની સહાયથી HCએ બે વખત આરોપો ઘડવાનું નક્કી કર્યું હતું અને સુપ્રીમ કોર્ટે પણ આ નિર્ણય સામે પોલીસકર્મીઓની અપીલને ફગાવી દીધી હતી. ન્યાયાધીશોએ કહ્યું કે જ્યારે પોલીસકર્મીઓને આરોપનું ખંડન કરવાની તક આપવામાં આવશે ત્યારે તેઓ બિનશરતી માફી અંગેની દલીલ રજૂ કરીને પોતાનો બચાવ કરવાની તક મેળવશે.

અનુસંધાન પેજ 4 પરથી...

### મહારાષ્ટ્રમાં 15મી ઓગસ્ટે...

પણ દુરુપયોગ કર્યો. અને તેના કારણે મહારાષ્ટ્રમાં આ સ્થિતિ સર્જાઈ છે. મૂળભૂત રીતે, રાજ્યપાલે ઉદ્ધવજી ઠાકરેને વિશ્વાસની દરખાસ્ત લેવા માટેનો પત્ર કયા આધારે આપ્યો હતો તેના પર સુપ્રીમ કોર્ટે પ્રશ્નાર્થ ચિહ્ન ઊભું કર્યું છે. ભારતના ઈતિહાસમાં ક્યારેય કોઈ અદાલતે રાજ્યપાલની આટલી આકરી ભાષામાં ટીકા કરી નથી. ઉદ્ધવ ઠાકરેએ પક્ષ વતી આ પત્ર વિધાનસભાના ઉપાધ્યક્ષ નરહરિ જીરવાલને આપ્યો હતો. તેમાં તેમણે એકનાથ શિંદેની જગ્યાએ અજય ચૌધરીને ગ્રુપ લીડર તરીકે નામ આપ્યું હતું. જેને સર્વોચ્ચ અદાલતે માન્ય ગણાવ્યું છે.

## 'વીડિયો લાઈક કરો-રૂપિયા મેળવો'ની જાળમાં 1.18 કરોડ છૂમંતર....!

### સુરતમાં કાપડનો વેપારી સાઇબર ક્રાઇમનો ભોગ બન્યો, ઠગોએ વેપારીને લાઇક બદલ રૂપિયા મોકલ્યાં, લાલચ વધી અને....

ગુજરાત | વંદન

એક કાપડના વેપારીને ઓનલાઈન કામ પૂરા કરવાની ઓફર એટલી આકર્ષક લાગી કે તેણે માત્ર 20 દિવસમાં 60 વખત સાયબર ક્રૂક્સને લગભગ 1. 18 કરોડ રૂપિયા ચૂકવી દીધા હતા. જોકે ત્યારપછી સાયબર ક્રિમિનલે એવી ગેમ રમી કે કાપડના વેપારીની આંખો અંજાઈ ગઈ હતી. આ ફ્રોડનો ભોગ બનનાર રાજુ વસોયાને વોટ્સએપ અને ટેલિગ્રામ પર કેટલાક યુટ્યુબ વીડિયોને 'લાઈક' કરવા અને ક્રિપ્ટોકરન્સી સંબંધિત કેટલાક કાર્યો પૂર્ણ કરવા માટે પૈસાની ઓફર કરતી લિંક્સ મળી હતી. જેના પર ક્લિક કરતા જ તે ફસાયા અને કરોડોનું કૌભાંડ શરૂ થયું હતું.

સાયબર ક્રાઈમ પોલીસે મહેસાણાના ઊંઝામાં સાયબર ક્રૂક પિયુષ પટેલને ટ્રેસ કરીને ગુરુવારે તેની ધરપકડ કરી હતી. મે મહિનામાં વસોયાને આ કામો કરી સારુ વેતન મળશે અને પ્રોફિટ માર્જિન અંગે જાણ કરી લિંક મળી હતી. શરૂઆતમાં, તેને ચુકવણી તરીકે 15,000 રૂપિયા મળ્યા અને સાયબર ક્રિમિનલ લોકોએ તેનો વિશ્વાસ જીતી લીધો હતો. ત્યારબાદ વસોયાને કહેવામાં આવ્યું હતું કે જો તેઓ વધુ કાર્યો કરવા અને 3040% વળતર મેળવવા માંગતા હોય તો નિયમિત અંતરાલમાં પૈસા જમા કરે.



બસ અહીંથી જ કાપડનો વેપારી જાળમાં ફસાઈ ગયો અને 20 મેથી 7 જૂનની વચ્ચે વિવિધ બેંક ખાતાઓમાં 60 વ્યવહારોમાં પૈસા જમા કરાવ્યા હતા. જોકે, જ્યારે તેને વચન મુજબનું વળતર ન મળ્યું, ત્યારે વસોયાને ખબર પડી કે તેની સાથે છેતરપિંડી થઈ છે. વસોયાએ એક ખાતામાં જમા કરાવેલા રૂ. 30 લાખના છેલ્લા વ્યવહારને ફ્રીઝ કરવામાં પોલીસને સફળતા મળી હતી.

આસિસ્ટન્ટ કમિશનર ઓફ પોલીસ (સાયબર ક્રાઈમ) YA ગોહિલે જણાવ્યું હતું કે, "વસોયાએ કુલ રૂ. 1. 18 કરોડ જમા કરાવ્યા હતા પરંતુ એની સામે માત્ર રૂ. 15,000 કમાયા હતા. વ્યવહારો ટ્રેસ કરીને અમને ખબર પડી કે એક એકાઉન્ટ ઊંઝાના પિયુષ પટેલની માલિકીનું હતું. તેની ધરપકડ કર્યા પછી અમને જાણવા મળ્યું કે તેણે પોતાનું એકાઉન્ટ નટુ પટેલને આપ્યું હતું, જે પહેલેથી જ આણંદ પોલીસ કસ્ટડીમાં છે.પોલીસે વારંવાર લોકોને વોટ્સએપ, ટેલિગ્રામ અને અન્ય સોશિયલ મીડિયા લિંક્સ પરની ઓફરો દ્વારા આકર્ષિત ન થવા માટે કહ્યું છે. આમા મુખ્યત્વે રેટિંગ, લાઈક અને અન્ય કેટલાક કાર્યો માટે સુંદર વળતરનું વચન મળતું રહે છે. અન્ય એક કિસ્સામાં, નૈષધ પાઠક નામના વ્યક્તિએ આવી જ રીતે સાયબર છેતરપિંડી કરનારાઓ સામે રૂ. 7 લાખ ગુમાવ્યા હતા. પાઠકે મૂવીઝને રેટિંગ આપવાનું ઓનલાઈન કાર્ય હાથ ધર્યું અને નફો મેળવવા માટે પૈસા ટ્રાન્સફર કર્યા હતા. પોલીસે છેતરપિંડી કરનારને રાજકોટમાં શોધી કાઢ્યો હતો અને એક શખસની ધરપકડ કરી હતી.

### કવિતાના ઉંબરેથી....

**ચકોરે ચાંદની માગી તમારી યાદ આવે છે.....**

કટારી કાળજે વાગી તમારી યાદ આવે છે,
રહું છું રાતભર જાગી તમારી યાદ આવે છે...
દિવસ તસ્વીર જોઊં રાતભર આવો તમે સ્વપ્ને,
મને લગની જ છે લાગી તમારી યાદ આવે છે...
કદી શું ફૂલ ને ફોરમ જુદા હો એક બીજાથી,
ચકોરે ચાંદની માગી તમારી યાદ આવે છે...
કદી સરખામણી થાયે તમારા સમ કહી દઊં છું,
કિશન રાધા જ અનુરાગી તમારી યાદ આવે છે...
ઉખાડી ચાંચ ને રાખી પીવા વરસાદને 'ચાતક'
મિટાવો પ્યાસ છે, લાગી તમારી યાદ આવે છે...

-વિનોદ માણેક "ચાતક" (અંજાર-કચ્છ)

અનુસંધાન પેજ 1 પરથી...

### બંગાળમાં સ્થાનિક...

આશંકા તથા મુક્ત અને ન્યાયી ચૂંટણીઓ માટે કેન્દ્રીય સુરક્ષા દળોના જવાનો દરેક મતદાન મથકમાં તૈનાત કરવા બંગાળ સરકારને અને કેન્દ્રને નિર્દેશ આપ્યા હતા. અંદાજે 65 હજાર કેન્દ્રીય જવાનો તૈનાત કરવામાં આવ્યા હતા. તેમ છતા સમગ્ર રાજ્યમાં હિંસાના મોટા પાયે બનાવ નોંધાયા હતા. ટીએમસી, કોંગ્રેસ, ભાજપ, સીપીઆઈ એમ દરેક રાજકીય પક્ષોના કાર્યકરોમાં હિંસામાં ભોગ બન્યા હતા અને એક બીજી સામે હત્યાના આરોપો લગાવ્યા હતા. ચૂંટણીના એક દિવસ પહેલા જ પશ્ચિમ બંગાળ પોલીસે અલગ-અલગ સ્થળોએ સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું

પશ્ચિમ બંગાળમાં આજે યોજાયેલી ત્રિ-સ્તરીય પંચાયત ચૂંટણીઓ 2024ની લોકસભા ચૂંટણી પહેલા રાજ્યમાં લિટમસ ટેસ્ટ તરીકે જોવામાં આવી રહી છે. આ ચૂંટણીઓમાં, જિલ્લા પરિષદો, પંચાયત સમિતિઓ અને ગ્રામ પંચાયતોની લગભગ 74,000 બેઠકો માટે મતદાન થયું હતું. મતદારોની સંખ્યા લગભગ 5.67 કરોડ હતી. આજે સવારથી ભારે સુરક્ષા વચ્ચે મતદાનની પ્રક્રિયા શરૂ થતા જ ઠેર-ઠેર હિંસાના સમાચારો આવી રહ્યા હતા. વિધાનસભાની ચૂંટણી વખતે પણ બંગાળ રક્તરંજિત બન્યુ હતું એમ પંચાયતની ચૂંટણીઓ પણ રક્તરંજિત બની છે.

સુત્રોએ જણાવ્યું ઉમેદવારી પત્ર ભરવાની પ્રક્રિયા દરમ્યાન ભાજપે આરોપ લગાવ્યો હતો કે, તેમના ઉમેદવારોનું ઉમેદવારી પત્ર ભરવા દેવામાં આવતા નથી અને જાનથી મારી નાંખવાની ધાક ધમકી આપે છે. આવી ફરિયાદોના પગલે મામલો સ્થાનિક કોર્ટમાં પહોંચ્યો હતો અને કોર્ટે રાજ્ય ચૂંટણી પંચને આદેશ આપ્યો હતો કે, કેન્દ્રીય સુરક્ષાદળોની ઉપસ્થિતિમાં મતદાન થવું જોઈએ અને તેના પગલે 74 હજાર મતદાન મથકો ખાતે કેન્દ્રીય ટુકડોએ મુકાઈ હતી જોકે મુખ્યમંત્રી મમતા બેનર્જીએ એમ કહીને વિવાદ જગાવ્યો હતો કે, બંગાળની પોલીસ કેન્દ્રીયદળોના જવાનો પર દેખરેખ રાખે. તેમણે આશંકા વ્યક્ત કરી હતી કે, કેન્દ્રીય દળો ચૂંટણીમાં વિક્ષેપ પાડી શકે છે. દરમ્યાનમાં મુર્શિદાબાદ 3, કૂચ બિહાર 2, માલદા 1 અને પૂર્વ બર્ધવાન 1 એમ સાત કાર્યકરોના મોત થયા છે. બીજેપીના પોલિંગ એજન્ટ, માધવ બિસ્વાસની કૂચ બિહારની ફલીમારી ગ્રામ પંચાયતમાં કથિત રીતે હત્યા કરવામાં આવી છે. પાર્ટીના GP ઉમેદવાર સ્પ્લિનટર ક્રૂડ બોમ્બથી ઈજાગ્રસ્ત બન્યા હતા. મુર્શિદાબાદના બેલડાંગા ખાતે કોંગ્રેસ અને તૃણમૂલ વચ્ચેની અથડામણમાં સત્તાધારી પક્ષના કાર્યકર બાબર અલીનું મોત થયું હતું. માલદાના માણિકચકમાં ગોપાલપુર ગ્રામ પંચાયતમાં કોંગ્રેસના કથિત બદમાશો દ્વારા સત્તાપક્ષ ટીએમસીના કાર્યકરની હત્યા કરવામાં આવી છે. બંને પક્ષો વચ્ચેની અથડામણમાં ઓછામાં ઓછા આઠ લોકો ઘાયલ થયા છે. પૂર્વ મેદિનીપુરના નંદીગ્રામ બ્લોક 1ના રહેવાસીઓએ ટીએમસી પર બૂથ કેપ્ચરિંગનો આરોપ લગાવીને ચૂંટણીનો બહિષ્કાર કર્યો હતો. તેમણે કેન્દ્રીયદળોના જવાનો તૈનાત માગણી કરી હતી. કૂચ બિહારમાં એક મતદાન મથકમાં તોડફોડ કરવામાં આવી છે અને મતદાન શરૂ થતાંની સાથે જ બેલેટ પેપર લૂંટી લેવામાં આવ્યાની ઘટના બની છે. ડાયમંડ હાર્બરમાંથી પણ આવા જ અહેવાલો આવી રહ્યા છે. મળતી માહિતી મુજબ માલદાના માણિકચક અને ગોપાલપુર ગ્રામ પંચાયતના જીશાર્દ ટોલામાં ભારે બોમ્બમારો થયો છે.

દરમ્યાનમાં ભાજપના નેતા સુધાંશુ ત્રિવેદીએ પશ્ચિમ બંગાળ પંચાયત ચૂંટણીમાં હિંસા પર ટીએમસી પર નિશાન સાધ્યું હતું. તેમણે કહ્યું કે, બંગાળમાં પણ એવું જ કંઈક થઈ રહ્યું છે જે 90ના દાયકામાં બિહારમાં થયું હતું. અમારા કાર્યકરની હત્યા કરવામાં આવી રહી છે. બંગાળ સરકાર સીધી હિંસામાં સામેલ છે. ભાજપના કાર્યકરો મક્કમ છે.

ચૂંટણી હિંસામાં 21 લોકોના મોત થયા

પશ્ચિમ બંગાળમાં પંચાયત ચૂંટણીની તારીખો જાહેર થઈ ત્યારથી અત્યાર સુધીમાં ઓછામાં ઓછા 21 લોકોની હત્યા કરવામાં આવી છે.

### આગામી પાંચ દિવસ..

સંભાવના છે. જ્યારે તેલંગાણા, આંધ્રપ્રદેશ, તમિલનાડુ લક્ષદ્વીપ અને ગંગા-પશ્ચિમ બંગાળમાં છૂટોછવાયો વરસાદ થઈ શકે છે. મધ્યપ્રદેશના હવામાન વિભાગે છ જિલ્લાઓમાં ઓરેન્જ એલર્ટ અને 26થી વધુ જિલ્લાઓમાં યલો એલર્ટ જાહેર કર્યું છે. વરસાદની વાત કરીએ તો આગામી 24 કલાકમાં ઘણા રાજ્યમાં ભારે વરસાદની સંભાવના છે.

### હરિયાણા : રોડવેજ...

ભારે સંખ્યામાં લોકો એકત્રિત થઈ ગયા હતા. લોકોના મદદથી ઘાયલોને હોસ્પીટલ લઈ જવામાં આવ્યા હતા. મૃતકો અલગ-અલગ ગામના રહેવાસી છે. સાત ઘાયલોને પીજીઆઈમાં રિફર કરવામાં આવ્યા છે. આ અકસ્માતમાં રોડવેઝ બસના સંચાલકને પણ ઈજા થઈ હતી.

### સપ્તાહનું ગીત..



**અગર મુઝસે મુહબ્બત હૈ....**

અગર મુઝ સે મુહોબેબત હૈ
મુઝે સબ અપને ગમ દે દો
ઇન આંખો કા હર ઇક આંસુ
મુઝે મેરી કમસ દે દો
અગર મુઝ સે મુહબ્બત હૈ...
તુમ્હારે ગમ કો અપના ગમ બના લું તો કરાર આયે
તુમ્હારા દર્દ સીને મેં છુપા લું તો કરાર આયે
વો હર શહ જો તુમ્હે દુખ દે મુઝે મેરે સનમ દે દો
અગર મુઝસે મુહબ્બત હૈ...
શરીક-એ જિંદગી કો ક્યું સરીક એ ગમ નહીં કરતે
દુખો કો બાંટ કે કર ક્યોં ઇન દુખો કો કમ નહીં કરતે
તડપ ઇસ દિલ કી થોડી સી મુઝે મેરે સનમ દે દો
અગર મુઝસે મુહબ્બત હૈ...
ઇન આંખો મેં ના અબ મુઝકો કભી આંસુ નજર આયે
સદા હંસતી રહે આંખે સદા યે હોઠ મુસ્કાયે
મુઝે અપની સભી આહે સભી દર્દ ઓ અલમ દે દો
અગર મુઝ સે મુહોબેબત હૈ
મુઝે સબ અપને ગમ દે દો
ઇન આંખો કા હર ઇક આંસુ
મુઝે મેરી કમસ દે દો
અગર મુઝ સે મુહબ્બત હૈ...

ફિલ્મ-આપ કી પરછાંઇયાં ગાયક-લતા મંગેશકર
ગીત-રાજા મેંહદીઅલી ખાન રાગ- દરબાર કાનડા
સંગીતકાર-મદન મોહન

અનુસંધાન પેજ 12 પરથી...

### શું ખરેખર...

સોસાયટીમાં ઝાલા નામનો બુટલેગર દારૂનો અડ્ડો ચલાવી રહ્યો છે. પોલીસ કંટ્રોલરૂમને ફોન કર્યાના બે દિવસ બાદ નાગરિકના ફોન પર સિદ્ધરાજ પરમાર નામની વ્યક્તિનો ફોન આવ્યો હતો અને જણાવ્યું હતું કે અસારવા ખાતે એમેઝોનનું પાર્સલ આવ્યું છે તો તમે લઈ જજો. નાગરીકને શંકા જતાં તેણે તપાસ કરાવી તો જાણવા મળ્યું કે સિદ્ધરાજ પરમાર ઝાલાનો સંબંધી છે. પોલીસ કંટ્રોલરૂમથી નંબર લીક થવાની ઘટના બહુ મોટી હોવાથી નાગરીકે શાહીબાગના તત્કાલીન પોલીસ ઈન્સ્પેક્ટર કે.ડી. જાડેજાને જાણ કરી હતી. જેમણે કોઈ કાર્યવાહી કરી નહીં. ત્યાર બાદ ઝોન-૪ના તત્કાલીન ડીસીપી મૂકેશ પટેલને પણ જાણ કરી હતી. તેમણે પણ કોઈ કાર્યવાહી કરી નહીં. ત્યાર બાદ તત્કાલીન જોઈન્ટ પોલીસ કમિશનર ગૌતમ પરમારને જાણ કરી હતી તેમ છતાંય કોઈ કાર્યવાહી થઈ નથી.

જાગૃત નાગરીકે તત્કાલીન પોલીસ કમિશનર સંજય શ્રીવાસ્તવને વોટ્સએપ મેસેજમાં જાણકારી આપી હતી કે અસારવામાં આવેલી જૂની પટેલ સોસાયટીમાં રહેતો ઝાલા નામનો બુટલેગર જાહેરમાં દારૂનો ધંધો કરે છે. પોલીસ કંટ્રોલરૂમથી પોલીસ કમિશનર સુધી ફરિયાદ કરી હોવા છતાં પણ કોઈ કાર્યવાહી થઈ નહીં અંતે એસએમસીએ રેડ કરીને કાર્યવાહી કરી હતી. આ ઘટના પરથી એ વાત સાબિત થઈ રહી છે કે કંટ્રોલરૂમ તેમજ સ્થાનિક પોલીસ સ્ટેશનમાં કોઈ 'ઘરનો ભેદી' તો છે જ, જે ફોન કરીને બુટલેગરને તુરંત ચેતવી દે છે.

### હવે જામનગરથી...

આપવા માટે, ઘણા ભાગોમાં હાઈ-સ્પીડ રોડ નેટવર્કનું નેટવર્ક નાખવામાં આવી રહ્યું છે.

એક્સપ્રેસ વે પૂર્ણ થયા બાદ અમૃતસર અને જામનગર વચ્ચેનું અંતર 1,430 કિમીથી ઘટીને માત્ર 1,256 કિમી થઈ જશે. આટલું જ નહીં અત્યાધુનિક હાઈવેને કારણે અમૃતસરથી જામનગરની મુસાફરી 26 કલાકથી ઘટીને માત્ર 13 કલાક થઈ જશે. આ એક્સપ્રેસ વેથી અમૃતસર, બિકાનેર, કચ્છ અને જામનગરને સૌથી વધુ ફાયદો થશે. આ ગ્રીન ફિલ્ડ એક્સપ્રેસ વે ગુજરાત ઉપરાંત પંજાબ, હરિયાણા, રાજસ્થાન અને ગુજરાતના 15 જિલ્લામાંથી પસાર થશે.

આ હાઈવે લગભગ 11,125 કરોડ રૂપિયાના ખર્ચે બનાવવામાં આવ્યો છે. આ એક્સપ્રેસ વે મુસાફરીના સમયમાં નોંધપાત્ર ઘટાડો કરશે અને મોટા શહેરો અને ઔદ્યોગિક કોરિડોર વચ્ચે પરિવહન જોડાણમાં સુધારો કરશે. એક્સપ્રેસ-વે માત્ર માલસામાનના સીમલેસ ટ્રાન્સપોર્ટેશનની સુવિધા નહીં આપે, પરંતુ પ્રવાસન અને આર્થિક વિકાસને પણ વેગ આપશે.

### અમદાવાદમાં ટુંક...

છેલ્લે બંધ કરાઇ ત્યારે ૯ મિનિટની રાઇડ માટે વ્યક્તિદીઠ રૂપિયા ૨૩૬૦નું ભાડું હતું. આ ભાડામાં હાલ કોઈ જ વધારો નહીં કરવામાં આવે તેમ સૂત્રોએ જણાવ્યું છે. ભાડામાં વધારો થાય તો પણ તે રૂપિયા ૧૦૦ જેટલો નજીવો હોઈ શકે છે.

### રાજ્યમાં 24...

જેના પગલે જળબંબાકાર જેવી સ્થિતિ સર્જાઈ હતી. ભારે વરસાદને પગલે અનેક વિસ્તારોમાં ગોઠણસમાં પાણી ભરાયા હતા. ભારે વરસાદને કારણે વાહનચાલકોને મુશ્કેલી પડી હતી. આ સાથે જ પોરબંદરમાં સાડા ચાર ઈંચ, જામનગર અને દાંતિવાડામાં 4 ઈંચ, સુરતના પલસાણા, વલસાડના પાલડી અને પોરબંદરના રાણાવાવમાં સાડા ત્રણ ઈંચ વરસાદ નોંધાયો છે જ્યારે જોડિયા, ધોલેરા, ડીસા, સુત્રાપાડા અને ધરમપુરમાં 3 ઈંચ તેમજ બોટાદમાં પોણા ત્રણ ઈંચ વરસાદ પડ્યો છે.

અનુસંધાન પેજ 10 પરથી...

### વાંક ભાજપનો...

લાવ્યાં કે, આવો.. મારે ત્યાં ઈન્કમટેક્સની રેડ પડી છે....અને જોત જોતામાં ટીવી મિડિયાના કેમેરાથી વગડો ઉભરાઇ ગયો અને દરોડો હવાઇ ગયો... ત્યારની ઘડી અને આજનો દિ..બાપુને ત્યાં કોઇ તપાસ એજન્સીવાળા પહોંચ્યા નથી.

ગુજરાતમાં જોઇએ એટલા ડઝનના ભાવે ધારાસભ્યો પક્ષપલટા માટે મળી જાય...તેમની છાપ જ એવી પડી ગઇ છે કે સાવ માટીપગા...છે. શિવસેનામાં કેટલાક લાલચુડા નિકળ્યા....એનસીપીમાં કોઇ સત્તાલાલસાવાળા નિકળ્યા...અને કહે છે કે હવે વારો બિહારનો છે...!? બિહારના નિતિશકુમારે ભાજપને લોકસભામાં હરાવવા પ્રતિજ્ઞા લીધી છે અને વિરોધપક્ષોને એક કરવાની જવાબદારી લીધી છે. પહેલી બેઠક પટનામાં ધામધૂમથી યોજાઇ અને ગણતરીના દિવસોમાં બીજી બેઠક મળે તે પહેલાં કદાજ નિતિશકુમાર સીએમપદે ન પણ હોય....? તેમની પાર્ટી જેડીયુમાં શિવસેના અને એનસીપીની જેમ કોઇ વીર પાકે અને ભાજપના ટેકાથી સીએમ બની જાય તો પણ નવાઇ નહીં...? કારણ કે નિતિશકુમાર ખુદ ગબ્બર સે ટક્કર લેવા નિકળ્યા છે..?! છેલ્લાં એક દાયકામાં પક્ષ સાથેની દગાખોરીનો મહાખેલ ગુજરાત કોંગ્રેસથી શરૂ થઇને વાયા મધ્યપ્રદેશ, કર્ણાટક થઇને મહારાષ્ટ્ર થઇને બિહાર તરફની આગેકૂચ છે..કેમ કે માત્ર દુલ્હા બિકતા હૈ....એવુ નથી. ખરીદનાર તો ખરીદે પણ કોઇએ પોતાની જાતને શું કામ વેચી નાંખવી જોઇએ....સબકુછ બિકતા હૈ...

## વન મહોત્સવ સપ્તાહની ઉજવણી, 101 વૃક્ષો રોપાયા

ગુજરાત | વંદન

ગુજરાત પાવર એન્જિનિયરિંગ એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટમાં તારીખ ૦૫/૦૭/૨૦૨૩ ના રોજ "વન મહોત્સવ" સપ્તાહ ના અંતર્ગત વૃક્ષારોપણ નો કાર્યક્રમ યોજવા માં આવ્યો જેમાં મહેસાણા જિલ્લા પંચાયત ના પ્રમુખ પ્રહલાદભાઈ ,જિલ્લા પંચાયત ડેલીગેટ શ્રી રાજુભાઈ ચૌધરી, જિલ્લા પંચાયત બાંધકામ ચેરમેન શ્રીરાજુભાઈ પટેલ અને દાંતીવાડા હૉર્ટિકલ્ચર ના પ્રિન્સીપાલ શ્રી ડો પીયૂષ વર્મા એ હાજરી આપીને વૃક્ષારોપણ કર્યું હતું આ કાર્યક્રમ માં કુલ ૧૦૧ વૃક્ષો કોલેજ ના સ્ટાફ અને એન.એસ.એસ ના વિદ્યાર્થી દ્વારા રોપવામાં આવ્યા અને તેનું જતન કરવાનો પણ સંકલ્પ લેવામાં આવ્યો.

## પ્રેમીને પામવા મહિલાએ કરી અઢી વર્ષના માસૂમ દીકરાની હત્યા, દ્રશ્યમ ફિલ્મ જોઈ સંતાડી લાશ

ગુજરાત | વંદન

સુરતમાં એક માતાએ જ તેના અઢી વર્ષના માસૂમ બાળકની હત્યા કરી હોવાનો ચોંકાવનારો મામલો સામે આવ્યો છે. સુરતમાં રહેતી નયના મંડાવીએ પોલીસ સ્ટેશનમાં પોતાના બાળકના ગૂમ થવાની ફરિયાદ દાખલ કરાવી. મામલો દાખલ કરાવ્યા બાદ બાળકને સતત ત્રણ દિવસ સુધી તે શોધતી રહી પરંતુ, તેનું બાળક ના મળ્યું. પોલીસે જ્યારે આ મામલાની તપાસ કરી તો ગૂમ બાળકની માતા જ શંકાના ઘેરામાં આવી ગઈ. ત્યારબાદ પોલીસે ગૂમ થયેલા બાળકની માતા નયના મંડાવીની પૂછપરછ કરી અને બાદમાં તેની ધરપકડ કરી લીધી.

રિપોર્ટ અનુસાર, અઢી વર્ષના બાળકની હત્યાની આ ઘટનાની શરૂઆત 27 જૂન, 2023ના રોજ થઈ હતી. ડિંડોલીમાં એક કંસ્ટ્રક્શન સાઈટ પર મજૂરી કરનારી મહિલા નયના મંડાવી પોતાના અઢી વર્ષના બાળક વીર મંડાવીના ગૂમ થયાની ફરિયાદ લઈને



પોલીસ સ્ટેશન પહોંચી હતી. મામલો નાનકડા બાળકના ગૂમ થવાનો હતો આથી, જરા પણ વિલંબ કર્યા વિના બાળકના ગૂમ થવાની સાથોસાથ અપહરણનો મામલો પણ દાખલ કરી પોલીસે તપાસ શરૂ કરી દીધી હતી.

જે જગ્યાએ મહિલા કંસ્ટ્રક્શન સાઈટ પર કામ કરતી હતી, એ જ જગ્યાની આસપાસ લાગેલા CCTV કેમેરા પોલીસે ચેક કરવાના શરૂ કર્યા પરંતુ, ક્યાંય પણ બાળક સાઈટમાંથી બહાર જતો ના દેખાયો. ત્યારબાદ, નક્કી થઈ ગયુ કે મહિલા જે જગ્યાએ કંસ્ટ્રક્શન સાઈટ પર કામ કરે છે, ત્યાંથી બાળક બહાર નથી નીકળ્યું. પોલીસ તે મહિલાને તેના બાળકના ગૂમ થવાને લઈને વિવિધ પ્રકારના સવાલ પૂછી રહી હતી પરંતુ, મહિલા કોઈ સંતોષકારક જવાબ આપી શકી ન હતી. પોલીસે ગૂમ થયેલા બાળકને શોધવા માટે ડૉગ સ્ક્વોડની પણ મદદ લીધી. ડૉગ સ્ક્વોડ કંસ્ટ્રક્શન સાઈટમાંથી બહાર ના ગઈ. એટલે પોલીસ સમજી ગઈ કે બાળક કંસ્ટ્રક્શન સાઈટમાંથી બહાર જીવિત નથી ગયો. દરમિયાન, બાળકની માએ પોલીસને કહ્યું કે તેનો પ્રેમી પણ છે, જે ઝારખંડમાં રહે છે. બની શકે કે તે બાળકનું અપહરણ કરીને લઈ ગયો હોય. ત્યારબાદ મહિલાના સંતોષ માટે તેના પ્રેમીનો પણ સંપર્ક કર્યો અને તેનું લોકેશન ટ્રેસ કરવામાં આવ્યું પરંતુ, તેનું લોકેશન સૂરતની આસપાસ ક્યાંય ટ્રેસ ના થયુ. તેણે પોલીસને કહ્યું કે તે ક્યારેય સુરત આવ્યો જ નથી. એવામાં મહિલાનું વધુ એક જુઠાણુ બહાર આવી ગયુ.

# રશિયાથી સસ્તું ક્રૂડ ઓઈલ ખરીદી કંપનીઓને 57400 કરોડનો ફાયદો પણ ગ્રાહકોને રાહત નહીં

■ ભારત ક્રૂડ ઓઈલનો વિશ્વનો ત્રીજો સૌથી મોટો આયાતકાર દેશ બન્યો

ગુજરાત | વંદન

રશિયા પાસેથી સસ્તા ભાવે ક્રૂડ ઓઈલ ખરીદવાને કારણે દેશની ઓઈલ રિફાઈનરી કંપનીઓને ઘણો ફાયદો થયો છે. સસ્તા ભાવે ક્રૂડ ઓઈલની આયાત કરવાને કારણે આ કંપનીઓએ 14 મહિનામાં 7 બિલિયન ડૉલરની બચત કરી છે. એ અલગ વાત છે કે સસ્તા ક્રૂડ ઓઈલની આયાત છતાં ભારતીય ગ્રાહકોને સસ્તા ભાવે પેટ્રોલ ડીઝલ મળી શક્યાં નથી.

યુક્રેન પર રશિયાના હુમલાને કારણે જ્યારે અમેરિકાએ રશિયા પર આર્થિક પ્રતિબંધો લાદ્યા હતા, ત્યારે રશિયાએ તેની અર્થવ્યવસ્થાને કોઈપણ બાહ્ય આંચકાથી બચાવવા માટે ભારતને સસ્તું ક્રૂડ ઓઈલ વેચવાની ઓફર કરી હતી. ત્યારે આંતરરાષ્ટ્રીય બજારમાં કાચા તેલના ભાવ આસમાને પહોંચી ગયા હતા. ભારતે તરત જ આ ઓફરને સ્વીકારી. અહેવાલ અનુસાર, પરિણામ એ આવ્યું છે કે એપ્રિલ 2022થી મે 2023



સુધીના છેલ્લા 14 મહિનામાં દેશની ઓઈલ રિફાઈનિંગ કંપનીઓએ રશિયા પાસેથી સસ્તામાં ક્રૂડ ઓઈલ ખરીદવાને કારણે લગભગ 7 બિલિયન ડૉલરનું વિદેશી હૂંડિયામણ બચાવ્યું છે.

ભારત ક્રૂડ ઓઈલનો વિશ્વનો ત્રીજો સૌથી મોટો આયાતકાર દેશ છે. ભારત તેની ઈંધણની 85 ટકા જરૂરિયાતોને પહોંચી વળવા માટે આયાત પર નિર્ભર છે. યુક્રેન પર રશિયાના હુમલા બાદ આંતરરાષ્ટ્રીય બજારમાં કાચા તેલની કિંમત 139 ડોલર પ્રતિ બેરલ સુધી પહોંચી ગઈ હતી. આ પછી ભારતે રશિયા પાસેથી સસ્તા ભાવે ક્રૂડ ઓઈલની આયાત કરવાનું શરૂ કર્યું. અગાઉ રશિયા ભારતને બહુ ઓછા ક્રૂડ ઓઈલની નિકાસ કરતું હતું. પરંતુ આ ડિસ્કાઉન્ટને કારણે રશિયા ભારતને ક્રૂડ ઓઈલનો સૌથી મોટો સપ્લાયર બની ગયો.

રિપોર્ટ અનુસાર, એપ્રિલ 2022થી મે 2023 વચ્ચે ભારતનું કુલ ક્રૂડ ઓઈલ આયાત બિલ 186.45 અબજ ડોલર રહ્યું છે. જો ભારતે આ જ ક્રૂડ ઓઈલ અન્ય સપ્લાયર દેશ પાસેથી આયાત કર્યું હોત તો ભારતે 196.62 બિલિયન ડૉલરની રકમ ચૂકવવી પડી હોત. ભારતે રશિયા પાસેથી 40 અબજ ડોલરનું ક્રૂડ ઓઈલ આયાત કર્યું છે. ભારતને આ ક્રૂડ ઓઈલ પ્રતિ બેરલ $79.75ના ભાવે મળ્યું છે, જે અન્ય દેશોની સરેરાશ કિંમત કરતા બેરલ દીઠ $14.5 સસ્તું છે. આ 14 મહિનામાં ભારતની કુલ આયાતમાં રશિયાનો હિસ્સો 24.2 ટકા હતો. ટૂંક સમયમાં, રશિયાએ ઈરાક અને સાઉદી અરેબિયા જેવા સપ્લાયર દેશોને બદલી નાખ્યા, જેઓ ભારતને સૌથી વધુ ક્રૂડ ઓઈલનો સપ્લાય કરતા હતા.

## ટાટાની કંપની Stryder દ્વારા ઈલેક્ટ્રિક સાઈકલ લોન્ચ



ગુજરાત | વંદન

ટાટા ઈન્ટરનેશનલ લિમિટેડની પૂર્ણ સ્વામિત્વવાળી સહાયક કંપની સ્ટ્રાઈડર (Stryder)એ ઘરેલુ બજારમાં ઈલેક્ટ્રિક સાઈકલ Zeeta Plus લોન્ચ કરી છે. આકર્ષક લુક અને પાવરફૂલ બેટરી પેકથી લેસ આ ઈલેક્ટ્રિક સાઈકલની શરૂઆતી કિંમત 26,995 રૂપિયા નક્કી કરવામાં આવી છે. કંપનીનો દાવો છે કે, ઓછા અંતર માટે ડેઈલી ડ્રાઈવ તરીકે આ સાઈકલનો ઉપયોગ ખૂબ જ સસ્તો છે. હાલમાં કંપનીએ તેને ઈન્ડોક્ટ્રી પ્રાઈઝ સાથે લોન્ચ કરી છે જે સીમિત સમય માટે નક્કી કરવામાં આવી છે, આગળ જઈને તેની કિંમત લગભગ 6 હજાર રૂપિયા હજુ વધી જશે.

તેને વિશેષ રૂપે Stryderની સત્તાવાર વેબસાઈટ પરથી વેચવામાં આવી રહી છે. નવા લોન્ચ બાબતે વાત કરતા Stryderના બિઝનેસ હેડ રાહુલ ગુપ્તાએ કહ્યું કે, 'સાઈકલિંગ ઉદ્યોગમાં એક અગ્રણી ખેલાડીના રૂપમાં આમારો પ્રયાસ દેશના વૈકલ્પિક મોબિલિટીના ઉપયોગને પ્રોત્સાહન આપવાનું છે.' આ ઈલેક્ટ્રિક સાઈકલને ઉચ્ચ ક્ષમતવાળી 36 વૉલ્ટ/6Ah બેટરી પેક આપવામાં આવ્યું છે.

# દેશભરમાંથી મરી-મસાલાની નિકાસ બે મહિનામાં 41% વધી, મરચું-જીરું ટોચ પર

ગુજરાત | વંદન

દેશમાંથી ચાલુ નાણાકીય વર્ષની શરૂઆતના બે મહિના દરમ્યાન મરી-મસાલાની નિકાસમાં નોંધપાત્ર વૃદ્ધિ જોવા મળી છે. વિવિધ અવરોધોને દૂર કરીને, ભારતના મસાલા અને મસાલા ઉત્પાદનોની નિકાસમાં ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ બે મહિનામાં રૂપિયાની દૃષ્ટિએ ૪૧ ટકાનો ઉછાળો નોંધાયો છે. એક અંદાજ મુજબ, એપ્રિલ-મે દરમ્યાન મસાલા અને મસાલા ઉત્પાદનોના શિપમેન્ટની કિંમત ૯,૭૦૨.૫૨ કરોડ રૂપિયા (૮૧૫૩.૯ લાખ ડૉલર) હતી જે એક વર્ષ અગાઉના સમાન સમયગાળામાં ૪૭૪૯.૮૫ કરોડ રૂપિયા (૬૧૮૯.૩ લાખ ડૉલર) હતી, જે ડૉલરના સંદર્ભમાં ૩૨ ટકાનો વધારો દર્શાવે છે.

મરચાં અને જીરાના સ્થાનિક ભાવમાં વધારો અને કેટલાક આયાત કરનારા દેશોમાં આર્થિક તણાવને કારણે માગમાં ઘટાડો થવા જેવા પડકારોનો સામનો કરવા છતાં ભારતીય મસાલા



ક્ષેત્રે નોંધપાત્ર પ્રગતિ થઈ છે. દેશમાંથી અગાઉના નાણાકીય વર્ષમાં કુલ ચાર અબજ ડૉલરના મૂલ્યના મસાલા નિકાસ થયા હતા, જે આગલા વર્ષની તુલનાએ ૪.૭૪ ટકાનો વધારો બતાવે છે એમ સ્પાઈસિસ બોર્ડના સેક્રેટરી ડી સાથિયાને જણાવ્યું હતું. નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન મસાલાની નિકાસનું મૂલ્ય વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન ૩૦,૩૨૪.૩૨ કરોડ રૂપિયાની સામે ૩૧,૭૬૧.૩૮ કરોડ રૂપિયા છે. મૂલ્યની દૃષ્ટિએ મસાલાની નિકાસ બાસ્કેટમાં મુખ્ય ફાળો મરચાં (૩૩ ટકા), જીરું (૧૩ ટકા), મસાલા તેલ અને ઓલિયોરેસિન્સ (૧૩ ટકા), ફુદીનાનાં ઉત્પાદનો (૧૧ ટકા), હળદર (૫ ટકા), કરી પાઉડર (૪ ટકા), એલચી (નાની) (૩ ટકા) અને મરી (૨ ટકા); જે મળીને કુલ મસાલાની નિકાસ-કમાણીમાંથી ૮૦ ટકાથી વધુ ફાળો આપે છે.

મુખ્ય આયાતકારોમાં ચીન (૨૦ ટકા), અમેરિકા (૧૪ ટકા), બાંગ્લાદેશ (૭ ટકા), યુએઈ (૬ ટકા), થાઈલૅન્ડ (૫ ટકા), ઈન્ડોનેશિયા (૪ ટકા), મલેશિયા (૪ ટકા) હતા. યુકે (૩ ટકા), શ્રીલંકા (૩ ટકા), જર્મની (૨ ટકા), નેધરલૅન્ડ (૨ ટકા), નેપાળ (૨ ટકા) અને સાઉદી અરેબિયા (૨ ટકા) કરતાં વધુ યોગદાન આપે છે. મસાલાની નિકાસ-કમાણીનો ૭૦ ટકા હિસ્સો ટોચના ૧૦ દેશોમાંથી થાય છે. મરચાં, જીરું, હળદર, વરિયાળી અને લસણ જેવા મસાલાની નિકાસમાં વધારો થવાને કારણે એપ્રિલ ૨૦૨૩ માટે નિકાસ પ્રદર્શનમાં પાછલા વર્ષની સરખામણીમાં મોટો વધારો જોવા મળ્યો હતો. એપ્રિલ મહિનામાં ૧.૪૩ લાખ ટનની નિકાસ થઈ છે, જે ગયા વર્ષે ૧.૧૯ લાખ ટનની થઈ હતી, જ્યારે મે મહિનામાં ૩૭૨૯.૧૯ કરોડ રૂપિયાની નિકાસ થઈ છે જે આગલા વર્ષે મે મહિનામાં ૨૩૪૧.૩૧ કરોડ રૂપિયાની નિકાસ થઈ હતી. દેશમાંથી મરી-મસાલાની નિકાસમાં નોંધપાત્ર વધારાને કારણે બજારો પણ ઝડપથી ઊંચકાયાં છે. જીરુના ભાવ છેલ્લા એક વર્ષમાં ૧૭૫ ટકા જેવા વધી ગયા છે. હળદરના ભાવ પણ હાલ એક વર્ષની ટોચે છે. બીજી તરફ મરચાની બજારો પણ સારી છે. આમ નિકાસ-વેપારો સારા થયા હોવાથી બજારમાં મજબૂતાઈ ટકી રહી છે.

# સર્વિસ સેક્ટરનો ગ્રોથ જૂનમાં 3 મહિનાના તળિયે પહોંચ્યો

■ જૂનનો પીએમઆઈ ઈન્ડેક્સ 61.2થી ઘટીને 58.5 જેટલો નોંધાયો હતો

ગુજરાત | વંદન

દેશની સર્વિસ ક્ષેત્રની વૃદ્ધિ જૂનમાં ત્રણ મહિનાની નીચી સપાટીએ પહોંચી ગઈ હતી, પરંતુ સેવા પ્રદાતાઓએ સકારાત્મક માગના વલણનો સંકેત આપવાનું ચાલુ રાખ્યું હતું, જેના પરિણામે નવા બિઝનેસ વૉલ્યુમમાં મજબૂત વધારો થયો હતો અને વધુ રોજગારસર્જન થયું હતું, એમ માસિક સર્વેક્ષણમાં જણાવાયું હતું.

સીઝનલી ઍડ્જસ્ટેડ એસઍન્ડપી ગ્લોબલ ઈન્ડિયા સર્વિસિસ પીએમઆઈ બિઝનેસ ઍક્ટિવિટી ઈન્ડેક્સ મે મહિનામાં ૬૧.૨થી ઘટીને જૂનમાં ૫૮.૫ થયો હતો. ઈન્ડેક્સ ઘટવા છતાં સરેરાશ ગ્રોથ સારો બતાવે છે. દેશમાં સતત ૨૩મા મહિને સર્વિસ સેક્ટરનો બેન્ચમાર્ક ઈન્ડેક્સ ૫૦ની ઉપર રહ્યો છે, જે વિસ્તરણ-સારા ગ્રોથનો સંકેત આપે છે.

સર્વેના સભ્યોના જણાવ્યા અનુસાર, નવા



વ્યવસાયમાં સતત વધારો, તંદુરસ્ત માગ વાતાવરણ અને માર્કેટિંગ પહેલને કારણે ઉછાળો આવ્યો છે. એસઍન્ડપી ગ્લોબલ માર્કેટ ઈન્ટેલિજન્સ ખાતે ઈકૉનૉમિક્સ અસોસિએટ ડાયરેક્ટર પોલિઆના ડી લિમાએ જણાવ્યું હતું કે જૂન મહિનામાં ભારતીય સર્વિસ સેક્ટરની માગમાં સતત વધારો થયો હતો, જેમાં ચારેય મૉનિટરેડ પેટા-ક્ષેત્રોએ નવા વ્યાવસાયિક પ્રવાહમાં ઝડપી વધારો નોંધાવ્યો હતો. લિમાએ ઉમેર્યું હતું કે વૃદ્ધિની ગતિમાં આ તેજીની તેજીએ વ્યાપારી પ્રવૃત્તિમાં વધુ તીવ્ર ઉછાળાને ટેકો આપ્યો હતો અને રોજગારના આંકડાઓમાં વધુ એક ઉત્થાનને પ્રોત્સાહન આપ્યું હતું, જે નજીકના ગાળાની વૃદ્ધિની સંભાવનાઓને સારી રીતે દર્શાવે છે.

## GST ચોરી રોકવા જિયોટેગિંગ લોકેશન ફરજિયાત બનશે

■ ચકાસણી માટે કોઈ ઓફિસ બનાવે અને ત્યારબાદ ત્યાં ઓફિસ જ હોતી નથી- CBIC

ગુજરાત | વંદન

સેન્ટ્રલ બોર્ડ ઓફ ઈનડાયરેક્ટર ટેક્સિસ એન્ડ કસ્ટમ્સ (સીબીઆઈસી) જીએસટી રજિસ્ટ્રેશનની પ્રક્રિયાને વધુ સબળ બનાવવા તેની ચકાસણી માટે જિયોટેગિંગનો ઉપયોગ કરવા માગે છે. આ ઉપરાંત બોર્ડને હાલના જીએસટી રજિસ્ટ્રેશનોમાંથી જે શંકાસ્પદ અને જોખમી લાગે તેના માટે બાયોમેટ્રિક ઓથેન્ટીકેશનનો ઉપયોગ કરવાનું પણ વિચારાઈ રહ્યું છે. ભૂતકાળમાં એવું બન્યું છે કે ફક્ત ચકાસણી માટે કોઈ ઓફિસ બનાવવામાં આવે, પરંતુ ત્યારપછી ત્યાં ઓફિસ હોતી નથી. આ પ્રકારની છેતરપિંડી અટકાવવા માટે પેઢી-કંપની કે ઓફિસનું જિયોટેગિંગ લોકેશન ફરજિયાત




બનાવવામાં આવશે.

ઓફિસનું યોગ્ય લોકેશન જાણવા માટે બોર્ડે કેટલાંક રાજ્યોમાં જીઓટેગનો પાયલોટ પ્રોજેક્ટ પણ અમલમાં મૂક્યો છે. સીબીઆઈસીના અધ્યક્ષે વધુમાં જણાવ્યું હતું કે જે લોકોનું રજિસ્ટ્રેશન થઈ ચૂક્યું હોય તેમાં કોઈ બાબત શંકાસ્પદ લાગતી જણાય તો બોર્ડ બાયોમેટ્રિક ઓથેન્ટીકેશનનો ઉપયોગ કરી શકે છે.

હાલમાં સત્તાવાળાઓ આધાર અને પેનકાર્ડનો ઉપયોગ કરીને ઓટીપી પર આધારિત વેરિફિકેશન કરે છે અને ઓળખ પ્રસ્થાપિત કરે છે. હવે સેન્ટ્રલ બોર્ડ બાયોમેટ્રિક ઓથેન્ટીકેશનનો ઉપયોગ કરશે, જેથી જે વ્યક્તિનું આધારકાર્ડ છે તેનું જ રજિસ્ટ્રેશન છે તેની ખાતરી થઈ શકે, એમ જોહરીએ જણાવ્યું હતું.

# ભારત 2.90 લાખ ટન ટુકડા ચોખાની નિકાસ કરે તેવી શક્યતા

■ પશ્ચિમ આફ્રિકન દેશ માલીને ગવર્નમેન્ટ-ટુ-ગવર્નમેન્ટ રૂટ હેઠળ નિકાસ કરવાની હિલચાલ

ગુજરાત | વંદન

ભારતમાંથી પશ્ચિમ આફ્રિકન દેશ માલીને સરકાર-થી-સરકાર (ગવર્નમેન્ટ ટુ ગવર્નમેન્ટ -જીટુજી) રૂટ હેઠળ 2.90 લાખ ટન સંપૂર્ણ તૂટેલા સફેદ ચોખાની નિકાસ કરે તેવી શક્યતા છે. આ પગલું મે મહિનામાં ભારત સરકારના એ નિર્ણય બાદ આવ્યો છે, જેમાં સંપૂર્ણ તૂટેલા ચોખાની નિકાસને મંજૂરી આપવામાં આવી હતી, જેને પાછલા વર્ષે 8 સપ્ટેમ્બરથી અન્ય દેશોમાં તેમની ખાદ્ય સુરક્ષા જરૂરિયાતો પૂરી કરવા માટે પ્રતિબંધિત કરી દેવામાં આવ્યા હતા.

વાણિજ્ય મંત્રાલયના એક વરિષ્ઠ સરકારી અધિકારીએ જણાવ્યું હતું કે વિદેશ મંત્રાલયે 290,000 ટન સંપૂર્ણ તૂટેલા ચોખાની નિકાસ કરવા માટે



ઉદ્યોગ અને વાણિજ્ય મંત્રીને વિનંતી મોકલી છે. ડાયરેક્ટોરેટ જનરલ ઓફ ફોરેન ટ્રેડ (ડીજીએફટી) દ્વારા આ મુદ્દાની તપાસ કર્યા પછી અને નીતિની જાહેરાત કર્યા બાદ જથ્થાને 240,000 ટન અને 50,000 ટનના બે અલગ અલગ જથ્થામાં નિકાસ કરવામાં આવશે.

આ પગલું આફ્રિકન દેશોની માંગ વચ્ચે આવ્યું છે, જેઓ પરબોઈલ્ડ ચોખા સિવાય આખા તૂટેલા સફેદ ચોખાના સપ્લાય માટે ભારત તરફ જોઈ રહ્યા છે. સરકાર દ્વારા એપ્રિલમાં સેનેગલને 500,000 ટન અને ગામ્બિયાને 50,000 ટન બ્રોકન નિકાસની મંજૂરી ઉપરાંત હશે.

આફ્રિકન દેશો ચોખાની સપ્લાય માટે ભારત પર નિર્ભર છે કારણ કે તેઓ વિયેતનામ, થાઈલેન્ડ અથવા પાકિસ્તાન દ્વારા ઓફર કરાયેલી કિંમતની તુલનામાં તે સસ્તા દરે મળે છે. જ્યારે થાઈલેન્ડ 100 ટકા તૂટેલા ચોખા 523 ડોલર પ્રતિ ટનના ભાવે ઓફર કરી રહ્યું છે, ત્યારે ભારત દ્વારા સમાન વેરાયટીના ચોખા 425 ડોલર પ્રતિ ટનના ભાવે ઓફર કરવામાં આવે છે, જે વૈશ્વિક બજારમાં બેન્ચમાર્ક કિંમત છે. ભારતીય કિંમતમાં 20 ટકા નિકાસ જકાતનો સમાવેશ થાય છે. ભારત 5 ટકા તૂટેલા ચોખા 468-472 ડોલર પ્રતિ ટનના ભાવે ઓફર કરે છે, જ્યારે પાકિસ્તાન, વિયેતનામ અને થાઈલેન્ડ અનુક્રમે 488-492 ડોલર, 508-512 ડોલર અને 518 ડોલર પ્રતિ ટનના ભાવે ઓફર કરે છે.

સંપૂર્ણ તૂટેલા ચોખા પર નિકાસ પ્રતિબંધને કારણે ભારતીય નિકાસકારો તેને આંતરરાષ્ટ્રીય બજારમાં વેચી શકતા નથી. જો કે, 24 મેના રોજ ભારત સરકારે તૂટેલા ચોખાની નિકાસને તેની ખાદ્ય સુરક્ષા જરૂરિયાતો પૂરી કરવા માટે અન્ય દેશોમાં મોકલવા માટેની મંજૂરીના આધારે પરવાનગી આપી હતી.

RBIએ જારી કર્યો સર્ક્યુલર

# RBI ક્રેડિટ, ડેબિટ કાર્ડના નિયમોમાં કરશે ફેરફાર

ગુજરાત | વંદન

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ ગઈકાલે ક્રેડિટ કાર્ડ અને ડેબિટ કાર્ડના નિયમોમાં ફેરફાર કર્યો હતો. બેંકે એક સર્ક્યુલર દ્વારા આ જાણકારી આપી હતી. RBI દ્વારા લેવામાં આવેલા નિર્ણયો બાદ ડેબિટ, પ્રીપેડ કાર્ડના નિયમોમાં પણ ફેરફાર થઈ શકે છે. આ અંગે RBIએ કહ્યું કે કોઈપણ કાર્ડનો ઉપયોગ કોઈ ચોક્કસ નેટવર્ક માટે નહીં પરંતુ તમામ નેટવર્ક માટે કરવાની છૂટ આપવી જોઈએ.

RBIએ એક સર્ક્યુલર જારી કર્યો છે. આ સર્ક્યુલરમાં બેંકે કહ્યું છે કે ક્રેડિટ કાર્ડ, ડેબિટ કાર્ડ, પ્રીપેડ કાર્ડનો ઉપયોગ તમામ નેટવર્ક માટે થવો જોઈએ. બેંકે આ માટે લોકોનો અભિપ્રાય પણ માંગ્યો છે. કાર્ડનો ઉપયોગ કરીને કોઈપણ વેપારીને આરામથી પેમેન્ટ કરી શકાય છે. કાર્ડ નેટવર્ક વેપારી અને કાર્ડધારક વચ્ચેના વ્યવહારોની સુવિધા આપે છે. કાર્ડ નેટવર્ક એક પ્રકારનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર પૂરું પાડે છે. કાર્ડ નેટવર્ક આ માટે ફી પણ વસૂલ કરે છે. કાર્ડ નેટવર્ક કંપનીઓમાં ચાર મુખ્ય ક્રેડિટ કાર્ડ નેટવર્ક માસ્ટરકાર્ડ, વિઝા, અમેરિકન એક્સપ્રેસ અને ડિસ્કવર છે. આમાંની બે કંપનીઓ કાર્ડ ઈશ્યુઅર પણ છે. આ એમેક્સ અને ડિસ્કવર છે.

જ્યારે પણ કાર્ડ વડે પેમેન્ટ કરવામાં આવે છે ત્યારે કાર્ડ નેટવર્ક દ્વારા એ નક્કી કરવામાં આવે




છે કે ક્રેડિટ કાર્ડ દ્વારા કઈ કઈ જગ્યાએ પેમેન્ટ કરી શકાય છે. જો તમે ક્યારેય બે અલગ-અલગ ક્રેડિટ કાર્ડની સુવિધા જોશો તો તમને ખ્યાલ આવશે કે જે સુવિધા એક કાર્ડ પર ઉપલબ્ધ છે તે અન્ય કાર્ડ પર ઉપલબ્ધ નથી. દરેક વેપારી કે દુકાનદાર તમામ પ્રકારની કાર્ડ પેમેન્ટ સ્વીકારવા સક્ષમ નથી. તમે આને એવી રીતે સમજી શકો છો કે ઘણી જગ્યાએ વિઝા કાર્ડ કામ કરતું નથી અને કેટલીક જગ્યાએ માસ્ટર કાર્ડ કામ કરતું નથી. આ કારણે કેન્દ્રીય બેંક ક્રેડિટ કાર્ડ પેમેન્ટને લઈને આ નિયમો લાવવા જઈ રહી છે.

જો ક્રેડિટ કાર્ડ કે ડેબિટ કાર્ડ અંગેના નિયમોમાં ફેરફાર કરવામાં આવશે તો તેની સૌથી વધુ સકારાત્મક અસર રુપે કાર્ડ પર જોવા મળશે. એવું માનવામાં આવે છે કે ભારતીય રિઝર્વ બેંક દેશમાં રુપે કાર્ડને પ્રોત્સાહન આપવા માટે આ નિર્ણય લાવી રહી છે. અમેરિકન વિઝા અને માસ્ટરકાર્ડ પર તમામ પ્રકારની સુવિધાઓ ઉપલબ્ધ છે. પરંતુ તેમના કાર્ડ નેટવર્કમાં રૂપે કાર્ડની એન્ટ્રી નથી.

## આદુ-ટામેટા બાદ હવે ચોખા રડાવશે, ભાવ 11 વર્ષની ટોચે

■ મોંઘવારીના માર માટે રહેજો તૈયાર

ગુજરાત | વંદન

દેશમાં ખાવા-પીવાની વસ્તુઓના ભઆવ એટલા વધ્યા છે કે, સામાન્ય માણસનું જીવવું મુશ્કેલ બની ગયુ છે. તે પછી ટામેટા, લીંબુ હોય કે પછી દાળ બધાના ભાવ આસમાને પહોંચ્યા છે. આતંરરાષ્ટ્રીય બજારમાં ચોખાનો ભાવ 11 વર્ષની ટોચ પર પહોંચી ગયો છે. અને હવે તે ભારતમાં પણ રંગ બદલી શકે છે. આવી સ્થિતિમાં ક્યાંક એવું ના બને કે, તમારે 'દાળ-ભાત' ખાવાના ફાંફા પડી જાય.

આ વર્ષે અલ-નીનોની સ્થિતિ સર્જાવાને કારણે ભારતમાં ચોમાસાના વરસાદ પર સંકટ છે. જેની અસર ખેતી પર પડી રહી છે. તેનાથી ચોખાની ઉપજને અસર થવાની ધારણા છે. ભારત વિશ્વના સૌથી મોટા ચોખાના નિકાસકારોમાંનું એક છે અને અન્ય કોમોડિટીની સાથે આવો ભાવ વધારો એશિયા અને આફ્રિકાના ગરીબ વર્ગને તેમની પ્લેટમાંથી ચોખા ગાયબ કરવા અથવા વધુ પૈસા ચૂકવવા મજબૂર કરી શકે છે. વિશ્વની ચોખાની નિકાસમાં ભારતનો હિસ્સો 40 ટકાથી વધુ છે. વર્ષ 2022માં ભારતે 56 મિલિયન ટન ચોખાની નિકાસ કરી હતી પરંતુ આ વર્ષે ઓછા સપ્લાયને કારણે તેની કિંમતો વધી રહી છે. રશિયા-યુક્રેન યુદ્ધને કારણે તે વિશ્વભરમાં મોંઘવારીને થોડી વધુ ગરમી આપી શકે છે.

## 4900 નકલી જીએસટી રજિસ્ટ્રેશન રદ : 15000 કરોડની ટૅક્સ ચોરી

ગુજરાત | વંદન

એક વરિષ્ઠ ટૅક્સ અધિકારીએ જણાવ્યું હતું કે 'જીએસટી સત્તાવાળાઓએ અત્યાર સુધીમાં ૪૯૦૦ જીએસટી નોંધણીઓ રદ કરી છે અને નકલી જીએસટી નંબરને ખતમ કરવા માટે ચાલી રહેલી બે મહિનાની ઝુંબેશ દરમ્યાન ૧૫,૦૦૦ કરોડ રૂપિયાથી વધુની કરચોરી શોધી કાઢી છે, જે અભિયાન ૧૫ જુલાઈએ સમાપ્ત થશે.'સેન્ટ્રલ બોર્ડ ઑફ ઈનડાયરેક્ટ ટૅક્સિસ ઍન્ડ કસ્ટમ્સના સભ્ય શશાંક પ્રિયાએ જણાવ્યું હતું કે 'ડ્રાઈવ દરમ્યાન મોટી સંખ્યામાં નકલી નોંધણીઓ બહાર આવી છે, જે ગુડ્સ ઍન્ડ સર્વિસિસ ટૅક્સ (જીએસટી) નોંધણી અને રિટર્ન ફાઈલિંગ પ્રક્રિયાને કડક બનાવવા માટે નીતિમાં ફેરફાર કરવાની જરૂરિયાતને પરિણામે છે.'

ફિઝિકલ વેરિફિકેશન માટે ૬૯,૬૦૦થી વધુ જીએસટી આઈડેન્ટિફિકેશન નંબર્સ પસંદ કરવામાં આવ્યા છે, જેમાંથી ૫૯,૧૭૮ ફીલ્ડ ઑફિસરો દ્વારા સમગ્ર ભારતમાં ચાલી રહેલી સ્પેશ્યલ ડ્રાઈવ દરમ્યાન ચકાસવામાં આવ્યા છે.આ દરમ્યાન કુલ ૧૬,૯૮૯ જીએસટી નંબર અસ્તિત્વમાં નથી, જ્યારે ૧૧,૦૧૫ જીએસટી નંબર સસ્પેન્ડ કરવામાં આવ્યા છે અને ૪૯૭૨ નંબર રદ કરવામાં આવ્યા છે.તેમણે વધુમાં જણાવ્યું હતું કે ૧૫,૦૩૫ કરોડ રૂપિયાની કરચોરી શોધી કાઢવામાં આવી છે અને ૧૬ મેથી કર અધિકારીઓ દ્વારા ૧૫૦૬ કરોડ રૂપિયાની આઈટીસી બ્લૉક કરવામાં આવી છે.

# ચીન ખાતેથી ભારતની ફિનિશ્ડ સ્ટીલની આયાત વધીને છ વર્ષની ટોચે પહોંચી


■ ભારતની ફિનિશ્ડ સ્ટીલની કુલ આયાતમાંથી ૨૫ ટકા ચીનમાંથી...

ગુજરાત | વંદન

એક તરફ ચીન સાથે વેપાર ઘટાડવાની વાતો થઈ રહી છે જ્યારે બીજી બાજુ વર્તમાન નાણાં વર્ષના પ્રથમ બે મહિનામાં ચીન ખાતેથી ભારતની ફિનિશ્ડ સ્ટીલની આયાત વધીને ૬ વર્ષની ઊંચી સપાટીએ જોવા મળી છે. જો કે આ ગાળામાં ભારત ફિનિશ્ડ સ્ટીલનો એકંદર નેટ નિકાસકાર બની રહ્યો હતો.

એપ્રિલ તથા મેમાં ચીન ભારતનો સ્ટીલનો બીજા ક્રમનો મોટો નિકાસકાર દેશ રહ્યો છે. ગયા વર્ષના આ ગાળાની સરખામણીએ ચીનની ફિનિશ્ડ સ્ટીલની ભારત ખાતે નિકાસ ૬૨ ટકા વધી બે લાખ ટન્સ રહી હતી. આ ગાળામાં ભારતની ફિનિશ્ડ સ્ટીલની કુલ આયાતમાં ૨૫ ટકા આયાત ચીન ખાતેથી થઈ હતી. એપ્રિલ-મેમાં દેશની ફિનિશ્ડ સ્ટીલની કુલ આયાત ૯ લાખ ટન્સ રહી હતી જે ૨૦૨૧ બાદ સૌથી ઊંચી છે અને ગયા વર્ષના આ ગાળાની સરખામણીએ ૨૭ ટકા વધુ છે.

વિશ્વના સૌથી મોટા સ્ટીલ ઉત્પાદક ચીન ભારતમાં મોટેભાગે કોલ્ડરોલ્ડ કોઈલ અથવા શીટસની નિકાસ કરે છે. દેશની ફિનિશ્ડ



સ્ટીલમાં ૩૦ ટકા હિસ્સો કોલ્ડરોલ્ડ કોઈલ અથવા શીટસનો રહે છે.૨૦૧૬ બાદ ચીન વર્તમાન વર્ષમાં સૌથી વધુ સ્ટીલ નિકાસ કરશે તેવી ધારણાં છે. નબળા યુઆન તથા સ્પર્ધાત્મક ભાવને કારણે વિદેશ વેપારમાં ચીનની સ્થિતિ મજબૂત હોવાનું એક વિશ્લેષકે જણાવ્યું હતું.


ચીન ખાતેથી સ્ટીલની વધી રહેલી આયાતને જોતા ભારત તેના પર કાઉન્ટરવેલિંગ ડ્યૂટી લાગુ કરવા વિચારી રહ્યું છે. ચીન ઉપરાંત દક્ષિણ કોરિઆ પણ ભારતમાં સ્ટીલનો બીજો મોટો નિકાસકાર દેશ છે. એપ્રિલ-મેમાં દક્ષિણ કોરિઆની નિકાસનો આંક ચાર લાખ ટન્સ રહ્યો હતો.

જો કે વિશ્વના બીજા મોટા ક્રુડ સ્ટીલ ઉત્પાદક ભારત એપ્રિલ-મેમાં ફિનિશ્ડ સ્ટીલનો નેટ નિકાસકાર રહ્યો હતો. ભારતની ફિનિશ્ડ સ્ટીલની નિકાસ મુખ્યત્વે સ્પેન, ઈટાલી, બેલ્જિયમ ખાતે થાય છે. સ્ટીલની નેટ નિકાસનો આંક ૧૬ લાખ ટન્સ રહ્યો હતો.

# અદાણી ગ્રીન એનર્જી QIPથી શેર વેચીને 12,300 કરોડ એકઠા કરશે

ગુજરાત | વંદન

અદાણી ગ્રૂપની એનર્જી કંપની અદાણી ગ્રીન આગામી દિવસોમાં બજારમાંથી 12,300 કરોડ



રૂપિયા એકઠા કરવાની યોજના ધરાવે છે. અદાણી ગ્રીન એનર્જી પોતાના શેર વેચીને QIP રૂટથી મૂડી એકઠી કરશે. અદાણી જૂથ હાલમાં જંગી દેવાના બોજ હેઠળ દબાયેલું છે ત્યારે આ મૂડીથી તેને દેવાનો બોજ ઉતારવામાં મદદ મળશે અને રોકાણકારોમાં અદાણી જૂથ વિશે આત્મવિશ્વાસ વધશે.

અદાણીએ 6 જુલાઈએ રેગ્યુલેટરી ઓથોરિટીને જણાવ્યું હતું કે અદાણી ગ્રીન એનર્જી દ્વારા ક્વોલિફાઈડ ઈન્સ્ટિટ્યૂશનલ પ્લેસમેન્ટ મારફત 12,300 કરોડ રૂપિયા એકઠા કરવામાં આવશે. અદાણી ગ્રૂપ ગ્રીન એનર્જીમાં ડાઈવર્સિફિકેશન માટે પ્લાન બનાવે છે જેમાં આ ફંડના કારણે તેને મદદ મળશે.

અદાણી ગ્રીન વધારે ઈન્સ્ટિટ્યૂશનલ રોકાણકારોને આકર્ષવા માંગે છે અને તેની કંપનીને વધુ રિસર્ચ એનાલિસ્ટો દ્વારા કવર કરવામાં આવે તેમ ઈચ્છે છે. 24 જાન્યુઆરીએ અમેરિકન શોર્ટ સેલર દ્વારા અદાણી ગ્રૂપ વિરુદ્ધ અહેવાલ બહાર પાડવામાં આવ્યો ત્યાર પછી ગ્રૂપની વેલ્યૂમાં ભારે નુકસાન થયું છે.

6 જુલાઈએ Adani Green Energyનો શેર બે ટકા વધીને ઈન્ટ્રા-ડે 973 પર પહોંચી ગયો હતો. ત્યાર પછી 0.88 ટકા વધીને 956 પર બંધ આવ્યો હતો. ભારતમાં રિન્યુએબલ એનર્જીના સેક્ટરને સૌથી વધુ આકર્ષક ગણવામાં આવે છે. ગયા વર્ષમાં ભારતમાં જે વિદેશી રોકાણ ઠલવાયું તેમાંથી સૌથી વધુ ઈન્વેસ્ટમેન્ટ મેળવનારા પાંચ સેક્ટરમાં ગ્રીન એનર્જીનો સમાવેશ થાય છે.

અદાણી જૂથની અન્ય કંપનીઓ પણ બજારમાંથી ફંડ એકત્ર કરવા તૈયારી કરી રહી છે. Adani Enterprises દ્વારા માર્કેટમાંથી 12,500 કરોડ એકત્ર કરવામાં આવશે જ્યારે Adani Transmission દ્વારા 8500 કરોડ એકઠા કરવામાં આવશે. હિન્ડનબર્ગ રિસર્ચે અદાણી ગ્રૂપ સામે ગંભીર આરોપો કર્યા પછી અદાણીની તમામ 10 લિસ્ટેડ કંપનીઓના શેર તૂટ્યા હતા, પરંતુ ત્યાર પછી તેમાં સારી એવી રિકવરી આવી છે. અદાણી જૂથે અસલમાં બજારમાંથી 21,000 કરોડ રૂપિયા એકત્ર કરવાનો પ્લાન જાહેર કર્યો છે. તેમાં અદાણી એન્ટરપ્રાઈઝિસ અને અદાણી ટ્રાન્સમિશનનો સમાવેશ થાય છે. હિન્ડનબર્ગ રિસર્ચના રિપોર્ટ પછી અદાણી માટે એક કટોકટી જેવી સ્થિતિ પેદા થઈ હતી જેમાંથી બહાર નીકળવા માટે ગ્રૂપ પ્રયાસ કરી રહ્યું છે. અદાણી જૂથના શેરોમાં આજે મિશ્ર ચાલ જોવા મળી હતી જેમાં અદાણી એન્ટરપ્રાઈઝિસનો શેર સાધારણ ઘટીને 2397 પર બંધ આવ્યો હતો જ્યારે અદાણી પોર્ટ્સનો શેર 0.38 ટકા ઘટીને 739 પર બંધ આવ્યો હતો. અદાણી જૂથની પાવર કંપનીનો શેર 0.75 ટકા વધીને 246ના લેવલ પર બંધ રહ્યો હતો.

સાપ્તાહિક ગુજરાત વંદન gujaratvandan.com

# શું તમારો મની પ્લાન્ટ પણ વારંવાર સૂકાઈ જાય છે? તો ફોલો કરો આ સરળ ટિપ્સ



ઘરે મની પ્લાન્ટ ઉછેરવો મોટાભાગના લોકો પસંદ કરે છે. કોઈને ઘર સજાવવા માટે મની પ્લાન્ટ લગાવવો પસંદ હોય છે તો કોઈ વાસ્તુ અનુસાર આ પ્લાન્ટને ઘરમાં રાખવા ઈચ્છે છે પરંતુ ઘણી વખત મની પ્લાન્ટ સૂકાઈ જાય છે. જેને લીલોછમ રાખવા માટે લોકો જુદા-જુદા પ્રકારની રીતો અજમાવે છે પરંતુ તેમ છતાં આ મની પ્લાન્ટ લીલોછમ રહેતો નથી. દરમિયાન તમે અમુક ગાર્ડનિંગ ટિપ્સને ફોલો કરી શકો છો. જે તમારા મની પ્લાન્ટના ગ્રોથને ખૂબ શ્રેષ્ઠ બનાવી શકે છે.

## પાણીમાં આ રીતે વિકાસ ઝડપી થશે

ઘણા લોકો મની પ્લાન્ટને ઘરના ખૂણામાં સજાવટ તરીકે રાખવાનું પસંદ કરે છે. એવામાં જો તમે પાણીમાં આ છોડને રાખવાનું ઈચ્છો છો તો તમારે સમયાંતરે આનું પાણી બદલવુ જોઈએ. આ સાથે જ એ વાતનું પણ ધ્યાન રાખો કે જ્યારે પણ પાણી બદલો તો તેમાં અડધી કે એક ગોળી એસ્પ્રિનની પણ નાખો. મની પ્લાન્ડનો નોડ તમારે પાણીની અંદર જ રાખવાનો છે ત્યારે આનો ગ્રોથ સારો થશે.

## માટીમાં મની પ્લાન્ટનો ગ્રોથ આ રીતે કરો

ઘણા લોકો મની પ્લાન્ટને માટીમાં લગાવ્યા બાદ તેની સંભાળ રાખતા નથી. જ્યારે મની પ્લાન્ટના સારા ગ્રોથ માટે તેની યોગ્ય સારસંભાળ રાખવી પણ જરૂરી છે. દરમિયાન જો તમારો મની પ્લાન્ટ માટીમાં ઉગાડ્યા છતાં પણ વિકાસ થઈ રહ્યો નથી તો તમે સમયાંતર તેના પીળા અને સૂકાયેલા પાંદડા છોડમાંથી દૂર કરતા રહો. સાથે જ છોડમાં ખાતર અને પાણી આપવાનું પણ ધ્યાન રાખો.

### છોડના નવા મૂળ બનાવો

ઘણી વખત મની પ્લાન્ટનો છોડ સૂકાવા લાગે છે કે પછી સડવા લાગે છે, જેનાથી તેના મૂળનો વિકાસ થતો નથી. એવામાં તેના નવા મૂળને તૈયાર કરવા માટે મની પ્લાન્ટના પાંદડાને ટ્રિમ કરીને છોડના મૂળને માટીમાં રોપો પરંતુ તેમાં તમને ખૂબ વધુ પાણી આપવાનું નથી. સાથે જ એ વાતનું પણ ધ્યાન રાખવાનું છે કે શરૂઆતમાં આ છોડમાં કોઈ પણ પ્રકારના ફર્ટિલાઈઝર ઉપયોગ ન કરો નહીંતર મની પ્લાન્ટના મૂળ સડી શકે છે. જ્યારે તેના નવા મૂળ તમને જોવા મળવા લાગે ત્યારે તમે તેને પોતાની પસંદ અનુસાર કોઈક છોડ કે પછી બોટલમાં લગાવીને રાખો.

### ખાતરનો ઉપયોગ કરો

મની પ્લાન્ટનો વિકાસ સારો કરવા માટે તમે ઘરે ખાતર બનાવીને તેનો ઉપયોગ કરી શકો છો. આ માટે તમે છાણના ખાતરને સરસવના તેલ સાથે મિક્સ કરી લો. પછી એક બાઉલ પાણી પણ તેમાં એડ કરો અને આ ખાતરનો ઉપયોગ મની પ્લાન્ટમાં કરો. આનાથી મની પ્લાન્ટ લીલોછમ રહેશે સાથે જ વિકાસ પણ સારો થશે.

### આ બાબતોનું રાખો ધ્યાન

મની પ્લાન્ટને તડકામાં ન રાખો કેમ કે આનાથી છોડના પાંદડા બળી શકે છે. મની પ્લાન્ટના વિકાસ માટે તમે તેમાં થોડુ એપ્સમ સોલ્ટ નાખી શકો છો. સાથે જ એ વાતનું પણ ધ્યાન રાખો કે મની પ્લાન્ટની માટી વધુ સૂકી ના રહે પરંતુ ખૂબ વધુ પાણીનો ઉપયોગ પણ ન કરો એટલે માટીનું લેવલ ભીનાશવાળુ રહે. આ સાથે જ આમાં ખૂબ હેવી ફર્ટિલાઈઝરનો ઉપયોગ ન કરો આનાથી પણ આના પાંદડા ખરાબ થઈ શકે છે.

# સવારના વાતાવરણમાં માત્ર 30 મિનિટ કરેલી વોકથી શરીરને થશે આ ત્રણ ગજબના ફાયદા



ચાલવું એક ઉત્તમ કસરત છે. સ્વાસ્થ્ય સારું રાખવા માટે રોજ 5000 ડગલાં ચાલવાની સલાહ આપવામાં આવે છે. ખાસ કરીને જે લોકો સ્વાસ્થ્ય પ્રત્યે સભાન હોય છે તેઓ મોટાભાગે સવારે વહેલા ચાલવાનું પસંદ કરે છે. પરંતુ કેટલાક લોકોની જીવનશૈલી વ્યસ્તતાભરેલી હોય છે જેના કારણે તેઓ વોક કરવા માટે સમય કાઢી શકતા નથી. જો કે આજે તમને જે વાત જણાવવા જઈ રહ્યા છે તેને જાણ્યા બાદ તમે વ્યસ્ત જીવનશૈલીમાંથી પણ સમય કાઢી સવારે 30 મિનિટ વોક કરવાનું શરુ કરી દેશો.


**સ્ટેમિના વધે છે** | જો તમે રોજ સવારે 30 મિનિટ ચાલો છો તો તેનાથી ફેફસાંની ક્ષમતા વધે છે અને પછી તમે શરીરમાં વધુ ઓક્સિજન લઈ શકો છો. તેનાથી શ્વાસોશ્વાસની પ્રક્રિયા સુધરે છે અને તમારો સ્ટેમિના પણ વધી જાય છે. નિયમિત વોક શરુ કર્યા પછી સીડી ચડવામાં કે દોડતી વખતે તમને શ્વાસ નહીં ચઢે.

**વજન ઘટાડવામાં મદદ મળે છે** | સ્થૂળતા એ ઝડપથી ફેલાતી સમસ્યા છ. ઘણા લોકોની શારીરિક પ્રવૃત્તિ એટલી ઓછી હોય છે કે તેમનું વજન ઝડપથી વધી જાય છે. ખાસ કરીને પેટ અને કમરની ચરબી વધી જાય તો તેને ઘટાડવું મુશ્કેલ થઈ જાય છે. તેનાથી બચવા માટે રોજ સવારે ચાલવા માટે સમય કાઢવો જ જોઈએ.

**હૃદયનું સ્વાસ્થ્ય સુધરશે** | જે લોકો નિયમિત મોર્નિંગ વોક કરે છે તેઓ કોરોનરી આર્ટરી ડિસીઝ, ટ્રિપલ વેસલ ડિસીઝ, હાર્ટ એટેક અને હાર્ટ ફેલ્યોરનું જોખમ ઘણે અંશે ઘટાડે છે. કારણ કે નિયમિત 30 મિનિટ લોહી કરવાથી ધમનીમાં જામેલી ચરબી ઘટે છે. જેનાથી હૃદય સુધી રક્ત બરાબર પહોંચે છે અને હૃદય સ્વસ્થ રહે છે.

# ચોમાસાની સીઝનમાં ફરવા જવું હોય તો આ સ્થળો ચૂકતા નહીં

## ફેમિલી સાથે યાદગાર બની જશે



ચોમાસામાં પ્રવાસન સ્થળો લગભગ લીલાછમ હોય છે. વરસાદની ઋતુમાં ખીણો, જંગલો, હિલ સ્ટેશનની મુલાકાત લેવી એ આનંદ અને રોમાંચથી ભરપૂર હોય છે.

**મેકલોડગંજ** | જો ચોમાસાની સિઝનમાં મેકલોડગંજની મુલાકાત લેવાનું આયોજન કરો છો, તો ત્યાંની પ્રાકૃતિક સુંદરતા તમારા માટે જીવનભરનો યાદગાર અનુભવ બની રહેશે. જો કે અહીં આખું વર્ષ પ્રવાસીઓની ભીડ રહે છે, પરંતુ વરસાદના દિવસોમાં ત્યાં જવું અદ્ભુત અનુભવથી ભરેલું હોય છે. ત્યાં હિમાચલ પ્રદેશ થઈને જવુ પડે છે. ધર્મશાળા પહોંચ્યા બાદ ત્યાંથી ટેક્સી અને બસ લઈને મેકલોડગંજ પહોંચી શકાય છે. હોટલ અને રહેવાની જગ્યા વગેરે ઈન્ટરનેટ પરથી જાણી શકો છો. તમે ત્યાં ફરવાની સાથે-સાથે ટ્રેકિંગ, કેમ્પિંગ અને એડવેન્ચર એક્ટિવિટીની પણ મજા માણી શકો છો.


**સિક્કિમ** | જૂન અને જુલાઈના દિવસોમાં નોર્થ ઈસ્ટના રાજ્ય સિક્કિમની એક સફર તમને જીવનભર સોનેરી યાદો આપશે. ત્યાં તમે નાથુ લા પાસ, ઈન્ડો-ચીન બોર્ડર અને રુમટેક મઠ જેવા સુંદર સ્થળો આવેલા છે. ત્યાં લાચુંગ અને યુમથાંગ ખીણનો સુંદર નજારો જોવા મળશે. સિક્કિમમાં તિસ્તા નદીમાં રિવર રાફ્ટિંગ પણ અલગ અનુભવ કરાવશે.

**લેન્સડાઉન** | ઉત્તરાખંડમાં આવેલુ લેન્સડાઉન તમારા માટે રોમેન્ટિક સફર બની શકે છે. અહીં જૂના મંદિરો, ચર્ચો અને પર્વતો પરથી ઉગતા વાદળો અને અસ્ત થતા સૂર્યની વચ્ચેના સુંદર અને કુદરતી નજારા તમારુ મન મોહી લેશે.

**શિમલા** | ચોમાસાની સિઝનમાં ફરવા માટે શિમલા શ્રેષ્ઠ સ્થળ છે. ત્યાં ખીણો, પર્વતો અને કેટલીક ખાસ જગ્યાઓ છે. શિમલા મોલ રોડ, ક્રાઈસ્ટ ચર્ચ, કુફરી, ચેઈલ, નારકંડા, ટાટા પાણી જેવી જગ્યાઓ ફરવા માટે શ્રેષ્ઠ છે. ત્યાંના બજારોની મુલાકાત લઈને તમે ખરીદી પણ કરી શકો છો. આ સિવાય શિમલામાં એક ઊંચી ટેકરી પર આવેલા જાખુ મંદિરની મુલાકાત પણ યાદગાર બની રહેશે. ખાસ કરીને અહીં હનુમાનજીની 108 ફૂટ ઊંચી પ્રતિમા પણ આકર્ષણનું કેન્દ્ર છે.

**મેઘાલય** | મેઘાલયમાં સુંદર ખીણો, પ્રાકૃતિક નજારાઓ આવેલા છે. વરસાદ તમને સ્વર્ગનો અહેસાસ કરાવશે અને પ્રકૃતિની લીલોતરી તમને શાંતિનો અનુભવ કરાવશે. ત્યાં તમે મલ્લિનોંગ ગામ અને મોસિનરામની મુલાકાત પણ લઈ શકો છો.

**અલમોડા** | અલમોડા દિલ્હીથી માત્ર 350 કિલોમીટરનું અંતરે આવેલું છે. પહાડી રાજ્ય ઉત્તરાખંડનો આ જિલ્લો તેના પ્રાકૃતિક અને સુંદર નજારો ધરાવે છે. મહત્વની વાત એ છે કે ત્યાં બધું સસ્તું મળશે, મુસાફરી પણ. અલ્મોડામાં તમારે જાગેશ્વર મંદિર, નંદા દેવી મંદિર, કાસર દેવી મંદિર અને સ્વામી વિવેકાનંદ મંદિરની મુલાકાત યાદગાર બની રહેશે.



# હવે 'શાકાહારી' કેપ્સુલ શેલ



તમો જે દવાની કેપ્સુલ ગળો છો તેની સાથે પ્રાણીના હાડકામાંથી બનતા પાવડર અને પ્રાણીઓની ચામડીમાંથી મળતા ખાસ પદાર્થ મળી જીલેટીન બનાવાય છે. જેમાં કેપ્સુલ, શેલ એટલે કે જેની અંદર દવા હોય છે તેના બનાવામાં જરૂરી છે. આથી ખાસ કરીને શુદ્ધ શાકાહારી માટે આ પ્રકારની કેપ્સુલ વ્રજય બને છે પણ હવે તેનો વિકલ્પ પણ મળી ગયો છે. ભાવનગર સ્થિત સેન્ટ્રલ સોલ્ટ એન્ડ મરીન કેમીકલ રીસર્ચ ઈન્સ્ટીટયુટે સી.વીડ જે સમુદ્રમાં ઉગતી એક વનસ્પતિ છે તેનાથી જીલેટીન બનાવવા માટે વૈકલ્પિક પદાર્થ મેળવી લીધા છે અને તે ભવિષ્યમાં આ પ્રકારની કેપ્સુલ નિર્માણમાં ખૂબજ ઉપયોગી બનશે તથા પ્રાણીઓના હાડકા તથા ચામડીમાંથી જે પદાર્થ લેવામાં આવે છે તેનો વિકલ્પ પણ બની જશે.

આ પ્રકારના કેપ્સુલ, કવચ, કેશેલ માટે છેક 2006થી આ રીસર્ચ ઈન્સ્ટીટયુટ કામ કરતી હતી અને જીલેટીન બનાવવામાં ઉપયોગી મહત્વના ઘટક કેરેજેન અને બેલ્જીનેટ આ સમુદ્રી વનસ્પતિમાંથી મેળવ્યા છે અને 2010માંજ આ પ્રકારે તેમાંથી જીલેટીન આધારીત કેપ્સુલ શેલનું નિર્માણ કર્યુ હતું પણ તે ખૂબ જ ખર્ચાળ સાબીત થયું હતું જે પ્રતિ કેપ્સુલ 25થી75 પૈસાનો ખર્ચ થતો હતો જે હાલની જે જીલેટીન આધારીત શેલ બને છે તેના ફકત 2 પૈસાના ખર્ચ સામે અત્યંત ઉંચો હતો. સૌથી મહત્વનું એ છે કે આ પ્રકારના શેલ એ ઝડપથી પીગળી જાય તેવા અને તેમાં ટેસ્ટલેસ- પ્રોટીન હોવું જરૂરી છે અને તે કોઈ રંગ વગરના હોય તે પણ મહત્વનું છે. નહીતર આ શેલ શરીરમાં જઈને હાનીકારક બની શકે છે અને તેથી જ ફાર્મા કંપનીમાં આ પ્રકારની સમુદ્રી વનસ્પતિ આધારીત કેપ્સુલ શેલમાં રસ ધરાવતી ન હતી પણ હવે આ રીસર્ચ ઈન્સ્ટીટયુટે વર્ષોની મહેનત બાદ સસ્તા પડે તે રીતે સી-વીડ આધારીત જીલેટીન નિર્માણમાં સફળતા મેળવી છે અને હવે તેના કોમર્શિયલ પ્રોડકશનની માટે વાટાઘાત ચલાવે છે. ઈન્સ્ટીટયુટના સિનીયર પ્રિન્સીપાલ વૈજ્ઞાનિક ડો. કમલેશ પ્રસાદના જણાવ્યા મુજબ તેઓએ આ પ્રકારના હાથેથી નિર્મિત કેપ્સુલ શેલ તૈયાર કર્યા છે પણ તેનું ખાસ પ્રોડકશન તો મશીન મારફત જ થઈ જશે જે માટે બે ફાર્મા કંપનીઓ સાથે વાતચીત થઈ રહી છે.

# બાળકોને શાંત અને આજ્ઞાકારી બનાવવા પહેલા માતા-પિતાએ જ પોતાનામાં આ 4 પરિવર્તન લાવવા જરૂરી

એક રિપોર્ટ અનુસાર માતા-પિતા બાળકો સાથે દરેક સમયે કંટાળીને જ વાત કરે છે, જેના કારણે બાળકોના મનમાં એ વાત ઘર કરી જાય છે કે તેમની મુશ્કેલીઓનો ઉકેલ કાઢવો કે મદદ કરવી તેમના માતા-પિતાને પસંદ નથી. દરમિયાન તેઓ પોતાને એકલા અનુભવે છે અને યોગ્યરીતે પોતાની ભાવનાઓને વ્યક્ત ન કરી શકવાના કારણે ગુસ્સાવાળા સ્વભાવના થઈ જાય છે.

જો તમારુ બાળક અત્યારે વાતવાતમાં ગુસ્સે થતુ હોય કે બૂમો પાડતુ હોય તો તેને ઠપકો આપવાના બદલે તમે તેની ભાવનાઓને સમજો અને પ્રેમથી વાત કરો. સારુ એ રહેશે કે તમે ગળે મળો અને એ અનુભવ કરાવો કે તમને તેની ચિંતા છે. યાદ રાખો કે જો તમે તેને ઠપકો આપીને શાંત કરાવવાનો પ્રયત્ન કરશો તો તે વધુ ઈરિટેટ થશે. તેથી વાત કરો, ઠપકો ન આપો.

કેટલાક માતા-પિતા બાળકો પર દરેક સમયે નજર રાખે છે અને તેમની નાની મોટી ભૂલો પર ટોક્યા કરે છે, આનાથી બાળકોના મનમાં નકારાત્મક ભાવનાઓ જન્મ લે છે અને તે તમારા આ સ્વભાવથી કંટાળવા લાગે છે. બાળકોને થોડો સમય એકલતામાં પસાર કરવા દો, તેમને ભૂલો કરવાની તક આપો. બાળકો ભૂલોમાંથી સૌથી વધુ શીખે છે. માતા-પિતાએ એ વાતનું પણ ધ્યાન રાખવુ જરૂરી છે કે તેઓ અંદરોઅંદર બાળકોની સામે ઝઘડો ના કરે. આવુ કરવાથી બાળકોના કોમળ મન પર ખરાબ અસર પડે છે અને તે પણ કોપી કરવા લાગે છે. એટલુ જ નહીં. કેટલાક બાળકો આના કારણે હતાશા અને ભય હેઠળ જીવે છે. આવા બાળકો સ્ટ્રેસમાં રહેવા લાગે છે અને ક્રોધી થઈ જાય છે. બાળકોની આસપાસ સકારાત્મક વાતાવરણ બનાવો અને તેમને ભાવનાઓને વ્યક્ત કરવા દો. તમારો આ વ્યવહાર તેમના વ્યવહારમાં ઘણુ પરિવર્તન લાવશે.





# ગુજરાતીઓની ફ્યૂઝન રેસિપી "મેગી ભજીયા" કેવી રીતે બનાવશો?

## બનાવવાની રીત

- એક પેનમા જરૂર મુજબ પાણી લઈ,મેગી બનાવી લો. તેમાં મેગી મસાલો એડ કરો. મેગીમા પાણી રેહવુ જોઈએ નહીં. આ મેગીને ઠંડી થવા દો.
- એક બાઉલમા ચણાનો લોટ અને રવો લઈને બધાં મસાલા કરીલો,તેમાં તૈયાર મેગી ઉમેરો અને થોડું પાણી લઈ ભજીયાનુ ખીરું રેડી કરો .
- કડાઈમા તેલ ગરમ મુકો થોડું ગરમ તેલ ખીરામા ઉમેરો અને સોડા નાખીને મિક્ષ કરીલો .
- આ ખીરામાંથી ભજીયા ઉતારો અને ક્રીસ્પી થાય ત્યા સુધી તળીલો .
- બહારથી ક્રીસ્પ અને અંદર થી સોફ્ટ મેગી ભજીયાને ટોમેટો કેચઅપ સાથે સર્વ કરો .

## મેગી ભજીયા બનાવવાની સામગ્રી

સામગ્રી
- 1 પેકેટ મેગી
- 1 વાટકી ચણાનો લોટ
- 1/4 વાટકી રવો
- હળદર
- મરચું
- મેગી મસાલો અથવા ગરમ મસાલો
- ધાણાજીરુ
- મીઠુ
- સોડા
- તેલ

## સ્વાસ્થ્ય માટે ખુબ જ હાનિકારક છે મોસ્કિટો રિપેલેન્ટ કોઈલ

# કેન્સર, અસ્થમા જેવા રોગોનું જોખમ વધી શકે છે



## બંધ રૂમમાં કોઈલ સળગાવવી અને ત્યાં બેસવું એટલે સો સિગારેટનો ધુમાડો તમારા શરીરમાં લીધા બરાબર થાય

ચોમાસુ આવતાંની સાથે જ મચ્છરો દેખાવા લાગે છે અને તેઓ દિવસ દરમિયાન તેમજ રાત્રે પરેશાન કરે છે. આ મચ્છરો એટલા પરેશાન કરે છે કે લોકો બરાબર સૂઈ શકતા નથી. આવી સ્થિતિમાં, લોકો તેનાથી બચવા અને શાંતિપૂર્ણ ઊંઘ મેળવવા માટે વિવિધ ઉપાયો કરે છે. જ્યાં કેટલાક લોકો ક્રીમ અને કોઈલનો ઉપયોગ કરે છે, તો કેટલાક લોકો રાત્રે આરામથી સૂઈ શકે તે માટે મોસ્કિટો રિપેલેન્ટનો ઉપયોગ કરે છે. શું તમે જાણો છો કે મચ્છરોથી બચવા માટે મોસ્કિટો રિપેલેન્ટમાં રહેલા પદાર્થો સ્વાસ્થ્ય માટે સારા નથી અને તે તમારી સમસ્યાને વધારી પણ શકે છે.

જો હેલ્થ એક્સપર્ટનું માનીએ તો મોસ્કિટો રિપેલેન્ટમાં જોવા મળતા પદાર્થો આપણા સ્વાસ્થ્ય માટે સારા નથી. તેઓ કહે છે કે, ઘરમાં મચ્છર નિવારકની જેમ કોઈલ સળગાવવાથી સ્વાસ્થ્ય માટે જોખમ વધી રહ્યું છે. આ સંદર્ભે પ્રકાશિત થયેલા એક અભ્યાસમાં જાણવા મળ્યું છે કે, "એ કહેવું વાજબી છે કે સ્યુટ રૂમમાં મચ્છર કોઈલ પ્રગટાવવી એ લગભગ 100 સિગારેટ પીવા બરાબર છે."

જો નિષ્ણાંતોનું માનીએ તો, કોઈલમાંથી નીકળતો ધુમાડો કે ગંધ તમારા સ્વાસ્થ્ય પર ઘણી અસર કરે છે. આ કારણે તમારા ફેફસાંમાં કેન્સર થવાની મોટી સંભાવના છે. એટલું જ નહીં તેના ઉપયોગથી લોકોને અસ્થમાની સમસ્યા પણ થાય છે. આ જ કારણ છે કે લોકોને કોઈ પણ મચ્છર નિવારક દવાઓથી દૂર રહેવાની સલાહ આપવામાં આવે છે જેથી તેઓ અજાણતાં ગંભીર બીમારીઓ ન પકડી શકે.

આરોગ્ય નિષ્ણાતો લોકોને મોસ્કિટો રિપેલેન્ટથી દૂર રહેવાની સલાહ આપે છે. તે આવા લોકોને મેટ અથવા મચ્છરદાનીનો ઉપયોગ કરવાની સલાહ આપે છે. એટલું જ નહીં, તે લોકોને મચ્છરોથી દૂર રહેવા માટે કેટલાક કુદરતી અને સલામત વિકલ્પોનો ઉપયોગ કરવાની પણ સલાહ આપે છે, જેમ કે લીમડાના પાન વગેરે..



# વિમ્બલ્ડન: જોકોવિચે ગ્રાન્ડ સ્લેમમાં 350મી જીત મેળવી

ગુજરાત | વંદન

વિમ્બલ્ડન ટેનિસ ટૂર્નામેન્ટના ત્રીજા દિવસે સર્બિયાના નોવાક જોકોવિચે ઑસ્ટ્રેલિયાના જોર્ડન થોમ્પસનને હરાવીને ગ્રાન્ડ સ્લેમમાં પોતાની 350મી જીત હાંસલ કરી છે. જોકોવિચ રોજર ફેડરર અને સેરેન વિલિયમ્સ બાદ સ્લેમમાં 350 જીત હાંસલ કરનારો ત્રીજો ખેલાડી છે.

બીજી બાજુ વિમેન્સ સિંગલ્સમાં ટોચની ક્રમાંકિત ઈગા સ્વાતેકે સરળ જીત હાંસલ કરી છે. તેણે સ્પેનની સારોબેઝ તોરમોને સળંગ બે સેટમાં 6-2, 6-0થી હરાવી છે. જ્યારે ગ્રીકના ખેલાડી સ્ટેફાનોસ સિતસિપાસને પણ જીત મળી છે. તેનો આગલો મુકાબલો બે વખતના વિમ્બલ્ડન ચેમ્પિયન એન્ડી મરે સામે થશે.

ડિફેન્ડિંગ ચેમ્પિયન નોવાક જોકોવિચને થૉમ્પસને જોરદાર પડકાર ફેંક્યો હતો પરંતુ જોકોવિચે શાનદાર રમત બતાવી 6-3, 7-6(4), 7-5થી જીત હાંસલ કરી ત્રીજા રાઉન્ડમાં પ્રવેશ કરી લીધો છે. 70મા ક્રમાંકના થૉમ્સન બીજા સેટના અંતિમ સમયમાં મેચને બરાબરી પર લાવવાથી બે પોઈન્ટ પાછળ હતો પરંતુ જોકોવિચે એ સેટ જીતી લીધો હતો.

આવી જ રીતે પાંચમા રેન્કીંગવાળા ટેનિસ સ્ટાર સ્ટેફાનોસ સિતસિપાસને ઑસ્ટ્રીયાના ડોમિનિક થિયેમને હરાવવા માટે બે દિવસમાં લગભગ ચાર કલાક અને પાંચ સેટ સુધી મહેનત કરવી પડી હતી. અંતમાં સિતસિપાને 3-6, 7-6(1), 6-2, 6-7(5)થી ચાર સેટમાં ટાઈ કર્યું હતું. આ પછી પાંચમા સેટમાં 7-6(8)થી જીત મેળવી હતી. હવે સિતસિપાસનો મુકાબલો એન્ડી મરે સામે થશે.

## ક્રિકેટ બાદ હવે ટેનિસમાં પણ વિરોધ પ્રદર્શન

થોડા સમય પહેલાં લંડનમાં જસ્ટ સ્ટૉફ ઓઈલના નામે વિરોધ કરી રહેલા પ્રદર્શનકારીઓએ ઑસ્ટ્રેલિયા-ઈંગ્લેન્ડ વચ્ચે એશેઝની ટેસ્ટ મેચમાં ઘૂસી જઈ વિરોધ કર્યો હતો જે હવે ટેનિસ ટૂર્નામેન્ટ વિમ્બલ્ડનમાં જોવા મળ્યો છે. પ્રદર્શનકારીઓએ ત્રીજા દિવસની રમતમાં બે વખત અડચણ પહોંચાડવાની કોશિશ કરી હતી. પહેલી ઘટનામાં બે પ્રદર્શનકારી સેન્ટર કોર્ટ પર આવી ગયા અને પઝલના હજાર ટુકડા કોર્ટમાં ફેલાવી દીધા હતા. જ્યારે બીજા પ્રદર્શનકારીએ કોર્ટમાં ખેંચાયેલી લાઈન ભૂંસવાની કોશિશ કરી હતી.

### રોહિત-વિરાટની T20 કારકિર્દીનો અંત?

# નવા ચીફ સિલેક્ટર અગરકરના નિર્ણય પર ઉઠ્યા સવાલો...

ગુજરાત | વંદન

નવા ટીમ સિલેક્ટર અજીત અગરકરે વેસ્ટ ઈન્ડિઝ પ્રવાસ માટે હાર્દિક પંડ્યા અને સૂર્યકુમાર યાદવની ઉપ-કપ્તાની હેઠળ ટી20 ટીમની જાહેરાત કરી. વિરાટ કોહલી અને વનડે અને ટેસ્ટ ટીમના નિયમિત કેપ્ટન રોહિત શર્માને આ ટીમમાંથી બહાર કરવામાં આવ્યા છે. સંજુ સેમસનને ટીમમાં સ્થાન આપવામાં આવ્યું છે. જ્યારે IPL સ્ટાર બેટ્સમેન રિંકુ સિંહની પસંદગી ન થવા પર સવાલો ઉભા થયા છે.

જો કે, અજીત અગરકર દ્વારા જાહેર કરવામાં આવેલી ટીમથી સ્પષ્ટ છે કે હવે BCCIનું ધ્યાન 2024માં યોજાનાર ICC મેન્સ T20 વર્લ્ડ કપ માટે ટીમને તૈયાર કરવા પર છે. જો છેલ્લા સમયની કેટલીક ટી-20 ટીમો જોવામાં આવે તો હાર્દિક પંડ્યાને સતત કમાન સોંપવામાં આવી રહી છે. નવી ટીમમાં યશસ્વી જયસ્વાલ, તિલક વર્મા અને મુકેશ કુમાર જેવા નવા ચહેરા સામેલ છે. સંજુ સેમસન ટીમમાં સ્થાન આપવામાં આવ્યું છે.

જાન્યુઆરી-ફેબ્રુઆરીમાં ન્યુઝીલેન્ડ સામેની સીરિઝમાં રાહુલ ત્રિપાઠી, દીપક હુડા, પૃથ્વી શૉ, જીતેશ શર્મા, વોશિંગ્ટન સુંદર, શિવમ માવીનો સમાવેશ થતો હતો. આ તમામ 6 ખેલાડીઓને ટીમમાંથી બહાર કરી દેવામાં આવ્યા છે. જ્યારે શૉ અને જીતેશને અગાઉની સીરિઝમાં તક મળી ન હતી, ત્યારે રાહુલ ત્રિપાઠી અને હુડ્ડા બેટથી ફ્લોપ રહ્યા હતા.

## બંને એકપણ આંતરરાષ્ટ્રીય ટી-20 સિરીઝમાં નથી



ભારતીય ક્રિકેટ ટીમના નિયમિત કેપ્ટન રોહિત શર્મા અને વિરાટ કોહલી છેલ્લે 2022માં રમાયેલા T20 વર્લ્ડ કપમાં રમતા જોવા મળ્યા હતા. ત્યારથી બંને એકપણ આંતરરાષ્ટ્રીય ટી-20 સિરીઝમાં નથી. આવી સ્થિતિમાં શું એવું માની શકાય કે ભવિષ્યને ધ્યાનમાં રાખીને BCCIએ કોહલી અને રોહિતને T20માંથી બહાર રાખવાનો નિર્ણય લીધો છે?

### BCCIનો સ્પેશિયલ પ્લાન તૈયાર


# રિંકુ સિંહને ટીમમાં કરાયો સામેલ, વેસ્ટ ઈન્ડિઝની જગ્યાએ આયર્લેન્ડ મોકલાશે

■ વેસ્ટ ઈન્ડિઝ બાદ ભારત અને આયર્લેન્ડ વચ્ચે 3 મેચની T20 સિરીઝ રમાશે

ગુજરાત | વંદન

રિંકુ સિંહને વેસ્ટ ઈન્ડિઝ સામે આગામી ટી-20 સીરીઝમાં ટીમ ઈન્ડિયામાં સામેલ ન કરવાથી ભારે હલ્લાબોલ થયો હતો. પરંતુ હવે તેમના ફેન્સને નિરાશ થવાની જરુર નથી, કારણ કે ભારતીય પસંદગીકારોએ તેને આયર્લેન્ડ પ્રવાસ પર મોકલવાની તૈયારી કરી રહ્યા છે. ભારત અને આયરલેન્ડની વચ્ચે 3 મેચોની ટી- 20 સીરીઝ રમાશે. સીરીઝની પહેલી મેચ 18 ઓગસ્ટના રોજ રમાશે.

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડના મુખ્ય પસંદગીકાર તરીકે નિમણૂક સાથે અજીત અગરકરે 24 કલાકની અંદર પોતાની જવાબદારી નિભાવવાનું શરૂ કરી દીધું. વેસ્ટ ઈન્ડિઝના પ્રવાસ પર યોજાનારી 5 મેચની T20 સિરીઝ માટે ગત તા. 5 જુલાઈના રોજ રાત્રે ટીમ ઈન્ડિયાની જાહેરાત કરવામાં આવી હતી. પ્રશંસકોને આશા હતી કે રિંકુ સિંહને પણ આમાં સ્થાન મળશે, પરંતુ તેને ટીમમાં સ્થાન ન મળતાં બધાને આશ્ચર્ય થયું હતું. અને તે બાદ તેના પ્રશંસકો ખૂબ જ નારાજ થયા હતા. કારણે કે તેને ભારતીય ટીમમાં સારુ પ્રદર્શન કર્યુ હતું.



ક્રિકેટ કંટ્રોલ બોર્ડના મુખ્ય પસંદગીકારોનું કહેવુ છે કે, તે દરેક યુવા ખેલાડીઓને વેસ્ટ ઈન્ડિઝના પ્રવાસે મોકલવા નહોતા માંગતા. કારણ કે વેસ્ટ ઈન્ડિઝના પ્રવાસ પછી ભારત અને આયર્લેન્ડ વચ્ચે 3 મેચની T20 સિરીઝ રમાશે. અને તેના પછી ભારતને એશિયા કપમાં ભાગ લેવાનો છે.

એશિયા કપ પછી ટીમ ઈન્ડિયાએ ભારતમાં વનડે વિશ્વ કપ રમવાનો છે. રિંકુ સિંહ અને ઋતુરાજ ગાયકવાડ જેવા ખેલાડીઓને આયરલેન્ડની ટીમમાં સામેલ કરવામાં આવશે. કારણે કે બોર્ડને એશિયાઈ માટે દરેક ટીમને મોકલવાની છે જેનુ આયોજન ચીનમાં થઈ રહ્યુ છે. એટલે સિલેક્શન કમિટીએ અલગ-અલગ સીરીઝમાં અલગ- અલગ ખેલાડીઓને મોકલવાનો નિર્ણય કર્યો છે.

# બૉડી બિલ્ડર જો લિન્ડનરનું 30 વર્ષની વયે જ નિધન, સાઉથની ફિલ્મમાં પણ ઝળક્યા હતા

ગુજરાત | વંદન

જર્મન બોડી બિલ્ડર અને યુટ્યુબ સ્ટાર જો લિન્ડનરનું 30 વર્ષની વયે અવસાન થયું. લિન્ડનરના મૃત્યુ પછી, તેના મિત્ર નોએલ ડેઝેલે કહ્યું, 'જો તમારા આત્માને શાંતિ મળે. હું હજી પણ તમારા જવાબની રાહ જોઈને મારો ફોન ચેક કરું છું જેથી કરીને અમે જીમમાં મળી શકીએ.' તેણે આગળ લખ્યું, 'હું તૂટી ગયો છું ભાઈ, તમે અમારા માટે તમારા હાથ ખોલી દીધા હતા, તમે અમને જીવન અને સોશિયલ મીડિયા વિશે ઘણું કહ્યું. મારા અને અન્ય લોકો પ્રત્યે તમારી ઉદારતા હંમેશા મારી સાથે રહેશે.' અહીં તમને જણાવી દઈએ કે, જો લિન્ડનરે અભિનેત્રી રશ્મિકા મંધાનાની ફિલ્મ પોગારુમાં પણ કામ કર્યું હતું.



# પિતા IAS, પુત્રએ સ્વિમિંગમાં રાષ્ટ્રીય રેકોર્ડ બનાવ્યો : ગુજરાત માટે બે ગોલ્ડ મેડલ જીત્યા

ગુજરાત | વંદન

ગુજરાતના એક IASના પુત્રએ દક્ષિણ ભારતમા યોજાયેલી તરણ સ્પર્ધામાં ગુજરાતનો ડંકો વગાડ્યો છે.આર્યન મહેરાએ હૈદરાબાદમાં બે દિવસમાં બે ગોલ્ડ મેડલ જીતીને ગુજરાતનું સાઉથમાં નામ રોશન કર્યું છે. આર્યન નેહરા ગુજરાત કેડરના વરિષ્ઠ IAS અધિકારીના મોટા પુત્ર છે. આર્યનની સાથે તેનો નાનો ભાઈ પણ તરવૈયો છે. પિતા વિજય નેહરાએ પુત્રના રાષ્ટ્રીય રેકોર્ડ બનાવવા બદલ ખુશી વ્યક્ત કરી છે. IAS અધિકારી વિજય નહેરા કોરોના મહામારી વખતે જ્યારે અમદાવાદ મ્યુનિસપલ કોર્પોરેનશનના કમિશ્નર પદે હતા ત્યારે ભારે ચર્ચામાં આવ્યા હતા.

ગુજરાતના ઉભરતા તરવૈયા આર્યન નેહરાએ વધુ એક રાષ્ટ્રીય રેકોર્ડ બનાવ્યો છે. એશિયન ગેમ્સની તૈયારી કરતી વખતે, તરવૈયા આર્યન નેહરાએ નવો રાષ્ટ્રીય રેકોર્ડ બનાવ્યો અને 3 જુલાઈએ અહીં રાષ્ટ્રીય સ્વિમિંગ ચેમ્પિયનશિપમાં પુરુષોની 800 મીટર ફ્રીસ્ટાઈલ ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ જીત્યો. આર્યને 8 મિનિટ અને 01.81 સેકન્ડનો સમય લઈને આ વર્ષે બીજી વખત એશિયન ગેમ્સ ક્વોલિફાઈંગ સ્ટાન્ડર્ડ હાંસલ કર્યા. 2 જુલાઈના દિવસે 400 મીટર ફ્રી સ્ટાઈલ ઈવેન્ટની જેમ, આર્યને ફરી એકવાર દિલ્હીના રાષ્ટ્રીય રેકોર્ડ ધારક કુશાગ્ર રાવતને પાછળ છોડી દીધો હતો. રાવતે 8:09.25 કલાકે સિલ્વર મેડલ જીત્યો, જ્યારે કર્ણાટકનો અનિશ ગૌડા (8:16.92) ત્રીજા ક્રમે રહ્યો. આર્યને એપ્રિલમાં શિકાગોમાં યોજાયેલી ઈવેન્ટમાં 800 મીટર ફ્રી સ્ટાઈલમાં 8:03.15નો વ્યક્તિગત સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરીને એશિયન ગેમ્સમાં પોતાનું સ્થાન નક્કી કરી લીધું હતું. ગુજરાત માટે શાનદાર પ્રદર્શન કરનાર આર્યન રાજ્યના વરિષ્ઠ IAS ઓફીસર વિજય નેહરાનો પુત્ર છે. વિજય નહેરાના બંને પુત્રો તરવૈયા છે. નેહરા 2001ની બેચના IAS અધિકારી છે. વર્તમાનમાં વિજય નેહરા સાયન્સ એન્ડ ડેવપમેન્ટ ડિપાર્ટમેન્ટમાં સચિવ છે. તેમની પાસે ગુજરાત ઈંફોમિટિક્સ લિમિટેડની પણ જવાબદારી છે. નેહરા મૂળ રાજસ્થાનના સીકરના વતની છે. નેહરાએ કેમેસ્ટ્રીમાં MSC અને IIT મુંબઈથી અભ્યાસ કર્યો છે.



### પ્રથમ ઈનિંગને સહારે 26 રનની સરસાઈ મેળવ્યા બાદ ઓસ્ટ્રેલિયાના 116/4

# એશિઝ: ત્રીજી ટેસ્ટમાં ઓસ્ટ્રેલિયાએ ઈંગ્લેન્ડ પર 142 રનની સરસાઈ મેળવી, 4 વિકેટ ગુમાવી

■ કમિન્સની છ વિકેટ, સ્ટોક્સના છ ચોગ્ગા અને પાંચ છગ્ગા સાથે 80 રન

ગુજરાત | વંદન

ઓસ્ટ્રેલિયાએ ઈંગ્લેન્ડ સામેની ત્રીજી એશિઝ ટેસ્ટમાં ભારે ચડાવ-ઉતાર બાદ બીજા દિવસના અંતે કુલ મળીને 142 રનની સરસાઈ મેળવી લીધી હતી. જોકે આ દરમિયાન તેમણે ચાર વિકેટ ગુમાવી હતી. ઓસ્ટ્રેલિયાના પ્રથમ ઈનિંગના 263ના સ્કોર સામે ઈંગ્લેન્ડની પ્રથમ ઈનિંગ 237 રનમાં સમેટાઈ હતી. ઓસ્ટ્રેલિયાએ આ સાથે 26 રનની સરસાઈ મેળવી લીધી હતી. ઓસ્ટ્રેલિયાએ બીજી ઈનિંગમાં 47 ઓવરમાં 4 વિકેટે 114 રન નોંધાવ્યા હતા.



ઈંગ્લેન્ડે તેની પ્રથમ ઈનિંગ 68 રનમાં 3 વિકેટથી બીજા દિવસે આગળ ધપાવી હતી. જોકે તેઓ રુટ (19), બેરસ્ટો (12), મોઈન (21) અને વોક્સ (10)ની વિકેટ ગુમાવી હતી. સ્ટોક્સ છ ચોગ્ગા અને પાંચ છગ્ગા સાથે 108 બોલમાં 80 રન ફટકાર્યા હતા. તેની પ્રાઈઝ વિકેટ મર્ફીને મળી હતી. કમિન્સે 91 રનમાં છ વિકેટ ઝડપી હતી. સ્ટાર્કે બે વિકેટ મેળવી હતી.

ઓસ્ટ્રેલિયાની બીજી ઈનિંગની શરુઆત સારી રહી નહતી. વોર્નર 1 રને બ્રોડનો શિકાર બન્યો હતો. મોઈન અલીએ લાબુશેન (33) અને સ્મિથ (2)ની વિકેટ ઝડપી હતી. ખ્વાજાની 43 રનની ઈનિંગના સંઘર્ષનો અંત વોક્સે આણ્યો હતો. હેડ 18 અને મિચેલ માર્શ 17 રને ક્રિઝ પર હતા.

# બાબા બાગેશ્વરની શરણમાં પહોંચ્યો કુલદીપ યાદવ



ગુજરાત | વંદન

ટીમ ઈન્ડિયા આ મહિને વેસ્ટ ઈન્ડિઝ પ્રવાસે જવાની છે જ્યાંતે ટેસ્ટ, ટી-20 અને વન-ડે શ્રેણી રમશે. પસંદ કરાયેલી ટીમમાં કુલદીપ યાદવને તક આપવામાં આવી છે ત્યારે વિન્ડિઝ જતા પહેલાં કુલદીપ યાદવ બાબા બાગેશ્વર ધામ પહોંચ્યો હતો જ્યાં પહોંચીને તેણે પંડિત ધીરેન્દ્ર શાસ્ત્રીના આશીર્વાદ મેળવ્યા હતા. કુલદીપની તસવીરો સોશ્યલ મીડિયા પર વાયરલ થઈ રહી છે. કુલદીપની તસવીરો બાગેશ્વર ધામ સરકાર નામના ટવીટર હેન્ડલ પરથી શેયર કરવામાં આવી છે. યાદવ બાબાના ચરણોમાં બેસીને હાથ જોડતો દેખાઈ રહ્યો છે. છ અને સાત જૂલાઈએ ધીરેન્દ્ર શાસ્ત્રીનીકથાનું આયાજેન દિલ્હીના પટપડગંત વિસ્તારમાં થયું છે જ્યાં કુલદીપ યાદવ પણ પહોંચ્યો હતો.

# કેનેડા ઓપનમાં લક્ષ્ય સેન અને સિંધુનો ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ



ગુજરાત | વંદન

ભારતના આશાસ્પદ યુવા બેડમિંટન ખેલાડી લક્ષ્ય સેન તેમજ દેશની ટોચની ખેલાડી પી.વી. સિંધુએ કેનેડા ઓપન સુપર ૫૦૦ સિરિઝ ટુર્નામેન્ટમાં અનુક્રમે મેન્સ અને વિમેન્સ સિંગલ્સની ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ મેળવી લીધો હતો.જોકે ભારતના ક્રિશ્ના પ્રસાદ ગારગા અને વિષ્ણુવર્ધન ગૌડ પંજાલાની જોડીને પ્રિ-ક્વાર્ટર ફાઈનલમાં હારનો સામનો કરવો પડયો હતો.

સિંધુને જાપાનની નાત્સુકી નિદાઈરા સામે રમવાનું હતુ. જોકે નિદાઈરા ઈજાના કારણે ખસી ગઈ હતી. હવે ક્વાર્ટર ફાઈનલમાં સિંધુની ટક્કર ચીનની ગાઓ ફાંગ જી સામે થશે. જે ૨૦૨૨માં ઈન્ડોનેશિયા માસ્ટર્સ જીતી ચૂકી છે. તેણે એશિયન મીક્સ ટીમ ચેમ્પિયનશિપમાં ચીનને ચેમ્પિયન બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી.

લક્ષ્ય સેને પહેલા જ રાઉન્ડમાં સેકન્ડ સીડેડ ઈન્ડોનેશિયન ખેલાડી વિટિડમને હરાવીને અપસેટ સર્જ્યો હતો. હવે તેણે બ્રાઝિલનના યગોર કોઈલ્હોને ૨૧-૧૫, ૨૧-૧૧થી પરાજીત કરી હતી. તેણે માત્ર ૩૧ મિનિટમાં જ જીત હાંસલ કરી હતી. હવે તે બેલ્જીયમના જુલીયન કાર્રાગી સામે રમશે.

સંયાસ | વર્ષ 2007માં ઈન્ટરનેશનલ કરિયરની કરી હતી શરૂઆત

# બાંગ્લાદેશના સીનિયર બેટ્સમેન તમીમ ઇકબાલે PMની વિનંતીને માન આપી નિવૃત્તિ પાછી ખેંચી

ગુજરાત | વંદન

બાંગ્લાદેશ ક્રિકેટ ટીમના ODI કેપ્ટન તમિમ ઈકબાલે તાજેતરમાં આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી હતી. પરંતુ હવે તેણે આ નિર્ણય પાછો લઈ લીધો છે. એક રિપોર્ટ અનુસાર, બાંગ્લાદેશના વડાપ્રધાન શેખ હસીનાના કહેવા પર તમિમે નિવૃત્તિ પાછી ખેંચી લીધી છે. તમીમ તાજેતરમાં શેખ હસીનાને મળ્યો હતો. પરંતુ આ અંગેની સત્તાવાર માહિતી હાલમાં જાહેર કરવામાં આવી નથી.

## તમીમે કેપ્ટન તરીકે 37 વનડેમાં બાંગ્લાદેશનું નેતૃત્વ કર્યું છે



તમીમે 241 વનડેમાં 36.62ની એવરેજથી 8313 રન બનાવ્યા છે, જેમાં 14 સદી અને 56 ફિફ્ટી સામેલ છે. આ ઉપરાંત ટેસ્ટ ફોર્મેટમાં, તમીમ બાંગ્લાદેશ માટે 70 મેચોમાં 38.89ની સરેરાશથી 5134 રન બનાવ્યા છે, જેમાં 10 સદી અને 31 ફિફ્ટી સામેલ છે. T20 ઈન્ટરનેશનલમાં તમીમ બાંગ્લાદેશ માટે 70 મેચ રમ્યો છે અને તેણે 24.08ની એવરેજથી 1758 રન બનાવ્યા છે. તમીમે કેપ્ટન તરીકે 37 વનડેમાં બાંગ્લાદેશનું નેતૃત્વ કર્યું છે, જેમાં ટીમે 21 મેચ જીતી હતી.

તમીમ પરિવાર સાથે વડાપ્રધાન શેખ હસીનાને મળ્યો હતો. ક્રિકબઝ પર છપાયેલા સમાચાર અનુસાર, તમિમએ કહ્યું, "આજે બપોરે વડાપ્રધાને તેને પોતાના ઘરે આમંત્રણ આપ્યું હતું. તેણે મને ફરીથી રમવા માટે કહ્યું. એટલા માટે મેં નિવૃત્તિનો નિર્ણય પાછો લઈ લીધો છે. તેમને ના પાડવી મારા માટે મુશ્કેલ હતું.

અફઘાનિસ્તાન સામે 3 મેચની વનડે સિરીઝની પ્રથમ મેચમાં હાર બાદ તમીમે પ્રેસ કોન્ફરન્સ બોલાવીને પોતાના નિર્ણયની જાણકારી આપી હતી. મળેલા અહેવાલ મુજબ, તમીમે નિવૃત્તિની જાહેરાત કરી અને કહ્યું કે આ મારા ક્રિકેટ કરિયરનો અંત છે. મેં મારું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન આપવાનો પૂરો પ્રયાસ કર્યો. આ સમયે, હું આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરું છું.

તમીમ ઈકબાલે વધુમાં કહ્યું કે આ અવસર પર હું મારા તમામ સાથી ખેલાડીઓ, કોચ અને બાંગ્લાદેશ ક્રિકેટ અધિકારીનો આભાર માનું છું. આ ઉપરાંત હું મારા પરિવારનો પણ આભાર માનું છું, જેઓ આ પ્રવાસમાં સતત મારી સાથે રહ્યા અને મારામાં વિશ્વાસ જગાવ્યો. હું ચાહકોનો પણ આભાર કહેવા માંગુ છું, જેમણે મારા પર સતત પ્રેમ વરસાવ્યો અને મને વધુ સારું પ્રદર્શન કરવાની પ્રેરણા આપી હતી.

### સુપ્રીમકોર્ટનો સેશન કોર્ટને કડક નિર્દેશ

# મોહમ્મદ શમીના ઘરેલુ હિંસા કેસની સુનાવણી એક મહિનામાં પૂર્ણ કરો

ગુજરાત | વંદન

ભારતીય ટીમના ઝડપી બોલર મોહમ્મદ શમી અને તેની પત્ની હસીન જહાં વચ્ચે ચાલી રહેલા ચાર વર્ષ જૂનાં વિવાદ હવે જલદી જ નિર્ણય આવી શકે છે. સુપ્રીમકોર્ટે સેશન કોર્ટને આદેશ આપ્યો છે કે મોહમ્મદ શમી સામે દાખલ ઘરેલુ હિંસાના કેસમાં ઝડપી સુનાવણી કરવામાં આવે. તેના માટે એક મહિનાની મુદત આપવામાં આવી છે. સાથે એ પણ સ્પષ્ટ કરાયું કે જો સંભવ ન હોય તો સેશન જજ તેમાં સુધારા માટે કોઈ પણ આદેશ પસાર કરી શકે છે. ભારતના મુખ્ય ન્યાયાધીશ ડી.વાય.ચંદ્રચૂડ અને જસ્ટિસ પી.એસ.નરસિમ્હા અને જસ્ટિસ મનોજ મિશ્રાના નેતૃત્વ હેઠળની બેન્ચે કહ્યું કે ભારતીય ક્રિકેટ ટીમના ખેલાડી મોહમ્મદ શમીની પત્નીની અરજીમાં યોગ્યતા જણાય છે કેમ કે આ મામલે છેલ્લા 4 વર્ષોથી સુનાવણી થઈ નથી.



કોર્ટે કહ્યું કે એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ, અલીપુર દ્વારા 29 ઓગસ્ટ 2019ના રોજ ધરપકડ વૉરન્ટ ઈશ્યૂ કરાયો હતો. તે આદેશને શમીએ સેશન કોર્ટ સમક્ષ પડકાર્યો હતો જેણે 9 સપ્ટેમ્બર 2019ના રોજ ધરપકડ વૉરન્ટ પર રોક લગાવી હતી. ટોચની કોર્ટે કહ્યું કે કાર્યવાહી પર સુનાવણી થઈ નથી અને કેસ પર છેલ્લા ચાર વર્ષોથી સ્ટે યથાવત્ છે. આ મામલે બેન્ચે કડક વલણ અપનાવતા સેશન જજને એક મહિનામાં આ કેસનો નિકાલ લાવવા નિર્દેશ આપ્યો હતો.

# ચૂંટણી આવે છે, 500 થી વધુ પ્રોજેક્ટ પૂરા કરવા મોદીની તાકીદ

■ વડાપ્રધાને પુરા મંત્રીમંડળનો કલાસ લીધા: ટોચના સચિવો પણ હાજર રહ્યા

ગુજરાત | વંદન

આગામી સમયની લોકસભા ચુંટણી પુર્વે રાષ્ટ્રીય અને રાજય કક્ષાના મહત્વના પ્રોજેકટ સંપન્ન થવામાં સતત વધી રહેલી ‘ડેડલાઈન’થી નારાજ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ એક બેઠકમાં હવે આ પ્રકારના પ્રોજેકટની સમીક્ષા કરી તે તમામ જેઓ વિલંબથી ચાલી રહ્યા છે તે તા.26 જાન્યુ. 2024 પુર્વે પુરા થાય તે જોવા સૂચના આપી છે. ટોચના સૂત્રોના જણાવ્યા મુજબ ચુંટણી તેના શેડયુલ મુજબ એપ્રિલ-મે 2024ના યોજાય તે રીતે હાલ તમામ તૈયારીઓ ચાલી રહી છે અને વડાપ્રધાન આ તમામ પ્રોજેકટના લોકાર્પણની હારમાળા સર્જવા માંગે છે.

જેથી 2024ની ચુંટણીમાં મોદી સરકારની કામગીરીનો મેગા-શો યોજાઈ શકે. વડાપ્રધાન મોદીએ ગઈકાલે બપોર બાદ પુર્ણ કેબીનેટ ‘કાઉન્સીલ ઓફ મીનીસ્ટ્રી’ની બેઠક યોજી હતી અને તેમાં વિઝન-2047ના ભાગરૂપે 2024 સુધીના આયોજનો આ ભાર મુકયો હતો અને આ બેઠકમાં કેટલાક ટોચના અધિકારીઓને પણ હાજર રખાયા હતા તથા ફકત ફાઈલો નહી જમીન પર વાસ્તવિકતા દેખાય તેના પર વડાપ્રધાને ભાર મુકયો હતો. આ ઉપરાંત આગામી સમયમાં કેન્દ્ર સરકાર હવે ફરી નાના-એકમો માટે લોનમેળા યોજશે.



▶સરકારી યોજનાઓના લાભો લોકો સુધી પહોચાડવા સાંસદોને ખાસ ટાસ્ક અપાશે: નાના ઉદ્યોગ-વ્યાપારીઓ માટે લોનમેળાની તૈયારી ભારતીય બેન્કોની હાલત હવે ખૂબજ તંદુરસ્ત થઈ છે. રૂા.2000ની નોટોની ‘રીઝર્વ બેન્ક વાપસી’ થી બેન્કોની ડિપોઝીટ પણ વધી છે અને તેમાં હવે અર્થતંત્રને પુશઅપ કરવા માટે જે વિરાટકાય પ્રોજેકટ પર કામકાજ થઈ રહ્યું છે. તેમાં હવે નાના ઉદ્યોગોની નાના-વ્યાપારીઓની ભાગીદારી વધે તે પણ જોવામાં આવી રહ્યું છે અને તેથી હવે પસંદગીના ક્ષેત્રો માટે નાના પાયાના લોન મેળા યોજાશે અને આ સાથે સરકારની હાલની જે યોજનાઓ છે તેની અસરકારક અને ઝડપી રીતે લોકોને મળે તે જોવા પણ મોદીએ ભાર મુકયો હતો.

સંસદનું ચોમાસુ સત્ર પણ શરૂ થઈ રહ્યું છે અને મોદી સરકારમાં ફેરબદલની ચર્ચા છે અને આ બેઠકમાં જે રીતે વડાપ્રધાને તે તરફ કોઈ આડકતરો સંકેત પણ આપ્યો નથી તે અનેક માટે રાહત હતી. આ બેઠકમાં વ્યાપારમંત્રી પીયુષ ગોયલ તથા સંસદીય બાબતોના મંત્રી પ્રહલાદ પટેલે પણ સંબોધન કર્યુ હતું. આ બેઠકમાં જે વિઝન 2047 રજુ કરાયું તે માર્ગ તથા ઈન્ફ્રા ક્ષેત્રનાજ જે 500 પ્રોજેકટ છે તેનું આગામી 7-8 માસમાં લોકાર્પણ થશે અને આ તમામ પ્રોજેકટની સમીક્ષા કરી તેને જાન્યુ. અંત સુધીમાં પુરા કરવાની તાકીદ કરી હતી.

# દિલ્હી એક્સાઈઝ પોલિસી કેસ ED એ મનીષ સિસોદિયા અને અન્યની રૂપિયા 52 કરોડની સંપત્તિ જપ્ત કરી

ગુજરાત | વંદન



આમ આદમી પાર્ટી ના નેતા અને પૂર્વ ડેપ્યુટી સીએમ મનીષ સિસોદિયા, તેમની પત્ની અને અન્યોએ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા 52 કરોડ રૂપિયાથી વધુની સંપત્તિ જપ્ત કરી છે. તપાસ એજન્સીએ આ કાર્યવાહી અંગે નિવેદન જાહેર કર્યું છે. દિલ્હી એક્સાઈઝ પોલિસી કેસમાં ED અને CBI દ્વારા સિસોદિયાની ધરપકડ કરવામાં આવી હતી. ED અનુસાર, 52 કરોડ રૂપિયાની આ જંગમ અને સ્થાવર મિલકતમાં મનીષ સિસોદિયા, તેની પત્ની સીમા સિસોદિયાની બે સંપત્તિ તેમજ રાજેશ જોશી અને ગૌતમ મલ્હોત્રાની 7 કરોડ 29 લાખ રૂપિયાની જમીન અને ફ્લેટનો સમાવેશ થાય છે. આ જોડાણમાં 44 કરોડ 29 લાખ રૂપિયાની રોકડ અને જંગમ સંપત્તિ છે.

તેમાંથી 11 લાખ 49 હજાર રૂપિયા મનીષ સિસોદિયાના છે અને 16 કરોડ 45 લાખ રૂપિયા બ્રિન્ડકો સેલ્સ પ્રાઈવેટ લિમિટેડ અને અન્યના છે. એક્સાઈઝ પોલિસીમાં મની લોન્ડરિંગ સંબંધિત કેસમાં EDએ અત્યાર સુધીમાં 13 આરોપીઓની ધરપકડ કરી છે.આમ આદમી પાર્ટીના નેતા મનીષ સિસોદિયાની સીબીઆઈ દ્વારા 26 ફેબ્રુઆરીએ એક્સાઈઝ પોલિસી કેસમાં ધરપકડ કરવામાં આવી હતી. સિસોદિયાને બાદમાં આ જ કેસ સાથે સંબંધિત કેસમાં ED દ્વારા ધરપકડ કરવામાં આવી હતી. ચાર દિવસ પહેલા એટલે કે 3 જુલાઈના રોજ દિલ્હી હાઈકોર્ટે પણ મનીષ સિસોદિયાની જામીન અરજી ફગાવી દીધી હતી, ત્યાર બાદ તેઓ સુપ્રીમ કોર્ટમાં ગયા છે. તેણે પત્ની સીમા સિસોદિયાની ખરાબ તબિયતને ટાંકીને જામીન માટે અરજી કરી છે.

# PM મોદી: વિરોધ પક્ષો મારી કબર ખોદવાની ધમકી આપશે, પણ તેમને ખબર નથી, જે ડરી જાય તે મોદી નહીં

ગુજરાત | વંદન

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાયપુરમાં શુક્રવારે વિજય સંકલ્પ રેલીને સંબોધિત કરી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ દરમિયાન કોંગ્રેસ અને અન્ય વિપક્ષી પાર્ટીઓ પર જબરદસ્ત પ્રહાર કર્યા. તેમણે કહ્યું કે, આ લોકો મારી પાછળ પડશે, મારી કબર ખોદવાની ધમકી આપશે, મારી વિરુદ્ધ ષડયંત્ર રચશે, પરંતુ તેમને ખબર નથી, જે ડરી જાય એ મોદી નહીં હોય શકે. જેમના હાથ ડાઘવાળા છે, તેઓ આજે એક સાથે આવવાનો પ્રયાસ કરી રહ્યા છે. જે એક-બીજાને પાણી પી પીયને કોસતા હતા, તેઓ આજે સાથે આવવાના બહાના શોધવા લાગ્યા છે.

તેમણે કહ્યું કે, ‘દેશના દરેક ભ્રષ્ટાચારીએ એક વાત કાન ખોલીને સાંભળી લેવી જોઈએ, તેઓ જો ભ્રષ્ટાચારની ગેરંટી છે, તો મોદી ભ્રષ્ટાચાર પર કાર્યવાહીની ગેરંટી છે. કોંગ્રેસના કોર કોરમાં કરપ્શન છે. કરપ્શન વિના કોંગ્રેસ શ્વાસ પણ નહીં લઈ શકે. કરપ્શન, કોંગ્રેસની સૌથી મોટી વિચારધારા છે. કોલ માફિયા, Sand માફિયા, લેન્ડ માફિયા.. ન જાણે કેવા કેવા



માફિયા ફળી-ફૂલી રહ્યા છે. અહીં રાજ્યના મુખિયાથી લઈને તમામ મંત્રીઓ અને અધિકારીઓ સુધી પર કૌભાંડના ગંભીરથી ગંભીર આરોપ લગતા રહ્યા છે. આજે છત્તીસગઢ સરકાર, કોંગ્રેસના કરપ્શન અને કુશાસનનું મોડલ બની ચૂકી છે. કોંગ્રેસ પાર્ટી માટે છત્તીસગઢ એક ATMની જેમ છે. છત્તીસગઢને 36 વાયદા કરવામાં આવ્યા હતા, તેમાંથી એક એવો હતો કે રાજ્યમાં દારૂબંદી કરવામાં આવશે. 5 વર્ષ વીતી ગયા, પરંતુ સત્ય એ છે કે કોંગ્રેસે સત્તીસગઢમાં હજારો કરોડનો દારૂ કૌભાંડ કર્યો અને તેની આખી જાણકારી અખબારોમાં ભારે પડી ગઈ. ગંગાજીના ખોટા સોગંધ ખાવાનો પાપ કોંગ્રેસ જ કરી શકે છે. ગંગાજીના સોગંધ ખાઈને તેમણે એક ઘોષણપત્ર જાહેર કર્યું હતું અને તેમ મોટી મોટી વાતો કરી હતી, પરંતુ આજે એ ઘોષણપત્રની યાદ અપાવતા જ કોંગ્રેસની યાદશક્તિ જ જતી રહે છે.

# પાન તથા આધારના ગેરઉપયોગ-ડેટાચોરીમાં આકરી સજાની જોગવાઈ

■ કેન્દ્ર દ્વારા ડેટા પ્રોટેકશન બીલ તૈયાર

ગુજરાત | વંદન

કેન્દ્ર સરકાર દ્વારા જે નવો ડેટા પ્રોટેકશન ખરડો લાવવામાં આવી રહ્યો છે તેમાં હવે પાન અને આધારકાર્ડના કરાતા ગેરઉપયોગ તેમજ અન્ય કોઈના પાન તથા આધારના ડેટાની ચોરી અને તેના આધારે સરકારને જે આવક ગુમાવવી પડે છે તેમાં હવે વધુ કડક કાનુન આવી રહ્યો છે અને તેમાં પેનલ્ટીની રકમ પણ વધુ હશે.

કેન્દ્રીય નાણાવિભાગ દ્વારા આ અંગે એક ખાસ જોગવાઈ કરવામાં આવી રહી છે. જેમાં આઈટી મંત્રાલયને પણ સાથે રખાયુ છે. સંસદના ચોમાસુ સત્રમાં આ ખરડો રજુ થશે.

હાલ આધાર અને પાનના ગેરઉપયોગ અંગેની પેનલ્ટી ઘણી ઓછી છે અને તેને કારણે કેન્દ્ર અને રાજય સરકાર મોટી આવક ગુમાવે છે. હાલ પાનકાર્ડના ગેરઉપયોગ કે તેના આધારે થતા ફ્રોડમાં રૂા.10 હજારનો દંડ અથવા તો છ માસની જેલ સજાની જોગવાઈ છે. અન્ય કોઈના પાન કે આધારના ઉપયોગ કરીને તેની જાણ વગર કંપની કે પેઢી રજીસ્ટર કરાવીને મોટી કરચોરી કરવામાં આવી રહી છે અને હાલમાં જ જીએસટીમા આ પ્રકારે 12 હજાર જેટલી બોગસ પેઢીઓને ઝડપી પડાઈ હતી.

# બાલાસોર ટ્રેન દુર્ઘટનામાં રેલવેના 3 અધિકારીની ધરપકડ



ગુજરાત | વંદન

2 જૂનના રોજ ઓડિશાના બાલાસોરમાં એક ભયાનક માર્ગ અકસ્માતમાં 292 લોકોના મોત થયા હતા. આ ઘટનાની તપાસ કરી રહેલી સીબીઆઈએ આ મામલે કાર્યવાહી કરતા ત્રણ રેલવે કર્મચારીઓની ધરપકડ કરી છે. આ કર્મચારીઓની આઈપીસી કલમ 304 (બિન ઈરાદાપૂર્વકની હત્યા) હેઠળ ધરપકડ કરવામાં આવી છે. આ અકસ્માતમાં 3 ગાડીઓ એકબીજાની અડફેટે આવી ગઈ હતી.

સીબીઆઈએ ઓડિશાના બાલાસોરમાં 2 જૂનના રોજ થયેલા ભયાનક ટ્રેન અકસ્માતમાં ત્રણ રેલવે કર્મચારીઓની ધરપકડ કરી છે. ત્રણેયની આઈપીસી કલમ 304 (બિનઈરાદાપૂર્વકની હત્યા) હેઠળ ધરપકડ કરવામાં આવી છે. આ અકસ્માતમાં 292 લોકોના મોત થયા હતા. IPCની કલમ 304 હેઠળ દોષિત હત્યાનો કેસ નોંધવામાં આવ્યો છે.

સજામાં ગુનાની ગંભીરતાને આધારે આજીવન કેદ, દંડ અથવા સખત કેદનો સમાવેશ થાય છે. બિનઈરાદાપૂર્વક હત્યાનુ વર્તુળ વ્યાપક હોય છે અને તમામ બિનઈરાદાપૂર્વકની હત્યા નથી હોતી.

# દિલ્હીમાં ‘ઔરંગઝેબ લેન’ નામ બદલીને ‘અબ્દુલકલામ આઝાદ લેન’ કરવામાં આવ્યું




■ સર્વ સંમતિથી લેનનું નામ બદલવાની મંજૂરી આપવામાં આવી હતી

ગુજરાત | વંદન

લૂટિયંસ દિલ્હીમાં ઔરંગઝેબ લેનનું નામ બદલીને ડો અબ્દૂલ કલામ આઝાદ રોડ કરવામાં આવ્યું છે એટલું જ નહી લેનની શરુઆતમાં નામ બદલીને નવું બોર્ડ પણ મારવામાં આવ્યું છે જેના પર અબ્દૂલકલામ આઝાદ રોડ વાંચી શકાય છે. પ્રાપ્ત માહિતી અનુસાર નવી દિલ્હીની નગરપાલિકા પરિષદે ગત સપ્તાહ ખાસ બેઠક બોલાવી હતી. આ વિશેષ બેઠકમાં જ સર્વ સંમતિથી લેનનું નામ બદલવાની મંજુરી આપવામાં આવી હતી. પ્રાપ્ત માહિતી અનુસાર ઔરંગઝેબ લેનનું નામ ૨૦૧૫માં બદલવામાં આવ્યું હતું પરંતુ લેન પરથી નામ હટાવવામાં આવ્યું ન હતું.

ઐતિહાસિક અને પુરાતત્વના કારણોસર લેનનું નામ બદલાયું છતાં ઔરંગઝેબ નામ દૂર કરવામાં આવ્યું ન હતું. એનડીએમસીના ઉપાધ્યક્ષે જાહેરાત કરી હતી કે ૧૭મી સદીમાં મોગલ સમ્રાટ ઔરંગઝેબ સાથે જોડાયેલા ઐતિહાસિક ભૂલોવાળા તથ્યોને સડકની નવી ઓળખ માટે અનુચિત છે. સમકાલિન સંદર્ભમાં ઔરંગઝેબની કોઇ જ પ્રાસંગિકતા કે સ્થાન નથી. નવી દિલ્હી નગરપાલિકાએ અધિનિયમ ૧૯૯૪ની કલમ ૨૩૧ની પેટા કલમ (૧)ના ખંડ (એ)ના સંદર્ભમાં એનડીએમસી ક્ષેત્ર અંર્તગત ઔરંગઝેબ લેન નું નામ બદલીને ડો, એપીજે અબ્દૂલ કલામ રાખવા પર વિચાર કરવા માટે પરિષદ સમક્ષ એક એજન્ડા રાખવામાં આવ્યો હતો. પરિષદે ઔરંગઝેબ નામ બદલીને ડો એપીજે અબ્દૂલ કલામ લેન કરવાની મંજુરી આપી હતી.

# એક ભિક્ષુકની મહિને આવક છે રૂ.75 હજાર, 7.5 કરોડની છે સંપત્તિ!

ગુજરાત | વંદન



ભીખ માંગવી એ દુનિયાનો સૌથી શરમજનક અને હલકી ગુણવત્તાનો વ્યવસાય માનવામાં આવે છે. જેમા કોઈ મજબુરીથી અથવા તો કોઈ વ્યવસાય માટે ભીખ માંગતા હોય છે. આપણે સૌ ભીખારીને તુચ્છ નજરથી જોતા હોઈએ છીએ. પરંતુ તમને કોઈ એવુ કહે કે તમારી સામે ઉભેલો આ ભીખારી કરોડપતિ છે તો તમે શું વિચારશો? હા, આજે આજે તમને અમે એવા ભીખારી સાથે મળવા જઈ રહ્યા છે કે મુંબઈના રસ્તાઓમાં ભીખ માંગે છે. આ ભીખારી છે ભરત જૈન.

ભરત જૈન માટે ભીખ માંગવી કોઈ મજબુરી નથી પરંતુ તેના માટે એક મોટો બિઝનેસ છે

આપણે સૌ ભીખારી માટે એવું વિચારતા હોઈએ છીએ કે ભીખારી એટલે ગરીબ, રોજ એક ટાઈમનું માંડ જમવાનું મળે, આર્થિક રીતે અક્ષમ હોય, ગંદા અને ફાટેલા કપડાં પહેરેલા હોય અને તેના વાળ બરાબર ન હોય, કેટલાય દિવસોથી નાહ્યો પણ ન હોય એવા ભીખારી જોયા હોય છે. અને આવો જ આ શખ્સ છે ભરત જૈન કે જેનુ નેટવર્થ એટલું મોટુ છે કે દિલ્હી જેવા શહેરના પોશ વિસ્તારમાં 5-6 ફ્લેટ આરામથી ખરીદી શકે છે. બીજા શબ્દોમાં કહીએ તો ભરત જૈન માટે ભીખ માંગવી કોઈ મજબુરી નથી પરંતુ તેના માટે એક ધંધો - મોટો બિઝનેસ છે. જેને તેણે એક અલગ જ લેવલ પર પહોચાડ્યો છે.

ગરીબ પરિવારમાં જન્મેલા ભરત જૈનની આર્થિક હાલત ખરાબ હોવાથી તેણે ભીખ માંગવાનું શરુ કર્યુ. છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનલ પાસે તેણે ભીખ માંગવાનું શરુ કર્યુ. આ રીતે રોજ ભીખમાં મળતા રુપિયાથી કરોડપતિ બની ગયો છે. આજે તે આશરે 7.5 કરોડ રુપિયાની સંપત્તિનો માલિક છે. એક રિપોર્ટ પ્રમાણે તે દર મહિને 60 થી 75 હજાર આ રીતે ભીખ માંગી કમાઈ લે છે. અને તેમા તે રોજ 10 થી 12 કલાક ભીખ માંગે છે.

# જુલાઈમાં વરસાદ જુસ્સાદાર નહીં ઠીક..ઠીક.. અને સામાન્ય રહેશે

■ આ વરસાદને કારણે ચોખા, મકાઈ અને કઠોળ જેવા ખરીફ પાકની વાવણી જોર પકડશે

ગુજરાત | વંદન

હવામાન વિભાગે ખેડૂતો માટે એક રાહતરૂપ આગાહી કરી છે. દેશમાં જુલાઈ મહિનામાં ચોમાસું સામાન્ય રહેશે અને વરસાદ લાંબા ગાળાની સરેરાશના 94 ટકાથી 106 ટકાની વચ્ચે રહેશે જેના કારણે જૂન મહિનાની વરસાદની ઘટ કદાચ સરભર થઈ જશે એમ હવામાન વિભાગે જણાવ્યું છે.આ વરસાદને કારણે દેશમાં ચોખા, મકાઈ અને કઠોળ જેવા ખરીફ પાકની વાવણીમાં જોર આવશે.

જૂન મહિનાના છેલ્લા સપ્તાહમાં દેશના મોટાભાગના વિસ્તારોમાં ઝડપથી ભારે વરસાદ પડી ગયો. ઉત્તરનાં કેટલાંક રાજ્યોમાં વહેલો વરસાદ આવ્યો પરંતુ દેશનાં મુખ્ય કૃષિ ક્ષેત્રોમાં છૂટોછવાયો વરસાદ પડયો તેના કારણે ખરીફ પાકની વાવણી મોડી થઈ અને અનાજનું ઉત્પાદન ઘટવાની આશંકા ઊભી થઈ.

ભારતીય હવામાન વિભાગે તેની જુલાઈ મહિનાની આગાહીમાં જણાવ્યું હતું કે મધ્ય ભારતના મોટાભાગના વિસ્તારો અને તેની સાથે જોડાયેલાં દક્ષિણના દ્વિપકલ્પ, પૂર્વીય ભારત, ઉત્તર પૂર્વ અને ઉત્તર પશ્ચિમ ભારતના કેટલાક વિસ્તારોમાં



આ મહિનામાં વરસાદ પડશે.પૂર્વીય ઉત્તર પ્રદેશ, બિહારના કેટલાક વિસ્તારો, ઝારખંડ, તામિલનાડું પશ્ચિમ બંગાળ, કર્ણાટક અને આંધ્ર પ્રદેશમાં સામાન્ય કરતાં ઓછો વરસાદ પડશે.

મહારાષ્ટ્ર, તેલંગણા અને કેરળના વરસાદની ઘટ જુલાઈમાં સરભર થઈ જવાની શક્યતા છે. તેમ છતાં બિહાર, ઝારખંડ, તામિલનાડુ, પશ્ચિમ બંગાળ, કર્ણાટક અને આંધ્ર પ્રદેશમાં સામાન્ય કરતાં ઓછો વરસાદ પડી શકે. આ વર્ષના જુલાઈથી સપ્ટેમ્બરમાં પ્રશાંત મહાસાગરના વિષુવવૃત્તીય વિસ્તારોમાં અલ નીનોની પરિસ્થિતિ અને હિન્દી મહાસાગરમાં ઈન્ડિયન ઓશિયન ડાયપોલ (આઈઓડી) સર્જાવાની શક્યતા ઊંચી છે.

પ્રશાંત મહાસાગરના વિષુવવૃત્ત આસપાસના પૂર્વીય વિસ્તારમાં સપાટી પરનું પાણી જ્યારે અસાધારણ પ્રમાણમાં ગરમ થાય ત્યારે અલનીનો નામની હવામાનની સ્થિતિ ઉત્પન્ન થાય છે જે સામાન્ય રીતે ભારતીય ચોમાસાને વિપરીત અસર કરે છે.

તેથી ઊલટું ઈન્ડિયન ઓશન ડાયપોલ સર્જાય ત્યારે હિન્દી મહાસાગરના વિષુવવૃત્તની આસપાસના વિસ્તારની સપાટી વધુ ગરમ થાય ત્યારે ભારત અને આફ્રિકામાં વધુ વરસાદ પડે છે. આમ આઈઓડીની સકારાત્મક અસર અલનીનોની નકારાત્મક અસરને ખાળે છે.જુલાઈમાં ગરમી કેવી રહેશે તેની આગાહી કરતાં આઈએમડીએ જણાવ્યું હતું કે ઉત્તર-પશ્ચિમ અણે દ્વિપકલ્પના કેટલાક વિસ્તારોને છોડીને દેશના મોટાભાગના વિસ્તારોમાં જુલાઈમાં સામાન્ય અથવા સામાન્યથી વધુ ગરમી પડશે.

## ગણતરીના દિવસોમાં કદાજ નિતિશકુમાર સીએમપદે ન પણ હોય....? બગાવત....અસંતોષ....

# વાંક ભાજપનો નહીં, લાલચુડા અને માટીપગા નેતાઓનો છે...

ગુજરાત | વંદન

ભારત રાષ્ટ્રના મહારાષ્ટ્રમાં 2019થી રાજકીય ચરૂ ઉકળી રહ્યાં છે. શિવસેના અને ભાજપ વચ્ચે મુખ્યમંત્રીપદને લઈને મામલો ભંગાણ સુધી પહોંચ્યો અને શિવસેનાના ઉદ્ધવ ઠાકરે એનસીપીના શરદ પવાર અને કોંગ્રેસના ટેકાથી મુખ્યમંત્રી બનીને પિતા બાલ ઠાકરેની ઈચ્છા પૂર્ણ કરી પણ તેઓ મુખ્યમંત્રીપદનો કાર્યકાળ પૂર્ણ કરે તે પહેલાં તેમની જ પાર્ટીમાં એકનાથ શિંદેને ભાજપે આગળ કરીને એક પછી એક એવા રાજકીય બનાવો બન્યા કે શિંદેને સીએમ બન્યાને એક વર્ષ પૂર્ણ તુયં અને ફરી રાજકીય ડ્રામા ભજવાયો...

આ વખતે ભાજપે શરદ પવારની પાર્ટી એનસીપીમાં અજિત પવારને ફોડી નાંખ્યો. આમ તો ઠાકરે સીએમ બન્યા તે પહેલાં મહારાષ્ટ્રના રાજભવનમાં ઉતાવળે શપથવિધિ થઇ અને દેવેન્દ્ર ફડણવીસ ફરી સીએમ અને અજીત પવાર નાયબ સીએમ બન્યા. પરંતુ ગણતરીના કલાકોમાં અજીતની સાથે ગયેલા ધારાસભ્યો એક પછી એક શરદ પવારની છાવણીમાં પરત....અને દેવેન્દ્ર વળી પાછા પૂર્વ સીએમ તરફ પરત....વળ્યા.

શિંદે પ્રકરણમાં દેવેન્દ્ર ફડણવીસે પાર્ટી માટે ભોગ આપ્યો અને શિંદેના હાથ નીચે કામ કરવાનું પસંદ કર્યું. અજીત પવારની એન્ટ્રીથી દેવેન્દ્રને બઢતી મળે અને કેન્દ્રમાં મંત્રીપદ મળી શકે. કેમ કે રાજકારણમાં હવે કશું જ અસભવ નથી...યે ભારત શહર હાદસો કા શહર હૈ...યહાં હોતા હૈ કોઇન કોઇ હાદસા..... એટલે શિંદેની જગ્યાએ અજીત પવાર નાયબ સીએમમાંથી સીએમ બની જાય તો કહેવાય નહીં.

રાજકીય રીતે જોઇએ તો આવી ઘટનાઓ બાદ લોકો વિચારતા હોય છે કે આ તે શું ચાલે




છે....મહારાષ્ટ્રમાં શિંદે-ભાજપ પાસે બહુમતિ છે પછી અજીતને લાવવાની ક્યાં જરૂર...? તો કોઈ વળી અજીતના બગાવતને નહલે પે દેહલા...ગણાવે છે. કેમ કે તેમણે પોતાના ચાચા શરદ પવારને બીજીવાર રાજકીય ચાલમાં મ્હાત કર્યા છે. બની શકે કે જેમ શિંદે બાલ ઠાકરેની પાર્ટીનું ચૂંટણી પ્રતિક અને નામ લઈ ગયા તેમ અજીત પવાર પણ એનસીપીનું ચૂંટણી પ્રતિક ઘડિયાળ અને પાર્ટીનું નામ આંચકી લે તો એ સમાચારની વ્યાખ્યામાં કદાજ ન પણ આવે....!

### છેલ્લાં એક દાયકામાં પક્ષ સાથેની દગાખોરીનો મહાખેલ ગુજરાત કોંગ્રેસથી શરૂ થયો..

આવુ શીદને થાય છે...પત્થરા તરી જાય અને ફુલડા ડૂબી જાય છે...એવી પંક્તિઓ સાથે કોઇ વળી એવુ અવલોકન કરે છે કે આમાં વાંક ભાજપનો નથી. જરાપણ નહીં. ભાજપ કોઈ ધર્માદા સંસ્થા તો નથી જ. કોંગ્રેસની જેમ તે પણ સત્તા માટે રચાયેલી પાર્ટી છે. મહારાષ્ટ્રનો દાખલો લઈએ તો અહેવાલ એવા છે કે અજીત પવાર, છગન ભુજબળ અને કોઈ અન્ય સામે ઈડી, સીબીઆઈની તપાસ ચાલતી હતી. ભુજબળ તો જેલમાં પણ જઇ આવ્યાં છે.

અને કહેવાય છે કે ફરી જેલ જવુ ન પડે એટલે અજીત પાવાર આણિ મંડલીમાં જોડાઈને વંડી ઠેકી ગયા..! રાજકીય નિરિક્ષકોનો સવાલ છે કે, કેમ અજીત અને ભુજબલે શરદ પવારની જેમ ઈડી-સીબીઆઈનો સામનો ના કર્યો..? આ તપાસ એજન્સીએ શરદ પવારને પણ સકંજામાં લેવાનો પ્રયાસ કર્યો ત્યારે શરદ પવાર ટેકેદારોને લઈ સામે ચાલીને તેમની ઓફિસે પહોંચીને બેસી ગયા- લો કરો ધરપકડ.. નાંખો મને જેલમાં..પછી એવુ થયું કે તપાસ એજન્સીઓએ તેમને ક્યારેય બોલાવ્યા નથી.

રાજકીય નિરિક્ષકો યાદ કરીને કહે છે કે, થોડાક મહિનાઓ પહેલાં ઈન્કમટેક્સની એક રેડ પૂર્વ સીએમ અને પૂર્વ કેન્દ્રીયમંત્રી શંકરસિંહ વાઘેલાના ગાંધીનગર નિવાસસ્થાન વગડોમાં પડી ત્યારે બાપુએ અધિકારીઓને આવકારીને સહેજ પણ ગભરાયા વગર તમામ મિડિયાને ફોન કરી કરીને ..અનુસંધાન પેજ નં.6 પર

# અમીષા પટેલે તોડ્યું મૌન !



## વિક્રમ ભટ્ટ સાથેના સંબંધો જાહેર કરવાની મોંઘી કિંમત ચૂકવવી પડી

'ગદર 2' દ્વારા લાંબા સમય બાદ સ્ક્રીન પર વાપસી કરવા જઇ રહેલી અમીષા પટેલે વર્ષો પછી ફરી એકવાર વિક્રમ ભટ્ટ સાથેના સંબંધો વિશે વાત કરી છે. બંને ઘણા વર્ષો સુધી રિલેશનશિપમાં રહ્યા. વર્ષો પછી, તેણીએ સ્વીકાર્યું કે વિક્રમ ભટ્ટ સાથેના તેના સંબંધો જાહેર કરવા માટે તેને મોંઘી કિંમત ચૂકવવી પડી અને તેના કારણે તેની કારકિર્દી બરબાદ થઈ ગઈ.

એક મીડિયા રિપોર્ટ અનુસાર અમીષાએ જણાવ્યું કે કેવી રીતે માત્ર એક નિર્ણયને કારણે તેની કારકિર્દી બરબાદ થઈ ગઈ. તેણે કહ્યું કે આ ઈન્ડસ્ટ્રીમાં ઈમાનદારી માટે કોઈ સ્થાન નથી અને હું તેમાંથી એક છું, જે ખૂબ ઈમાનદાર છે. હું એવા લોકોમાંથી એક છું જે મારા દિલની વાત કરે છે અને મને લાગે છે કે મારા જીવનમાં આ મારા માટે સૌથી મોટી ખામી રહી છે.

તેણે કહ્યું, 'માત્ર બે જ સંબંધોની મારી કરિયર પર અસર પડી હતી. આ પછી 12-13 વર્ષ સુધી મને લાગ્યું કે હવે કોઈની જરૂર નથી. મારે ફક્ત શાંતિ જોઈએ છે, મારે મારા જીવનમાં બીજું કંઈ જોઈતું નથી. અમીષા પટેલે વધુમાં કહ્યું કે, 'છોકરી સિંગલ હોવાનો અર્થ એ લોકો માટે વધુ છે કે જેની સાથે તમે કામ કરો છો. તેમને લાગે છે કે જો તમે ઈન્ડસ્ટ્રીમાં કોઈને ડેટ કરી રહ્યા છો તો તે તમારા કરિયર માટે ફાયદાકારક છે. આ મારા માટે મામલો ન હતો, તેનાથી મને દુઃખ થયું છે, પરંતુ હું તેમાંથી શીખી છું.

નોંધનીય છે કે, અમીષા પટેલ ફિલ્મ 'આપ મુઝે અચ્છે લગને લગે' દરમિયાન વિક્રમ ભટ્ટને મળી હતી. તે સમયે વિક્રમ ભટ્ટના લગ્ન થઈ ગયા હતા, પરંતુ મિત્રતાના થોડા સમય પછી અમીષા તેમના પ્રેમમાં પડી ગઈ હતી. તે સમયે વિક્રમ ભટ્ટ અમીષા કરતા મોટા હતા. બંનેએ એકબીજાને લગભગ 5 વર્ષ સુધી ડેટ કર્યા અને તેમના સંબંધો આગળ વધી ન શક્યા, બાદમાં બંને અલગ થઈ ગયા.

# ફિલ્મોમાંથી એક વર્ષનો બ્રેક લેશે સામંથા પ્રભુ




## સ્વાસ્થ્ય પર કેન્દ્રિત કરશે ધ્યાન

'શાકુંતલમ' રિલીઝ થયા પછી, સામંથા રૂથ પ્રભુ તેની આગામી એક્શન પેક્ડ જાસૂસી શ્રેણી 'સિટાડેલ' માટે હેડલાઇન્સમાં છે. અભિનેત્રી વરુણ ધવન સાથે પુરી જી જાનથી શ્રેણીનું શૂટિંગ કરી રહી છે. આ સાથે તેની પાસે વિજય દેવરાકોંડાની ફિલ્મ 'કુશી' પણ છે. આવી સ્થિતિમાં, સામંથા આ દિવસોમાં તેની પ્રોફેશનલ લાઈફમાં ખૂબ જ વ્યસ્ત છે અને તે તેના સ્વાસ્થ્ય પર ઓછું ધ્યાન આપી રહી છે. દરમિયાન હવે સમાચાર આવી રહ્યા છે કે સામન્થાએ તેના સ્વાસ્થ્યની કાળજી લેવા માટે ફિલ્મોમાંથી એક વર્ષનો બ્રેક લેવાનું નક્કી કર્યું છે.

સામંથા રૂથ પ્રભુ પોતાના સ્વાસ્થ્યની કાળજી લેવા માટે ફિલ્મોમાંથી એક વર્ષનો બ્રેક લેશે. એક મીડિયા હાઉસના અહેવાલ મુજબ, સામંથાના નજીકના સૂત્રોએ જણાવ્યું છે કે અભિનેત્રી તેના તમામ પ્રોજેક્ટ્સનું શૂટિંગ પૂર્ણ કર્યા પછી ફિલ્મોમાંથી એક વર્ષનો બ્રેક લેશે અને ફક્ત તેના સ્વાસ્થ્ય પર ધ્યાન કેન્દ્રિત કરશે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે, 'સામંથા હાલમાં વિજય દેવેરાકોંડા સાથે કુશી ફિલ્મનું શૂટિંગ કરી રહી છે. આ ફિલ્મનું છેલ્લું શૂટિંગ શિડ્યુલ છે, જે બે-ત્રણ દિવસમાં પૂર્ણ થશે. તે જ સમયે, સિટાડેલનું શૂટિંગ પણ લગભગ પૂર્ણ થઈ ગયું છે.

# કિંગ ખાને બનાવ્યો રેકોર્ડ, 'જવાન' અને 'ડંકી'એ રિલીઝ પહેલા કરી કરોડોની કમાણી!



બોલીવુડના કિંગ ખાને લાંબા સમય બાદ ફિલ્મ 'પઠાન'થી મોટા પડદા પર કમબેક કર્યું છે. ફિલ્મ પઠાન બ્લોકબસ્ટર હિટ સાબિત થઈ હતી. હવે શાહરૂખની 'જવાન' અને 'ડંકી'ની ફેન્સ આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. ફરી એકવાર શાહરૂખ પોતાની ફિલ્મથી બોક્સ ઓફિસ પર ધમાલ મચાવવા માટે તૈયાર છે. શાહરૂખની એટલીના ડાયરેક્શનમાં બનેલી જવાન અને રાજકુમાર હિરાની દ્વારા નિર્દેશિત ડંકી આવવાની છે. આ બંને ફિલ્મોએ રિલીઝ પહેલા જ કરોડોનો બિઝનેસ કરી લીધો છે. બંને ફિલ્મોએ મળીને 500 કરોડનો બિઝનેસ કર્યો છે. શાહરૂખ ખાનના જવાન અને ડંકીના સેટેલાઈટ, ડિજિટલ અને મ્યુઝિક રાઈટ્સ વેચી દેવામાં આવ્યા છે. સિનેમાઘરોમાં તેની રિલીઝ પહેલા જ જવાન અને ડંકી સાથેના રાઈટ્સ વૈરિડ પ્લેયરે ખરીદ્યા છે. આ ડીલ લગભગ 450-500 કરોડમાં થઈ છે.

# કૃતિ સેનન ફિલ્મ Do Pattiથી પ્રોડ્યુસર તરીકે કરશે ડેબ્યૂ



ઘણા સમયથી ફિલ્મ આદિપુરુષના કારણે ટ્રોલ થઈ રહેલી કૃતિ સેનન એક વાર ફરી ચર્ચામાં છે. એક એક્ટ્રેસ તરીકે ઈન્ડસ્ટ્રીમાં 9 વર્ષ પસાર કર્યા બાદ કૃતિ સેનન હવે પ્રોડ્યુસર બની ગઈ છે. અભિનેત્રીએ પોતાનુ પ્રોડક્શન હાઉસ લોન્ચ કર્યુ છે, જેની જાહેરાત તેણે પોતે જ પોતાના સોશિયલ મીડિયા હેન્ડલ પર કરી હતી. કૃતિના ચાહકો તેમના પ્રોડ્યુસર બનવાથી ખૂબ ખુશ હતા અને હવે અભિનેત્રીએ પોતાના પ્રોડક્શન હાઉસના બેનર હેઠળ વાળી પહેલી ફિલ્મનું એલાન પણ કરી દીધુ છે. કૃતિ સેનને બુધવારે નિર્માતા તરીકે સોશિયલ મીડિયા પર પોતાની પહેલી ફિલ્મની જાહેરાત કરી છે. અભિનેત્રી દિલવાલે ના આઠ વર્ષ બાદ કાજોલની સાથે 'દો પત્તી' નામની એક થ્રિલર ફિલ્મ માટે ફરીથી સાથે કામ કરશે. તેણે પોતાના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર ફિલ્મની પહેલી તસવીર શેર કરી, જેમાં તેની અને કાજોલની સાથે અન્ય બે મહિલાઓ પણ જોવા મળી રહી છે. ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર કાજોલની સાથે તસવીર શેર કરતા કૃતિ સેનને લખ્યુ, દો પત્તીની જાહેરાત કરતી વખતે હું ખૂબ ઉત્સાહિત છુ. ત્રણ ખૂબ જ મજબૂત ઈરાદા ધરાવતી, પ્રેરક અને ખૂબ જ પ્રતિભાશાળી મહિલાઓ મોનિકાની સાથે આ ફિલ્મ વધુ મનોરંજક બનશે. અમને આ કહાનીને દર્શાવવા માટે નેટફ્લિક્સ કરતા સારુ પ્લેટફોર્મ ન મળત મોનિકા. આઠ વર્ષ બાદ કાજોલ મેમ સાથે ફરીથી કામ કરવા માટે સુપર ડુપર ઉત્સાહિત છુ.

# ટાઈગર શ્રોફ સાથે એક્શન ફિલ્મમાં જોવા મળશે સારા...



સારા અલી ખાનની પાછલી ફિલ્મ 'જરા હટકે જરા બચકે' હિટ રહી હતી. હવે તે તેની અન્ય ફિલ્મો માટે લાઈમલાઈટમાં છે. જો કે, તેની પાસે ઘણી ફિલ્મો છે, જેમાંથી એક પર તે સખત મહેનત કરી રહ્યો છે. આ એક એક્શન થ્રિલર ફિલ્મ છે જેમાં સારાની જોડી ટાઈગર શ્રોફ સાથે છે. રિપોર્ટ્સ અનુસાર, સારાહની આ ફિલ્મ જેકી ભગનાનીના પ્રોડક્શન હાઉસના બેનર હેઠળ બની રહી છે. આ ફિલ્મમાં સારા એવા બોલ્ડ અવતારમાં જોવા મળશે જે તેના ચાહકોએ પહેલા નહીં જોયા હોય. આ રોલ માટે તે પોતાની જાતને તૈયાર કરવામાં વ્યસ્ત છે. આ માટે સારા મોટા પાયે મિક્સ્ડ માર્શલ આર્ટની તાલીમ લઈ રહી છે. સારાએ અત્યાર સુધી દેશી ગર્લ અથવા રોમેન્ટિક પાત્ર ભજવ્યું છે અને તેની ભૂમિકાઓ પણ પસંદ કરવામાં આવી છે, પરંતુ ટાઈગર સાથેની આ ફિલ્મમાં તે તેના એક્શન સીન્સથી ચોંકાવનારી છે. સારા નથી ઈચ્છતી કે ફિલ્મમાં તેની એક્શન કૃત્રિમ દેખાય. સારા દરરોજ કલાકો સુધી એક્શનની પ્રેક્ટિસ કરે છે. તેની આગામી ફિલ્મો જેવી કે "એ વતન મેરે વતન", "મર્ડર મુબારક" અને "મેટ્રો ઈન દિનન" કતારમાં છે.

# આલિયા અને રણવીરની ફિલ્મનું દમદાર ટ્રેલર રિલીઝ



આલિયા ભટ્ટ અને રણવીર સિંહ સ્ટારર ફિલ્મ 'રોકી ઔર રાની કી પ્રેમ કહાની'નું ટ્રેલર મંગળવારે રિલીઝ કરવામાં આવ્યું છે. આ ફિલ્મ કરણ જોહરે ડિરેક્ટ કરી છે. આ ફિલ્મથી કરણ 7 વર્ષ પછી ડારેક્શનમાં કમબેક કરી રહ્યા છે. આલિયા અને રણવીર ઉપરાંત આ ફિલ્મમાં શબાના આઝમી, ધર્મેન્દ્ર અને જયા બચ્ચન પણ છે. કરણ જોહર ફરી એકવાર નવી લવ સ્ટોરી સાથે મોટા પડદા પર પરત ફર્યો છે. ફરી એકવાર તમને આ ફિલ્મમાં બોલિવૂડ સ્ટાઈલનો રોમાન્સ જોવા મળશે. કોમેડી, રોમાન્સ, ઈમોશન, સ્ટાઈલથી ભરેલું આ ટ્રેલર એન્ટરટેમેન્ટનો સંપૂર્ણ ડોઝ છે.

# અજય દેવગણે મુંબઈના પોશ વિસ્તારમાં કરોડોની કિંમતની પ્રોપર્ટી ખરીદી



અજય દેવગન બોલિવૂડના સૌથી લોકપ્રિય કલાકારોની યાદીમાં સામેલ છે. મળતી માહિતી પ્રમાણે હવે એક્ટર અજય દેવગણે હવે વધુ એક પ્રોપર્ટી પોતાના નામે કરી લીધી છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, અજયે મુંબઈના અંધેરી વેસ્ટ વિસ્તારમાં ઓફિસ સ્પેસમાં રોકાણ કર્યું છે. એક્ટરની નવી પ્રોપર્ટીની કિંમત 45 કરોડ રૂપિયા છે અને તેમાં ઓફિસ યુનિટનો સમાવેશ થાય છે. જો કે અજયે હજુ સુધી આ દાવાઓ પર કોઈ પ્રતિક્રિયા આપી નથી.

### પ્રથમ યુનિટની કિંમત રૂ. 30.35 કરોડ?

એક અહેવાલ અનુસાર, સત્તાવાર જગ્યા કુલ 13 હજાર 293 ચોરસ ફૂટ વિસ્તારમાં ફેલાયેલી છે. પ્રથમ એકમ 8 હજાર 405 ચોરસમાં બનેલો વિસ્તાર છે. આ યુનિટ સિગ્નેચર બિલ્ડીંગ, ઓશિવારાના 16મા માળે આવેલું છે. યુનિટની કિંમત રૂ. 30.35 કરોડ હોવાનું કહેવાય છે અને અજયે રૂ. 1.82 કરોડની સ્ટેમ્પ ડ્યુટી પર સાઈન પણ કરી લીધી છે.

### બીજા યુનિટની કિંમત રૂ. 14.74 કરોડ

રિપોર્ટ્સ અનુસાર, બીજું યુનિટ એ જ બિલ્ડિંગના 17મા માળે આવેલું છે. બિલ્ટ અપ એરિયા 4 હજાર 893 સ્ક્વેર ફૂટમાં ફેલાયેલો છે. આ યુનિટને રૂ. 14.74 કરોડના ખર્ચે ખરીદવામાં આવ્યું છે અને તેના માટે રૂ. 88.44 લાખની સ્ટેમ્પ ડ્યુટી ચૂકવવામાં આવી છે. એવું પણ કહેવામાં આવી રહ્યું છે કે, અજયના મૂળ નામ વિશાલ વીરેન્દ્ર દેવગન હેઠળ 19 એપ્રિલ 2023ના રોજ પ્રોપર્ટી રજીસ્ટર કરવામાં આવી હતી.


કાજોલે મુંબઈમાં રૂ. 16.5 કરોડનું ઘર ખરીદ્યાના પાંચ દિવસ બાદ જ આ પ્રોપર્ટીનું રજીસ્ટ્રેશન કરાવ્યુ છે. અહેવાલ મુજબ, અભિનેત્રીએ 13 એપ્રિલના રોજ રજીસ્ટ્રેશન કરાવ્યુ હતુ.

# શનાયા કપૂર હવે 'વૃષભ'થી ફિલ્મોમાં એન્ટ્રી કરશે



સંજય કપૂરની દીકરી શનાયા કપૂરે ભલે હજી એક્ટિંગની દુનિયામાં પગ મૂક્યો ન હોય, પરંતુ સોશિયલ મીડિયા પર તેની સારી ફેન ફોલોઈંગ છે. શનાયા કરણ જોહરની ફિલ્મ 'બેધડક'થી બોલિવૂડમાં લોન્ચ થવાની હતી, પરંતુ આ ફિલ્મનો કોઈ પત્તો નથી. હવે સમાચાર છે કે તેને મલયાલમ સુપરસ્ટાર મોહનલાલની પાન ઈન્ડિયા ફિલ્મ 'વૃષભ'માં કામ કરવાની તક મળી છે. આ ફિલ્મના નિર્માણ સાથે એકતા કપૂર જોડાયેલી છે. ફિલ્મની નજીકના એક સૂત્રએ જણાવ્યું હતું કે આ વાર્તા પિતા-પુત્રના સંબંધો વિશે છે અને શનાયા એક મજબૂત ભૂમિકામાં હશે. તે એક પીરિયડ ફિલ્મ છે. તેની વાર્તા વર્તમાન અને ભૂતકાળની આસપાસ ફરતી જોવા મળશે. ફિલ્મમાં શનાયાનો રોલ ભલે ગ્લેમરસ હોય પરંતુ તેણીને તેની અભિનય કૌશલ્ય દર્શાવવાની પૂરતી તક મળશે. શનાયાનું પાત્ર ફિલ્મમાં ભૂતકાળ અને વર્તમાનને જોડશે. તેથી તેની ભૂમિકા ખૂબ જ મહત્વપૂર્ણ છે.

# અક્ષયે શેર કર્યું OMG-2નું નવું પોસ્ટર, લોકોએ કહ્યું- ધર્મની મજાક ન ઉડાવતા




બોલીવુડના એક્ટર અક્ષય કુમારે તેની આગામી ફિલ્મ OMG-2નું નવું પોસ્ટર શેર કર્યું છે. પોસ્ટરમાં અક્ષય કુમાર મહાદેવના લુકમાં જોવા મળી રહ્યો છે. જો કે અક્ષય કુમારે અગાઉ પણ શિવના લુકમાં પોતાનું એક પોસ્ટર શેર કર્યું હતું, પરંતુ આ નવા પોસ્ટરમાં તેનો લુક ખૂબ જ નજીકથી અને ખૂબ જ સ્પષ્ટ રીતે જોઈ શકાય છે. અક્ષયના આ નવા પોસ્ટરને તેની આગામી ફિલ્મ માટે કાઉન્ટડાઉન તરીકે પણ જોવામાં આવી રહ્યું છે. પોસ્ટર પર મોટા અક્ષરોમાં ફિલ્મની રિલીઝ ડેટ સ્પષ્ટ રીતે લખવામાં આવી છે. જેથી જાણવા મળી રહ્યું છે કે આ ફિલ્મ 11 ઓગસ્ટે સિનેમાઘરોમાં રિલીઝ થવા જઈ રહી છે. ફિલ્મના છેલ્લા ભાગમાં અક્ષય કુમાર શ્રી કૃષ્ણના અવતારમાં જોવા મળ્યો હતો. આ ફિલ્મમાં પરેશ રાવલે મુખ્ય ભૂમિકા ભજવી હતી અને આ ફિલ્મ તે સમયની સૌથી મોટી હિટ ફિલ્મ હતી. પોસ્ટર શેર કરતા અક્ષય કુમારે કેપ્શનમાં લખ્યું, "બસ થોડા જ દિવસોમાં. ઓહ માય ગોડ 11મી ઓગસ્ટે સિનેમાઘરોમાં રિલીઝ થઈ રહ્યું છે. ટીઝર પણ જલ્દી આવી રહ્યું છે." ટાઈગર શ્રોફ, જેના માટે અક્ષય કુમાર હંમેશા પ્રેરણારૂપ રહ્યા છે, તેણે પોસ્ટ પર કોમેન્ટ કરી - પાજી ફાયર. અક્ષય કુમાર અને ટાઈગર શ્રોફ ફિલ્મ 'બડે મિયાં છોટે મિયાં'માં સાથે કામ કરતા જોવા મળશે.

ગુજરાત
સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

### જાગૃત નાગરિકે માહિતી આપી થોડીકવારમાં તેનો મોબાઈલ નંબર બૂટલેગર પાસે હતો....!



# શું ખરેખર પોલીસ કંટ્રોલ રૂમમાંથી બાતમી-માહિતી લીક થાય છે ?

■ પોલીસ કહે છે એવું શક્ય જ નથી, છતાં શંકાના વાદળો ઘેરાયા કરે છે...?!

ગુજરાત | વંદન

ગુજરાત પોલીસ દ્વારા કાયદો વ્યવસ્થાની જાળવણી માટે અનેક પગલાઓ લેવામાં આવે છે. જોકે નશાબંધી કાયદાનો અમલ કરતી વખતે પોલીસને અનેક આરોપોનો સામનો કરવો પડતો હોય છે, જેમા એક આરોપ એવો લાગ્યો છે કે, અમદાવાદ પોલીસ કંટ્રોલરૂમમાં જાગૃત નાગરિકફોન કરીને માહિતી આપે અને ગણતરીની મિનિટોમાં નંબર બુટલેગર સુધી પહોંચી જતો હોવાની ચર્ચાએ પોલીસની કામગીરી સામે અનેક સવાલો ઉભા કર્યા છે. ત્યારે પોલીસની રેડ થાય તે પહેલાં બુટલેગરને ચેતવી દેવાય છે. જોકે પોલીસ દ્વારા તેનો ઈનકાર કરવામાં આવ્યો છે.

બુટલેગર અને કેટલાક કથિત લાંચિયા પોલીસકર્મીઓની 'મિત્રતા' જાગૃત નાગરીકો માટે ભયજનક સાબિત થઈ રહી હોય તેવું લાગી રહ્યું છે. ૧૦૦ નંબર પોલીસ કંટ્રોલરૂમનો છે, જ્યાં કોઈ પણ વ્યક્તિ ગુનાની માહિતી આપી શકે છે. હવે સ્થિતિ એવી ઊભી થઈ છે કે શહેરનો કોઈ પણ નાગરિક દારૂના અડ્ડા માટેની વિગતો પોલીસને ફોન પર જણાવે તેની ગણતરીની મિનિટોમાં જ બુટલેગર સુધી આ નાગરિકનો નંબર અને અન્ય તમામ માહિતી પહોંચી જતી હોવાના આરોપો થઈ રહ્યાં છે.

## બાતમી આપનારનો નંબર બુટલેગર સુધી પહોંચે તે શક્ય જ નથી: પોલીસ

DIAL 100

આ બાબતે ટ્રાફિક ડીસીપી કોમલ વ્યાસે જણાવ્યું હતું કે, જાગૃત નાગરિક જ્યારે કોઈ પણ ફરિયાદ પોલીસ કંટ્રોલરૂમમાં આપે છે ત્યારે તેની માહિતી પોલીસ સ્ટેશનને આપવામાં આવે છે. બુટલેગરને પોલીસ કંટ્રોલરૂમમાં ફરજ બજાવતા પોલીસ કર્મચારીઓ નંબર આપતા નથી. જે તે પોલીસ સ્ટેશનના પોલીસ કર્મચારીઓ નંબર આપે તેવી શક્યતા છે. પોલીસ કંટ્રોલરૂમને જે તે વિસ્તારના બુટલેગરના નામની પણ ખબર હોતી નથી. પોલીસ કર્મચારી જે તે પોલીસ સ્ટેશનના પીએસઓને વિગત લખાવે ત્યાં સુધી તેનું કામ હોય છે.



## સ્થાનિક પોલીસ કાર્યવાહી ન કરે ત્યારે SMC રેડ કરે છે...

આ બાબતે સ્ટેટ મોનીટરીંગ સેલનાં ડીવાયએસપી કે.ટી.કામિરયાએ જણાવ્યું હતું કે, નિકોલમાં દેશી દારૂના અડ્ડા પર એસએમસીએ દરોડા પાડ્યા હતા. જાગૃત નાગરિક તેમજ બાતમીદારે વીડિયો તેમજ ફોટોગ્રાફ્સ સાથેની વિગતો એસએમસીને આપ્યા બાદ રેડ કરી તો સફળતા મળી હતી. નાગરિકે સ્થાનિક પોલીસને પણ કહ્યું હતું અને પોલીસ કંટ્રોલરૂમમાં પણ જાણ કરી હતી, પરંતુ કોઈ કાર્યવાહી થઈ નહીં, જેના કારણે એસએમસીએ રેડ કરી.

પોલીસ વિભાગનો આ 'ઘરનો ભેદી' કોણ છે? તે રહસ્ય હજુ સુધી તો વણઉકલ્યું જ છે, પરંતુ હવે નાગરિકોને અમદાવાદ પોલીસ કરતાં રાજ્યના પોલીસવડાના નેજા હેઠળ આવતા સ્ટેટ મોનીટરિંગ સેલ (એસએમસી)ની ટીમ પર વધુ ભરોસો હોય તેવું લાગી રહ્યું છે. કેટલાક કિસ્સામાં પોલીસ કંટ્રોલરૂમમાં ફોન કર્યો હોવા છતાંય દારૂના અડ્ડા પર કોઈ કાર્યવાહી થતી નથી, જેના કારણે હવે નાગરિકો એસએમસીના ઉચ્ચ અધિકારીઓનો સીધો સંપર્ક કરી રહ્યા છે. અમદાવાદ પોલીસની કામગીરી પર સવાલ ઊભા થતા હોવાના કારણે અંતે એસએમસીની ટીમને કેસ-કાર્યવાહી કરવાની નોબત આવી છે.

મંજુબહેન ઠાકોર ઘણાં વર્ષથી દારૂનો ધંધો કરે છે અને પોલીસખાતામાં તેનો દબદબો છે. જાગૃત નાગરીકની ફરિયાદના આધારે એસએમસીની ટીમે રેડ કરી હતી. જાગૃત નાગરિકે પહેલાં પોલીસ કંટ્રોલરૂમમાં જાણ કરી હતી, જોકે પોલીસે કોઈ કાર્યવાહી કરી નહીં અને માહિતી બુટલેગર મંજુબહેન પાસે પહોંચી ગઈ હતી. ત્યાર બાદ સ્થાનિક પોલીસને પણ જાગૃત નાગરિકે જાણ કરી હતી. સ્થાનિક પોલીસે પણ કોઈ કાર્યવાહી નહીં કરતાં અંતે જાગૃત નાગરિકે તરત જ સ્ટેટ મોનીટરિંગ સેલની ટીમને જાણ કરી હતી. સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે વોચ ગોઠવી રેડ કરી દીધી હતી.

થોડા સમય પહેલાં એક જાગૃત નાગરિકે બે વખત પોલીસ કંટ્રોલરૂમમાં ફોન કરીને માહિતી આપી હતી કે અસારવામાં આવેલી જૂની પટેલ ...અનુસંધાન પાના નં.06

### બહાદુર સ્ટંટમેન ચેતજો.... નહીંતર હાથમાં હશે આવા બેનર...




રસ્તા પર વાહનોના સ્ટંટ કરવાના ઘણા વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતા હોય છે. કેટલાક વીડિયોને લઈને સવાલ ઉભા થાય છે, તો કેટલાક પર કાર્યવાહીની માંગ કરવામાં આવે છે. આવો જ એક અમદાવાદનો સ્ટંટનો વીડિયો વાયરલ થયો હતો. અમદાવાદ પોલીસે અમદાવાદનાં રસ્તા પર હંગામો કરનાર યુવકો સામે કાર્યવાહી હાથ ધરી છે. પોલીસે સ્ટંટ કરનારને ઉઠક-બેઠક કરાવી હતી અને એક પ્લેકાર્ડ સાથેનો ફોટો સોશિયલ મીડિયા પર વાયરલ કરવામાં આવ્યો હતો. જેમા લખ્યું હતું કે, ગાડી મેરે બાપ કી હૈ પર રોડ નહીં...! જાહેર રસ્તા પર આવા સ્ટંટ કરીને બીજાના જાનને જોખમમાં મુકનારાઓએ આ કિસ્સામાંથી ધડો લેવો જોઈએ જો તેઓ આવા જ સ્ટંટ કરશે તો તેમના હાથમાં પણ આ જ બેનર જોવા મળશે....ગાડી મેરે બાપ કી હૈ પર રોડ નહીં...!

## ફરી ગુજરાતમાં નવી મુસીબત! કોંગો તાવના કારણે દર્દીનું મોત, 13 પરિવારજનોના સેમ્પલ લેવાયા

ગુજરાત | વંદન

કચ્છમાં દર્દીનું કોંગોથી મોત થતાં ખળભળાટ મચી જવા પામ્યો છે. અંજારના લાખાપર ગામના 51 વર્ષીય પ્રૌઢનું અમદાવાદમાં સારવાર દરમિયાન મોત થયું છે. મોત બાદ 13 જેટલા પરિવારજનોના સેમ્પલ ટેસ્ટ કરાયા હતા. સેમ્પલ લઈ ગેઈમ્સની લેબોરેટરીમાં મોકલવાયા હતા, જે નેગેટિવ આવ્યા છે. આ અંગે અમદાવાદથી મેડિસીન વિભાગના પ્રોફેસરે ભુજમાં બેઠક યોજી હતી તમને જણાવી દઈએ કે પશુઓમાં રહેલી ઈતરડીથી કોંગો ફેલાય છે.

કચ્છ જિલ્લા પંચાયતના રોગચાળા નિયંત્રણ અધિકારી ડો. જિતેશ ખોરસિયાએ જણાવ્યું હતું કે,18મી જુને અંજાર તાલુકાના લાખાપર ગામના 51 વર્ષીય અરજણ ભાઈ ચાડને ચાંદરાણી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની ટીમે શંકાસ્પદ કોંગોનો કેસ શોધ્યો હતો. કચ્છમાં કોંગો તાવ એટલે કે ક્રેમિયન કોન્ગો હેમરેજિક ફીવરનો કેસ નીકળતાં આરોગ્ય તંત્ર અને પશુપાલન વિભાગ દોડતું થયું હતું. પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં જરૂરી પ્રાથમિક સારવાર પૂરી પાડ્યા બાદ આ દર્દીને અંજારની ખાનગી હોસ્પિટલમાં વધુ સારવાર આપવામાં આવી હતી.

## કુડાસણ પાસે હિટ એન્ડ રનની ઘટનામાં 4 વર્ષિય બાળકનું મોત

ગુજરાત | વંદન

ગાંધીનગર શહેરના માર્ગો ઉપર અકસ્માતની ઘટના વધી રહી છે ત્યારે કુડાસણના કાનમ રેસીડેન્સી પાસે ગઈકાલે સાંજના સમયે ચાર વર્ષના પુત્ર સાથે પુત્રીને ટયુશને મુકવા જઈ રહેલી મતાના મોપેડને કારચાલક અડફેટે લઈને નાસી ગયો હતો આ ગંભીર અકસ્માતમાં ઘાયલ ચાર વર્ષિય પુત્રનું મોત નિપજ્યું હતું. આ ઘટના અંગે ઈન્ફોસિટી પોલીસે ગુનો દાખલ કરીને ફરાર કારચાલકને પકડવા માટે દોડધામ શરૂ કરી છે.

ગાંધીનગર શહેરની સાથે આસપાસના વિસ્તારમાં હિટ એન્ડ રનની ઘટના વધી રહી છે ત્યારે ગઈકાલે સાંજના સમયે કુડાસણમાં સર્જાયેલા વધુ એક અકસ્માતમાં ચાર વર્ષિય બાળકનું મોત થયું છે. આ અંગે પોલીસ સુત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે, કાનમ રેસીડેન્સીમાં રહેતા ધરતીબેન જીગ્નેશભાઈ ઠક્કર તેમનું મોપેડ લઈને પુત્રી જેનસી અને ચાર વર્ષિય પુત્ર મંત્રને લઈને ટયુશને મુકવા માટે જઈ રહ્યા હતા રેસીડેન્સીના દરવાજાની બહાર નિકળતા પુર ઝડપે જઈ રહેલી કારે તેમના મોપેડને અડફેટે લીધું હતું જેના કારણે માતા અને પુત્ર-પુત્રી જમીન પર પટકાયા હતા આ અકસ્માતને પગલે આસપાસના લોકો ત્યાં દોડી આવ્યા હતા.

## ભાવિ વૃક્ષ: પર્યાવરણ નહી જળવાય તો આ છે ભવિષ્યના વૃક્ષની તસ્વીર...



મેગાસિટી અમદાવાદના આંગણે જી-20ના નેતા હેઠળ કેટલીક પરિષદોનું આયોજન થઈ રહ્યું છે એમાંથી એક બેઠક કે પરિષદ શહેરી વિકાસ સંબંધિત વિષય પર છે. જેને યુ-20 એવું નામ આપવામાં આવ્યું છે. 21માં સદીમાં દુનિયાના દેશોમાં શહેરીકરણના પગલે કેવી-કેવી વૈશ્વિક સમસ્યાઓ ઉદ્ભવી શકે, વધતી જતી વસ્તીને ધ્યાનમાં રાખી મોટા શહેરોમાં પર્યાવરણને નુક્સાનના થાય તે રીતે સાર્વજનિક પરિવહન ક્ષેત્રો શું કરી શકાય તેના પર ચિંતન મંથન થયું છે. તસ્વીરમાં શહેરના આઈકોનિક સાબરમતી રિવરફ્રન્ટ પર રોશનીના માધ્યમથી વિશેષ પ્રકારના ટ્રી એટલે કે વૃક્ષ બનાવવમાં આવ્યાં છે. પર્યાવરણની સાથે વૃક્ષ જોડાયેલું છે. જો માનવી વર્તમાન દરે વાયુ પ્રદુષણ, જળ પ્રદુષણ વગેરેમાં નિયંત્રણના મુકે તો ભવિષ્યના નાગરિકોને તસ્વીરમાંજે રોશની વાળા ટ્રી દેખાય છે, એવા ટ્રી જોઈને સંતોષ માનવો પડશે. ચાલો આજથી જ પર્યાવરણનું રક્ષણ કરવા વૃક્ષ બચાવો અભિયાનમાં જોડાઈએ કેમ કે વૃક્ષ બચશે તો આપણે પણ બચીશું....! **તસ્વીર: મૌર્ય ભાગ્યવાન**

### શરૂ થશે નવો એક્સપ્રેસ વે

## હવે જામનગરથી અમૃતસર 26 નહીં પરંતુ 13 કલાકમાં જ પહોંચી જશો

■ આનાથી 4 રાજ્યોના લાખો લોકોનું જીવન સરળ બનશે

ગુજરાત | વંદન



વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે અમૃતસર-જામનગર ગ્રીન ફિલ્ડ એક્સપ્રેસવેના એક ભાગનું ઉદ્ઘાટન કરશે. અમૃતસર-જામનગર ઈકોનોમિક કોરિડોર તરીકે ઓળખાતા આ એક્સપ્રેસ વેને ગેમ ચેન્જર માનવામાં આવી રહ્યો છે. આ એક્સપ્રેસ વે દ્વારા દેશના ચાર રાજ્યોને મજબૂત કનેક્ટિવિટી મળશે. આ હાઈવે અંગે આજે પીએમ મોદીએ ટ્વિટ કરીને જણાવ્યુ છે કે, 'રાજસ્થાનના બીકાનેરમાં ઘણી યોજનાઓનું લોકાર્પણ અને શિલાન્યાસનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે. જેમાં અમૃત-જામનગર ગ્રીનફિલ્ડ એક્સપ્રેસ વે પણ સામેલ છે.

આનાથી 4 રાજ્યોના લાખો લોકોનું જીવન સરળ બનશે, આ સાથે વિકાસને પણ એક નવી ઊર્જા મળશે.' ત્યારે ગુજરાતના દરિયાકાંઠે આવેલા કંડલા પોર્ટથી અમૃતસરનું અંતર આગામી દિવસોમાં અડધા દિવસમાં કવર થઈ જશે. આ એક્સપ્રેસ વેની કુલ લંબાઈ 1256 કિમી છે. તેનો 915.85 કિલોમીટરનો ભાગ ગ્રીનફિલ્ડ એલાઈનમેન્ટ તરીકે વિકસાવવામાં આવી રહ્યો છે. બાકીનો ભાગ પહેલેથી જ રાષ્ટ્રીય ધોરીમાર્ગ છે. તેમાં પણ ફેરફાર કરવામાં આવી રહ્યા છે. આ હાઈવેના નિર્માણથી આર્થિક ગતિવિધિઓને વેગ મળવાની અપેક્ષા છે.એક્સપ્રેસ વેને વધુ ઉપયોગી બનાવવા માટે 6 લેનનો એક્સેસ કંટ્રોલ રોડ પણ બનાવવામાં આવ્યો છે. કોટપુતલી-અંબાલા ગ્રીનફિલ્ડ કોરિડોરનું નિર્માણ કાર્ય પૂર્ણ થઈ ગયું છે. આ કોરિડોરમાં વાહનો દોડી શકશે. કાર્ગોની સાથે સાથે કાર-બસ પણ પહેલા કરતા ઓછા સમયમાં નક્કી સ્થાને પહોંચી શકશે. દેશભરમાં ઝડપી પરિવહનને પ્રોત્સાહન ...અનુસંધાન પાના નં.06

### અમદાવાદીઓ થઈ જાવ તૈયાર!

## અમદાવાદમાં ટૂંક સમયમાં ફરી જોય રાઈડ હેલિકોપ્ટર સર્વિસનો થશે પ્રારંભ

ગુજરાત | વંદન

અમદાવાદમાં રિવરફ્રન્ટ પર તાજેતરમાં જ 15 કરોડના ખર્ચે બનેલી ક્રૂઝનું લોકાર્પણ અમિત શાહ દ્વારા વર્ચ્યુઅલ કરાવાયુ હતું. આ ક્રુઝમાં પ્રત્યેક વ્યક્તિ દીઠ ડિનરના 2500 રૂપિયા અને લંચના 2000 ભાવ નક્કી કરાયા છે. લગભગ 1.5 કલાક સુધી ક્રુઝની મજા માણી શકાશે. ત્યારે આ સ્થિતિ વચ્ચે સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી પ્રમાણે આગામી ટૂંક સમયમાં ફરી જોય રાઈડ હેલિકોપ્ટર સર્વિસનો પ્રારંભ કરાશે. અને ફરી એખવાર અમદાવાદીઓ આકાશમાંથી અમદાવાદના દર્શન કરી શકશે.



તમને જણાવી દઈએ કે, ગત વર્ષે ૧ જાન્યુઆરીથી જોય રાઈડ હેલિકોપ્ટર સર્વિસનો પ્રારંભ કરાયો હતો. શનિવાર-રવિવાર દરમિયાન જોય રાઈડ હેલિકોપ્ટરમાં ૧૦ મિનિટ સુધી અમદાવાદના પ્રસિદ્ધ સ્થળોની હવાઈ મુલાકાત કરાવાતી હતી. જેમાં રિવરફ્રન્ટ, પતંગ રેસ્ટોરન્ટ, સાબરમતી આશ્રમ, સાબરમતી જેલ, ટોરેન્ટ પાવર, નરેન્દ્ર મોદી સ્ટેડિયમ જેવા સ્થળનો સમાવેશ થતો હતો. પ્રત્યેક મહિને ૯૦૦થી વધુ મુસાફરો નોંધાતા હતા. જોકે, સી પ્લેનની જેમ જોય રાઈડ હેલિકોપ્ટર સર્વિસને પણ માર્ચ મહિનામાં અચાનક બંધ કરી દેવામાં આવી હતી.

સૂત્રોના જણાવ્યા અનુસાર જોય રાઈડ હેલિકોપ્ટર સર્વિસ માટે ટેન્ડર ફાળવણી સહિતની પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે. હવે દિલ્હીથી મંજૂરીની રાહ જોવાઈ રહી છે. હાલની સ્થિતિ પ્રમાણે ૧૫ ઓગસ્ટ સુધીમાં જોય રાઈડ હેલિકોપ્ટર સર્વિસ ફરી શરૂ થઈ શકે છે. જોય રાઈડ હેલિકોપ્ટર સર્વિસ ...અનુસંધાન પાના નં.06

### ગુજરાત માટે આગામી 24 ક્લાક ભારે

## રાજ્યમાં 24 કલાકમાં 188 તાલુકામાં મેઘરાજા મન મુકીને વરસ્યા



ગુજરાત | વંદન

રાજ્યમાં વરસાદનો બીજો રાઉન્ડ શરુ થઈ ગયો છે અને મેઘરાજા મનમુકીને વરસી રહ્યા છે જેના પગલે વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ છે. ગઈકાલે અમદાવાદ સહિત અનેક જગ્યાએ મુશળધાર વરસાદ વરસ્યો હતો. આ સાથે જ રાજ્યમાં છેલ્લા 24 કલાકમાં 188 તાલુકામાં વરસાદ નોંધાયો હતો જેમાં સૌથી વધારે ધંધુકામાં નોંધાયો હતો.

રાજ્યમાં મોટાભાગના જિલ્લાઓમાં અનરાધાર વરસાદ વરસી રહ્યો છે ત્યારે ધંધુકામાં મેઘરાજાએ તોફાની બેટિંગ કરી કરતા ઠેર- ઠેર પાણી ભરાયા હતા. રાજ્યમાં છેલ્લા 24 કલાકમાં 188 તાલુકામાં નોંધાયેલા વરસાદમાં ધંધુકામાં પોણા પાંચ વરસાદ ખાબક્યો હતો ...અનુસંધાન પાના નં.06

## ઈ-કોર્ટની મદદથી કેસોના ત્વરિત નિકાલ આવશે

■ હવે રાજ્યમાં ૨૦ સ્થળોએ ઈ-ચલાણની કાર્યવાહી

ગુજરાત | વંદન

રાજ્યના કાયદા વિભાગ દ્વારા ઈ-ટ્રાફિકની કામગીરીના ભારણને ઓછુ કરવા માટે રાજ્યમાં ૨૦ નવીન ઈ-ટ્રાફિક કોર્ટ શરૂ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

હાલ ફક્ત અમદાવાદ શહેરમાં આવેલી કોર્ટ મારફતે સમગ્ર રાજ્યના ઈ-ટ્રાફિક કોર્ટની ટ્રાયલ ચાલતી હતી તેના પર સુનાવણી અને કાર્યવાહી હાથ ધરાતી હતી. હવે રાજ્યના વિવિધ જિલ્લાઓમાં ૨૦ સ્થળોએ આ ઈ-ટ્રાફિક કોર્ટ કાર્યરત બનતા ઈ-ચલાણ સંદર્ભેની કામગીરી સરળ બનશે. ઈ-ચલણને લગતા કોર્ટની સુનવણી જ્યુડિશયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસની કોર્ટમાં કરવામાં આવશે.આ કોર્ટમાં ઈ- ચલણ સ્વીકારવામાં પણ આવશે. તદ્અનુસાર રાજ્યના નવસારી જીલ્લામાં વધઈ, ખેરગામ,સુબિર જે.એમ. એફ.સી. કોર્ટ ખાતે, અમરેલી જીલ્લામાં લીલીયા,કુકાવાવ અને ખાંભા જે.એમ. એફ.સી. કોર્ટ ખાતે,બનાસકાંઠા માં સુઈગામ અને દાંતા ખાતે,અમદાવાદમાં ધોલેરા ખાતે , સોમનાથમાં વેરાવળ ખાતે અને પંચમહાલ, ભાવનગર,દાહોદ,પોરબંદર,તાપી,ગીર દાહોદ , સુરેન્દ્રનગર, પાટણ, સાબરકાંઠા, જુનાગઢની જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસની કોર્ટમાં પ્રિન્સીપલ જજ દ્વારા ઈ-ટ્રાફિકને લગતા કેસોમાં કાર્યવાહી હાથ ધરવામાં આવશે.અત્રે ઉલ્લેખનીય છે કે ,ચલાણ ઈસ્યુ થયા બાદ ૯૦ દિવસ સુધીમાં ભરવામા ન આવે કોર્ટ દ્વારા વાહનના માલિકને નોટીસ આપીને કાર્યવાહી હાથ ધરવામાં આવે છે.



Venue
102, Arista Business Space 3, Sindhu Bhavan Marg, Opp. HOF Showroom, Ahmedabad, Gujarat 380054
Contact : +91 63573 63574
skincare for your hair
BOTANICAL | SULFATE & PARABEN FREE | CRUELTY FREE